
વર્ષ : ૪૨ ♦ અંક : ૭
જુલાઈ - ૨૦૧૮

Retail Price Rs. 10/- Each

શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી પ્રેરિત

# દિવ્યધ્વનિ

આધ્યાત્મિક મુખપત્ર



બીજું કાંઈ શોધ મા.
માત્ર એક સત્પુરુષને શોધીને
તેનાં ચરણકમળમાં સર્વભાવ
અર્પણ કરી દઈ વર્ત્યો જા.
પછી જો મોક્ષ ન મળે
તો મારી પાસેથી લેજે.

- શ્રીમદ્ રાજચંદ્રજી

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર
(શ્રી સત્શ્રુત - સેવા - સાધના કેન્દ્ર સંચાલિત)
કોબા ૩૮૨ ૦૦૭. (જિ. ગાંધીનગર, ગુજરાત)
ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯, ૨૩૨૭૬૪૮૩-૮૪
E-mail : mail@shrimadkoba.org, Web.: www.shrimadkoba.org

# શ્રી સદ્‌ગુરુ મહિમા

- અજ્ઞાન-અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જાય તે ગુરુ.
- અરિહંતની આજ્ઞાના પાલક અને પ્રચારક તે ગુરુ.
- મુક્તિમાર્ગની ઝળહળતી મશાલ તે ગુરુ.
- અધ્યાત્મના તેજપુંજનો પ્રકાશ પાથરનાર તે ગુરુ.
- પરમપદપંથના પ્રેરણાદાતા એટલે ગુરુ.
- પરમપદના પથદર્શક તે ગુરુ.
- જે ભાવાચાર્ય અને પ્રકૃષ્ટ પ્રજ્ઞાવંત છે તે ગુરુ.
- પતિતને પાવન કરે તે ગુરુ.
- જીવનમાં સંસ્કારનું સિંચન કરીને શુદ્ધતાનું સંવર્ધન કરે તે ગુરુ.
- જીવનપથ પ્રકાશિત કરીને મંજિલ સુધી પહોંચાડે તે ગુરુ.
- ઉરમાં સદ્‌ભાવનાનું સ્પંદન ઉત્પન્ન કરે અને આત્માનું સંરક્ષણ કરે તે ગુરુ.
- ભવજવરથી પીડાતા જીવને રત્નત્રયીનું ઔષધ પ્રદાન કરી ભાવઆરોગ્ય આપે તે ગુરુ.
- જીવને સન્માર્ગ સમજાવી તત્વદષ્ટિ આપે તે ગુરુ.
- શિષ્યના પરમ નિધાનને પ્રગટ કરે તે ગુરુ.
- શિષ્યને જે સહજ શીતળતા અને નિર્મળ ઉજ્જવળતા આપે તે ગુરુ.
- સંસારમાં ડૂબતા જીવોને બોધિનાવથી ઉગારે તે ગુરુ.
- સાધનામાર્ગનું સર્વોત્તમ તત્વ તે ગુરુ.
- કરુણાની સરવાણી અને પ્રેમનો સાગર તે ગુરુ.
- આત્માને સંસારના ચક્રવાતમાંથી ઉગારી અજન્મા બનાવે તે ગુરુ.
- જીવોમાં ધર્મધબકાર ભરવાની ભાવના ધરાવે તે ગુરુ.
- અધ્યાત્મ જગતના જવાહિર એટલે ગુરુ.
- પરિમિત છતાં પથ્યવાણીને પ્રકાશે તે ગુરુ.
- આધ્યાત્મિક અનુભૂતિના અમીરસનું પાન કરાવે તે ગુરુ.
- જેઓ મોહની ધરતીથી અસ્પૃશ્ય છે અને અધ્યાત્મના અસીમ આકાશમાં, ઉડ્ડયનના આનંદની અનુભૂતિના અનુભવી છે તે ગુરુ.
- જેમના વિષે કંઈ કહેવું કે લખવું તે ફૂટપટ્ટીથી હિમાલયને માપવા જેવું છે, તે ગુરુ.
- ઉત્તમના ગુણ ગાવતા, ગુણ આવે નિજ અંગ,<br>ગુણ ગાઇએ ગુરુદેવના, તો પામીએ ગુણ અનંત.
- શિષ્ય પરમ અહોભાવથી બોલી ઉઠે છે –

ઉત્પન્ન, વ્યય અને ધ્રુવતાની ત્રિપદી શાશ્વત છે, એના પર રચાયેલો આ સંસાર તો અસાર છે; ભવનિર્વેદની ભાવધારામાં, ભીંજાયું મારું મન છે, એ ભીંજવનાર ગુરુને, મારા કોટિ કોટિ પ્રણામ છે.

-: પ્રેરક :-

**શ્રદ્ધેયશ્રી આત્માનંદજી**

-: તંત્રી - સંપાદક :-

**શ્રી મિતેશ એ. શાહ**

ફોન : (૦૭૯) ૨૭૫૦૩૬૫૬

-: સ્વત્વાધિકારી :-

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)

-: મુદ્રક-પ્રકાશક :-

**ડૉ. શ્રી શર્મિષ્ઠાબેન એમ. સોનેજી**

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા

-: પ્રકાશન સ્થળ :-

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

કોબા - ૩૮૨ ૦૦૭

ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯

૨૩૨૭ ૬૪૮૩/૮૪

ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨

-: લવાજમ શ્રેણી :-

**ભારતમાં**

ત્રિવાર્ષિક રૂા. ૪૦૦

આજીવન રૂા. ૨૦૦૦

**પરદેશમાં**

By Air Mail

ત્રિ-વાર્ષિક : Rs. 4000

$-80, £-60

આજીવન : Rs. 15000

$-300, £-220


# દિવ્યધ્વનિ

## અનુક્રમણિકા


(૧) શ્રી સદ્ગુરુપ્રસાદ ........... શ્રીમદ્ રાજચંદ્રજી ..... ૫

(૨) સદ્ગુરુનું સ્વરૂપ ........ પૂજ્યશ્રી આત્માનંદજી ..... ૭

(૩) જીવનમાં થતી કર્મોની વાવણી ..............
..................... ડૉ. કુમારપાળ દેસાઈ .... ૧૦

(૪) શ્રી સમાધિતંત્ર અમૃતરસપાન ...............
..................... પ્રા. ચંદાબહેન પંચાલી .... ૧૩

(૫) શ્રી દેવચંદ્રજી ચોવીશી..શ્રી અશોકભાઈ પી. શાહ .... ૧૫

(૬) મુન્યાચાર ...............બા.બ્ર. શ્રી સુરેશજી .... ૨૦

(૭) શ્રી ભક્તામર સ્તોત્ર .... શ્રી મહેન્દ્રભાઈ ખંધાર .... ૨૩

(૮) આત્માની ભાવશક્તિ, અભાવશક્તિ ........
......................... શ્રી વલભજી હીરજી .... ૨૮

(૯) સદ્ગુરુ : સંસ્કૃતિનો આધારસ્થંભ ............
.................... શ્રી ગુણવંત બરવાળિયા .... ૨૯

(૧૦) આધ્યાત્મિક પ્રવચનો પૂ. કેશવલાલજી મહારાજ .... ૩૩

(૧૧) બાળવિભાગ ............ શ્રી મિતેશભાઈ શાહ .... ૩૫

(૧૨) જીવનસૌંદર્ય : દિવાળી પુસ્તિકા .................. ૩૭

(૧૩) સમાજ-સંસ્થા દર્શન ............................ ૩૯



**વર્ષ : ૪૨ જુલાઈ, ૨૦૧૮ અંક - ૭**



**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

**(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)**

**કોબા – ૩૮૨ ૦૦૭ (જિ. ગાંધીનગર, ગુજરાત)**

**ફોન: (૦૭૯)૨૩૨૭૬૨૧૯/૪૮૩/૮૪**

mail@shrimadkoba.org, www.shrimadkoba.org


**Bank Detail : Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra**

**Name of Bank :** Kotak Mahindra Bank

**Branch :** Chandkheda, Ahmedabad - 382424.

**A/c. No. :** 08390020000044 • **IFS Code :** KKBK0000839

## લેખકો / ગ્રાહકો / વાચકોને

☞ 'દિવ્યધ્વનિ' દર મહિને પ્રગટ થાય છે.

☞ કોઈ પણ અંકથી ગ્રાહક થઈ શકાય છે.

☞ ત્રણ વર્ષથી ઓછી મુદતનું લવાજમ સ્વીકારવામાં આવતું નથી.

☞ ચેક/ડ્રાફ્ટ/એમ.ઓ. **'શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા'**ના નામનો મોકલવો.

☞ સહુ સ્વજનો-મિત્રો વધુમાં વધુ ગ્રાહકો નોંધાવીને સહયોગી બને તેવી વિનમ્ર અપેક્ષા છે.

☞ ગ્રાહકોએ પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર અને પૂરું સરનામું અવશ્ય લખવું. ગ્રાહક નંબર સરનામાની ઉપર લખેલો હોય તે નોંધી રાખવા વિનંતી છે.

☞ સરનામામાં ફેરફાર થયાની જાણ તાત્કાલિક કરવા વિનંતી છે.

☞ કોઈપણ લેખ સ્વીકારવો કે ન સ્વીકારવો કે ક્રમશઃ લેવો તેનો સંપાદકશ્રીને સંપૂર્ણ અધિકાર રહેશે.

☞ લેખકોનાં મંતવ્યો સાથે સંપાદકશ્રીનું સહમત હોવું આવશ્યક નથી.

**: મુદ્રણસ્થાન :**
**ભગવતી ઑફસેટ**
૧૫/સી, બંસીધર ઍસ્ટેટ, બારડોલપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪
ફોન : ૨૨૧૬ ૭૬૦૩



# પ્રાર્થના

હે પરમકૃપાળુદેવ !

આ કાળમાં અને આ ભવમાં આપ અમને મળ્યા તે કોઈ પરમ પુણ્યોદયનો અપૂર્વ અવસર અમને પ્રાપ્ત થયો છે. અનંત ભવોમાં અમારા આત્માએ અનંત કર્મો બાંધ્યા અને અનંત દુઃખો ભોગવ્યા. અનાદિકાળથી રઝળતા અમારા તપ્ત આત્માને હવે આપની અમૃતવાણીનો છંટકાવ પરમ શાંતિનો અનુભવ કરાવે છે. જે કર્મો અમે અજ્ઞાનભાવમાં બાંધ્યા હતા તેવા કર્મો આપનું શરણ મળ્યા પછી તો નહીં જ બંધાય એવો વિશ્વાસ હવે અમને આવી ગયો છે. માર્ગ ભૂલેલાઓને સાચો માર્ગ મળી ગયો છે, પંથ ભૂલેલાઓને સાચા પથદર્શક મળી ગયા છે ને જીવોનું કલ્યાણ કરવાને માટે આપ અમને કલ્પવૃક્ષ મળી ગયા છો. વધારે શું કહીએ ? આ વિષમ કળિકાળમાં આપ અમને પરમવિશ્રાંતિનું ધામ મળ્યા છો. અમારા મનમાં આપને માટે પરમ પરમ અહોભાવ આવે છે, અને અંતરમાંથી ''અહો કૃપાળુ ! અહો કૃપાળુ !'' એવા ઉદ્ગારો સરી પડે છે.


આપના દર્શન અને વંદન અમારા પાપોનો નાશ કરવાને સમર્થ છે, તો આપનું જીવન અમારા માટે શ્રેષ્ઠ સંદેશ છે અને આપનું નામસ્મરણ અમારે માટે કલ્યાણનું કારણ છે. વારંવાર આ બધી વાતો, આવા ભાવો અમારા અંતરમાં ઉભરાયા કરે છે અને કહેવાનું મન થાય છે કે –

અહો કૃપાળુ ! અહો કૃપાળુ ! અમને મળ્યા છો કેવા કૃપાળુ !
શરણમાં લેજો દેવ કૃપાળુ, દેજો ચરણની સેવ કૃપાળુ,
દેવદુર્લભ પરમકૃપાળુ, દેજો આશિષ દેવ કૃપાળુ !
તરીએ આ સંસાર કૃપાળુ, કરીએ ભવનો પાર કૃપાળુ.

**॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥**

# શ્રી સદ્‌ગુરુપ્રસાદ

## શ્રીમદ્ રાજચંદ્રજી



**પત્રાંક ૩૭૫**

**મુંબઈ, વૈશાખ, ૧૯૪૮**

જિનાગમ છે તે ઉપશમસ્વરૂપ છે. ઉપશમસ્વરૂપ એવા પુરુષોએ ઉપશમને અર્થે તે પ્રરૂપ્યાં છે, ઉપદેશ્યાં છે. તે ઉપશમ આત્માર્થે છે, અન્ય કોઈ પ્રયોજન અર્થે નથી. આત્માર્થમાં જો તેનું આરાધન કરવામાં ન આવ્યું, તો તે જિનાગમનું શ્રવણ, વાંચન નિષ્ફળરૂપ છે; એ વાર્તા અમને તો નિઃસંદેહ યથાર્થ લાગે છે.

દુઃખની નિવૃત્તિને સર્વ જીવ ઇચ્છે છે, અને દુઃખની નિવૃત્તિ દુઃખ જેનાથી જન્મ પામે છે એવા રાગ, દ્વેષ અને અજ્ઞાનાદિ દોષની નિવૃત્તિ થયા વિના, થવી સંભવતી નથી. તે રાગાદિની નિવૃત્તિ એક આત્મજ્ઞાન સિવાય બીજા કોઈ પ્રકારે ભૂતકાળમાં થઈ નથી, વર્તમાનકાળમાં થતી નથી, ભવિષ્યકાળમાં થઈ શકે તેમ નથી. એમ સર્વ જ્ઞાનીપુરુષોને ભાસ્યું છે. માટે તે આત્મજ્ઞાન જીવને પ્રયોજનરૂપ છે. તેનો સર્વશ્રેષ્ઠ ઉપાય સદ્‌ગુરુવચનનું શ્રવણવું કે સત્શાસ્ત્રનું વિચારવું એ છે. જે કોઈ જીવ દુઃખની નિવૃત્તિ ઇચ્છતો હોય, સર્વથા દુઃખથી મુક્તપણું તેને પ્રાપ્ત કરવું હોય તેને એ જ એક માર્ગ આરાધ્યા સિવાય અન્ય બીજો કોઈ ઉપાય નથી. માટે જીવે સર્વ પ્રકારનાં મતમતાંતરનો, કુળધર્મનો, લોકસંજ્ઞારૂપ ધર્મનો, ઓઘસંજ્ઞારૂપ ધર્મનો ઉદાસભાવ ભજી એક આત્મવિચાર કર્તવ્યરૂપ ધર્મ ભજવો યોગ્ય છે.

એક મોટી નિશ્ચયની વાર્તા તો મુમુક્ષુ જીવે એ જ કરવી યોગ્ય છે કે સત્સંગ જેવું કલ્યાણનું કોઈ બળવાન કારણ નથી, અને તે સત્સંગમાં નિરંતર સમય સમય નિવાસ ઇચ્છવો, અસત્સંગનું ક્ષણે ક્ષણે વિપરિણામ વિચારવું, એ શ્રેયરૂપ છે. બહુ બહુ કરીને આ વાર્તા અનુભવમાં આણવા જેવી છે.

યથાપ્રારબ્ધ સ્થિતિ છે એટલે બળવાન ઉપાધિયોગે વિષમતા આવતી નથી. કંટાળો અત્યંત આવી જતાં છતાં ઉપશમનું, સમાધિનું યથારૂપ રહેવું થાય છે; તથાપિ નિરંતર ચિત્તમાં સત્સંગની ભાવના વર્ત્યા કરે છે. સત્સંગનું અત્યંત માહાત્મ્ય પૂર્વભવે વેદન કર્યું છે; તે ફરી ફરી સ્મૃતિરૂપ થાય છે અને નિરંતર અભંગપણે તે ભાવના સ્ફુરિત રહ્યા કરે છે.

જ્યાં સુધી આ ઉપાધિયોગનો ઉદય છે ત્યાં સુધી સમવસ્થાને તે નિર્વાહવો એવું પ્રારબ્ધ છે, તથાપિ જે કાળ જાય છે તે તેના ત્યાગના ભાવમાં ઘણું કરી ગયા કરે છે.

નિવૃત્તિ જેવાં ક્ષેત્રે ચિત્તસ્થિરતાએ હાલ 'સૂત્રકૃતાંગસૂત્ર'નું શ્રવણ કરવા ઇચ્છા હોય તો કરવામાં બાધા નથી. માત્ર જીવને ઉપશમાર્થે તે કરવું યોગ્ય છે. કયા મતનું વિશેષપણું છે, કયા મતનું ન્યૂનપણું છે, એવા અન્યાર્થમાં પડવા અર્થે તેમ કરવું યોગ્ય નથી. તે 'સૂત્રકૃતાંગ'ની રચના જે પુરુષોએ કરી છે, તે આત્મસ્વરૂપ પુરુષ હતા, એવો અમારો નિશ્ચય છે.

'આ કર્મરૂપ કલેશ જે જીવને પ્રાપ્ત થયો છે તે કેમ ત્રુટે ?' એવું પ્રશ્ન મુમુક્ષુ શિષ્યને ઉદ્‌ભવ કરી 'બોધ પામવાથી ત્રુટે' એવું તે 'સૂત્રકૃતાંગ'નું

પ્રથમ વાક્ય છે. 'તે બંધન શું ? અને શું જાણવાથી તે ત્રુટે ?' એવું બીજું પ્રશ્ન ત્યાં શિષ્યને સંભવે છે અને તે બંધન વીરસ્વામીએ શા પ્રકારે કહ્યું છે ? એવા વાક્યથી તે પ્રશ્ન મૂક્યું છે; અર્થાત્ શિષ્યના પ્રશ્નમાં તે વાક્ય મૂકી ગ્રંથકાર એમ કહે છે કે, આત્મસ્વરૂપ એવા શ્રી વીરસ્વામીનું કહેલું તમને કહીશું; કેમ કે આત્મસ્વરૂપ પુરુષ આત્મસ્વરૂપાર્થે અત્યંત પ્રતીતિ યોગ્ય છે. તે બંધનનું સ્વરૂપ ત્યાર પછી ગ્રંથકાર કહે છે તે ફરી ફરી વિચારવા યોગ્ય છે. ત્યાર પછી તેના વિશેષ વિચારે ગ્રંથકારને સ્મૃતિ થઈ કે આ જે સમાધિમાર્ગ તે આત્માના નિશ્ચય વિના ઘટે નહીં, અને જગતવાસી જીવોએ અજ્ઞાની ઉપદેશકોથી જીવનું સ્વરૂપ અન્યથા જાણી, કલ્યાણનું સ્વરૂપ અન્યથા જાણી, અન્યથાનો યથાર્થપણે નિશ્ચય કર્યો છે; તે નિશ્ચયનો ભંગ થયા વિના, તે નિશ્ચયમાં સંદેહ પડ્યા વિના, અમે જે અનુભવ્યો છે એવો સમાધિમાર્ગ, તેમને કોઈ પ્રકારે સંભળાવ્યો શી રીતે ફળીભૂત થશે ? એવું જાણી ગ્રંથકાર કહે છે કે, 'આવા માર્ગનો ત્યાગ કરી કોઈ એક શ્રમણ બ્રાહ્મણ અજાણપણે, વગર વિચાર્યે, અન્યથા પ્રકારે માર્ગ કહે છે' એમ કહેતા હતા. તે અન્યથા પ્રકાર પછી ગ્રંથકાર નિવેદન કરે છે, કે પંચમહાભૂતનું જ કોઈ અસ્તિત્વ માને છે, આત્માનું ઉત્પન્ન થવું તેથી માને છે, જેમ ઘટતું નથી. એમ જણાવી આત્માનું નિત્યપણું પ્રતિપાદન કરે છે. જો જીવે પોતાનું નિત્યપણું જાણ્યું નથી, તો પછી નિર્વાણનું પ્રયત્ન શા અર્થે થાય ? એવો અભિપ્રાય કરી નિત્યતા દર્શાવી છે. ત્યાર પછી ભિન્ન ભિન્ન પ્રકારે કલ્પિત અભિપ્રાય દર્શાવી યથાર્થ અભિપ્રાયનો બોધ કરી, યથાર્થ માર્ગ વિના છૂટકો નથી, ગર્ભપણું ટળે નહીં, જન્મ ટળે નહીં, મરણ ટળે નહીં, દુઃખ ટળે નહીં, આધિ, વ્યાધિ, ઉપાધિ કંઈ ટળે નહીં; અને અમે ઉપર જે કહી આવ્યા છીએ એવા મતવાદીઓ તે સૌ તેવા પ્રકારને વિષે વસ્યા છે, કે જેથી જન્મ જરા મરણાદિનો નાશ થાય નહીં; એવો વિશેષ ઉપદેશરૂપ આગ્રહ કરી પ્રથમાધ્યયન સમાપ્ત કર્યું છે. ત્યાર પછી અનુક્રમે તેથી વર્ધમાન પરિણામે ઉપશમ-કલ્યાણ-આત્માર્થ બોધ્યો છે. તે લક્ષમાં રાખી વાંચન, શ્રવણ ઘટે છે. કુળધર્માર્થે 'સૂત્રકૃતાંગ'નું વાંચન, શ્રવણ નિષ્ફળ છે.

• • •

## વાચકનો પ્રતિભાવ

સ્નેહીશ્રી મિતેશભાઈ,

નમોનમઃ, જય જિનેન્દ્ર !

આજે 'દિવ્યધ્વનિ' જૂન મહિનાનો અંક મળ્યો. વાંચીને આનંદ થયો. ખૂબ વિચારણીય અને ચિંતનીય ભાથું તેમાં છે. તેમાં 'બાળવિભાગ'માં આપે જે ત્રણ ઉદાહરણ આપ્યા છે, તે ખૂબ જ પ્રેરણાદાયી છે. બાળકો, યુવાનો અને યુવતીઓ માટે ખૂબ જ હિંતચિંતન સાથે પ્રેરણારૂપ બનશે. શ્રાવક-શ્રાવિકાઓ અને અન્ય શ્રદ્ધેય વાચકોએ પણ તે વાંચીને પોતાના બાળકોને વંચાવવા જેવા છે. આવું સદ્વાંચન જ બાળક માટે સંસ્કરણ બની રહે છે. આવું સાહિત્ય લખતા રહેશો અને પ્રકાશિત કરતા રહેશો. 'દિવ્યધ્વનિ' માનવજીવનને ઉત્કૃષ્ટતા તરફ દોરી જવા માટેનું માર્ગદર્શક છે. દીવાદાંડી છે. ધન્યવાદ.

**- મંગળભાઈ જે. શાહ**

માનદ્ નિયામક, તપોવન સંસ્કારપીઠ વિદ્યાલય, અમિયાપુર

# સદ્‌ગુરુનું સ્વરૂપ

**પરમ શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી**



સંસારમાં લોકોને જેમ ઘરડાં થાય એટલે લાકડી લેવી પડે છે, તેમ મોક્ષમાર્ગમાં તો પ્રારંભથી જ અવલંબન લેવું પડે છે. મુમુક્ષુને પ્રથમ ભૂમિકામાં આત્મકલ્યાણના પરમહેતુરૂપ એવા આ ત્રણ અવલંબન તત્ત્વ ભગવાન કહે છે - સત્‌દેવ, સદ્‌ગુરુ અને સત્‌ધર્મ. સમસ્ત મોક્ષમાર્ગનાં વિકાસનો ક્રમ જ એવો છે કે પ્રથમ વિશેષ આલંબન, પછી ઓછું આલંબન, પછી ખૂબ ઓછું આલંબન અને છેલ્લે નિરાલંબન.

બનારસ તે વિદ્યાનું ધામ છે, ત્યાં વિદેશના એક વિદ્વાન પંડિત આવ્યા. તે બધાને મળ્યા પછી તેમણે કહ્યું કે જૈનદર્શન વિષે મારે વિશેષ જ્ઞાન પ્રાપ્ત કરવું છે, પણ મને કોઈ કહે કે જૈનધર્મ એટલે શું ? ત્યારે ત્યાંના કોઈ એક મોટા પંડિતે આખા જૈન ધર્મને એક જ વાક્યમાં સમજાવ્યો, ‘‘જૈન ધર્મ (વીતરાગ દર્શન) એટલે વધતી વધતી સ્વાધીનતાના અભ્યાસ દ્વારા સંપૂર્ણ સ્વતંત્ર થવાનો માર્ગ.’’

શ્રાવકના વ્રત અને મુનિના વ્રત તે આપણને એમ સમજાવે છે કે મારે કશાની જરૂરત નથી. એટલે આપણે ‘અપૂર્વ અવસર’માં બોલીએ છીએ,

‘‘સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને,
વિચરશું કવ મહત્પુરુષને પંથ જો ?’’

આપણે કેવાં ગુરુમાં વિશ્વાસ કરવો ? તો ગુરુને ઓળખવા માટે આત્માર્થપણું જોઈશે. જો પોતાનામાં સાચી જિજ્ઞાસા નહિ હોય તો ગુરુ કોઈ દિવસ ઓળખાવાના નથી. માટે પહેલા આત્માર્થી બનો. આત્માના ઇચ્છક બનો તો ધીરે ધીરે ગુરુની ઓળખાણ થશે.

દરેક વસ્તુનું વીતરાગદર્શનમાં લક્ષણ છે. લક્ષણ એટલે જેના દ્વારા વસ્તુની ઓળખાણ થાય. તો ગુરુનું લક્ષણ શું ? ગુરુમાં કેવા ગુણો હોવા જરૂરી છે ? અહીં આપણે ગુરુના પાંચ ગુણો વિશે વિચારણા કરીશું :

(૧) આત્મજ્ઞાન, (૨) સમદર્શિતા, (૩) વિચરે ઉદય પ્રયોગ, (૪) અપૂર્વવાણી, (૫) પરમ શ્રુત.

આવા ગુણો જે ધર્માત્મામાં હોય તે પોતે તરે છે અને તેમનો આશ્રય યથાર્થપણે લેનારાને પણ તારે છે.

શ્રી રામકૃષ્ણ પરમહંસ એક દાખલો આપતા કે બ્રહ્મપુત્રા અને ગંગા જેવી મોટી નદીઓમાં જો પૂર આવે તો આસામના જંગલોના ૨૦૦ થી ૩૦૦ ફૂટ ઊંચા ઝાડ તણાઈ જાય, એવે વખતે કોઈ ડૂબતો માણસ આ ઝાડના થડને પકડી લે તો તે તરી જાય છે. પણ જો કોઈ નાની નાની ડાળીઓને પકડે તો પોતે પણ ડૂબે અને જે નાની-નાની ડાળીઓ હોય તે પણ ડૂબી જાય.

### (૧) આત્મજ્ઞાન :

આત્મા એટલે આપણું શુદ્ધ સ્વરૂપ અને જ્ઞાન એટલે સ્વસંવેદનજ્ઞાન. તે ધર્માત્મા કે જેમને અંતરમાં નક્કી થયું છે કે હું કોણ છું એટલે મારું સાચું શુદ્ધ સ્વરૂપ શું છે. એવું તેમના અંતરમાં જ્ઞાન થયું છે. અને તે જ્ઞાન કોઈ બાહ્ય પદાર્થના અવલંબનથી સાક્ષાત્‌પણે થતું નથી. આત્મા એવો પદાર્થ છે કે તેનું જો જ્ઞાન કરવું હોય તો આત્માનું જ અવલંબન લેવું પડે. જ્યાં સુધી બાહ્ય પદાર્થનું અવલંબન લઈએ

ત્યાં સુધી આત્માનું જ્ઞાન થતું નથી અને આત્મા સાથે એકતાન થયા વિના આત્મજ્ઞાન પ્રગટે નહીં. આવા ગુરુને સ્વરૂપનું જ્ઞાન છે એવું કેવી રીતે ખબર પડે ? તો તેના માટે જ્ઞાનના ચાર લક્ષણો કહ્યાં છે : (i) વૃત્તિ બાહ્યમાં જતી રોકાય, (ii) સાચાને સાચું જાણે, (iii) સંસાર પરથી ખરેખર પ્રીતિ ઘટે, (iv) આત્મામાં ક્ષમાદિ ગુણો પ્રગટે.

**(i) વૃત્તિ બાહ્યમાં જતી રોકાય :** જેને આત્મજ્ઞાન થયું હોય એને દુનિયાની વસ્તુ જોવી, જાણવી, નાની નાની વસ્તુમાં રસ લેવો એવું બધું થતું નથી, કારણ કે અંદરથી આત્માની તૃપ્તિ તેને આ બધામાં જતાં રોકે છે. તેને દુનિયા પ્રત્યે કુતૂહલબુદ્ધિ થતી નથી.

**(ii) સાચાને સાચું જાણે :** આખી દુનિયા જેવું માને છે, તેનાથી ઊંધુ માને તેનું નામ આત્મજ્ઞાની. જગતના જીવો બાહ્ય પદાર્થથી લાભ-હાનિ માને છે. જ્ઞાની કહે છે કે બાહ્ય પદાર્થથી લાભ-હાનિ નથી. મારા સ્વભાવથી, શુદ્ધભાવથી મારો લાભ છે અને મારા વિભાવથી, વિકારથી, પાપભાવથી મારી હાનિ છે. મારા લાભ-હાનિ બીજા કોઈ અન્ય પદાર્થો કે લોકોને આધીન નથી. આપણે શરીર, કીર્તિ, બંગલો વગેરેને સાચા માન્યા છે. જ્ઞાની કહે છે કે આ બધું હોય તો ભલે હોય અને ન હોય તો ભલે ન હોય, પણ હું મારા 'ભાવ' બગાડીશ નહીં. સાચા તો જગતમાં સદ્‌ગુરુદેવ છે અને બીજો આત્મા છે. આ સિવાય બીજું બધું સમજ્યા જેવું છે.

**(iii) સંસાર પરથી ખરેખર પ્રીતિ ઘટે :** જેને આત્મામાં ઘણી મજા આવે એને પછી ત્યાંથી ને ત્યાંથી જ આનંદ લેવાનું મન થાય અને બીજા જગતના પદાર્થો પરથી તેની પ્રીતિ ઓસરતી જાય. તેને સિદ્ધાંતમાં ગુણસ્થાનઆરોહણ કહે છે. સમ્યક્‌દૃષ્ટિ હોય તે વ્રત લે છે અને સમ્યક્‌દૃષ્ટિ હોય તેવા શ્રાવક મહાવ્રત લે છે અને મહાવ્રત લીધા છે તેવા મુનિ એકલવિહારી થવાનો પ્રયત્ન કરે છે.

**(iv) આત્મામાં ક્ષમાદિ ગુણો પ્રગટે :** ગુણ-દોષને આપણે તથા બીજા પણ જાણી શકે છે. આપણને ક્રોધ વધારે થાય તો લોકોને ખબર પડ્યા વિના રહે નહિ. જેમ જેમ આત્માની નજીક આવતા જઈએ તેમ તેમ ક્ષમાદિ ગુણો આપણામાં આવતા જાય. માટે તમે જેનું શરણ લો તેમને આત્મજ્ઞાન થયેલું હોવું જોઈએ. હવે આત્મજ્ઞાનનું ફળ શું ? તો તે નીચે મુજબ છે.

### (૨) સમદર્શિતા :

જ્ઞાનનું ફળ સિદ્ધાંતથી વિરતિ (વૈરાગ્ય) છે. એટલે જેને આત્મજ્ઞાન થાય તેને વધતા-ઓછા પ્રમાણમાં સમતા હોય. સમતા એટલે ચાલશે, ફાવશે, ભાવશે અને ગમશે. એનો અર્થ છે કે જ્ઞાની અંદરના વિકલ્પો જ્ઞાન દ્વારા હટાવે છે. પણ તેવું થાય ક્યારે ? તો જ્યારે અંદરના ચૈતન્ય તરફ તેઓ ઝૂકે તો તેમના સંકલ્પ-વિકલ્પ જાય. એવા ચૈતન્યમાં રહેવું તે સમદર્શિતા છે. વેદાંતમાં તેને દ્વંદ્વરહિતપણું કહે છે. લાભ-હાનિ, ઠંડી-ગરમી જેવી અનુકૂળ કે પ્રતિકૂળ પરિસ્થિતિમાં જેને સંકલ્પ-વિકલ્પ થતા નથી તેને સમતા કહે છે.

### (૩) વિચરે ઉદયપ્રયોગ :

તેમને કોઈ સ્થાયી ઘર હોતું નથી. સાધુ તો ચલતા ભલા, સબ ભૂમિ ગોપાલ કી એમ કહે છે. જેઓ મહાન ધર્માત્મા હોય છે, તેઓ કોઈ જગ્યા કે ક્ષેત્રના આગ્રહી હોતા નથી.

"દ્રવ્ય ક્ષેત્ર ને કાળ ભાવ પ્રતિબંધ વણ,
વિચરવું ઉદયાધીન પણ વીતલોભ જો,
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?
ક્યારે થઈશું બાહ્યાંતર નિગ્રંથ જો ?"

## (૪) અપૂર્વવાણી, (૫) પરમશ્રુત :

જો અપૂર્વવાણી હોય તો જ પરમશ્રુત હોય અને જો પરમશ્રુત હોય તો જ અપૂર્વવાણી હોય. તે બન્ને એકબીજા સાથે સંકળાયેલા છે. કોઈ ધર્માત્માને અપૂર્વવાણી કે પરમશ્રુત છે કે નહીં તેની ખબર કેવી રીતે પડે ? તો તેના માટે નીચેના લક્ષણ કહ્યાં છે : (i) પૂર્વાપર અવિરુદ્ધ, (ii) એકાંત આત્માર્થબોધક, (iii) સર્વ નયોને સ્વીકારવા છતાં શુદ્ધાત્માનો બોધ કરનારી, (iv) અનુભવજન્ય.

**(i) પૂર્વાપર અવિરુદ્ધ :** એમની વાણી એવી છે કે આજે જે બોધ આપ્યો હોય તે બોધ ૫૦ વર્ષે પણ એવોને એવો જ હોય. આજે કંઈક કહે અને ૧૦ વર્ષ પછી બીજું કંઈક કહે તેવું ન હોય, તે પૂર્વાપર અવિરુદ્ધ છે. તે એકસરખી પ્રવહે છે.

**(ii) એકાંત આત્માર્થબોધક :** જ્ઞાનીની વાણી આત્મા તરફ લઈ જનારી છે. ગમે તે વિષય ચાલતો હોય - તેઓ ભગવાનનું ચરિત્ર આપણને સમજાવતા હોય તો પણ તેઓ ભગવાનના ચરિત્ર પરથી એમ સમજાવા માંગે છે કે જેમ ભગવાન ભગવાન થયા તેમ તું પણ ભગવાન થવાનો પ્રયત્ન કર. તેઓ ગમે તે વિષયનો સ્પર્શ કરે તો પણ આત્મા ઉપર જ આવીને ઊભા રહે છે. આત્માનો અર્થ અનંત આનંદ અને અનંત જ્ઞાન. આનંદ તે જ્ઞાન વગર પ્રાપ્ત થતો નથી.

**(iii) સર્વ નયોને સ્વીકારવા છતાં શુદ્ધાત્માનો બોધ કરનારી :** પોતપોતાની અપેક્ષાએ બધા નય સાચા છે, પરંતુ તે નય છે તે બધા એક આત્મા તરફ લઈ જાય છે. માટે આપણે જો શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રની ભાષામાં વિચારીએ તો શરૂઆતથી જ આ ચાલુ થાય છે,

''જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ;
ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ.''

અને આગળ કહે છે કે,

''ઉપાદાનનું નામ લઈ, એ જે તજે નિમિત્ત;
પામે નહિ સિદ્ધત્વને, રહે ભ્રાંતિમાં સ્થિત.''

''નય નિશ્ચય એકાંતથી, આમાં નથી કહેલ;
એકાંતે વ્યવહાર નહિ, બન્ને સાથ રહેલ.''

જ્યાં વ્યવહારની જરૂર છે ત્યાં વ્યવહારનો સ્વીકાર છે, જ્યાં નિશ્ચયની જરૂર છે ત્યાં નિશ્ચયનો સ્વીકાર છે. કોઈપણ નયનો જ્યાં આગ્રહ છે ત્યાં મોક્ષમાર્ગ નથી. મોક્ષમાર્ગ આગ્રહમાં નથી પણ મોક્ષમાર્ગ આત્મા પ્રત્યે વળવામાં છે.

**(iv) અનુભવજન્ય છે :** તેમની વાણી ગોખેલી કે તૈયાર કરેલી નથી. તે અનુભવજન્ય છે. મહાપુરુષોની જે વાણી છે તે તેમના આત્માની પ્રસન્નતાનો અતિરેક છે માટે તે અંતરંગમાંથી આવેલા પ્રસાદરૂપ છે. તેનો અનાદર ન કરવો. કોઈક જ વાર જીવને સત્પુરુષનો ભેટો કળિયુગમાં થાય છે કારણકે આ કાળમાં સાચા જિજ્ઞાસુ અને સદ્‌ગુરુ બન્નેનો દુકાળ છે.

''હાટ હાટ હીરા નહિ, કંચન કા ન પહાર;
સિંહનકા ટોલા નહિ, સંત વિરલ સંસાર.''

જિજ્ઞાસુ જીવ અને સદ્‌ગુરુનો ભેટો થયા વિના આત્મજ્ઞાન થાય નહિ. શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રમાં તેના માટે કહ્યું છે કે,

''તે જિજ્ઞાસુ જીવને, થાયે સદ્‌ગુરુ બોધ;
તો પામે સમકિતને, વર્તે અંતરશોધ.''

આવા સદ્‌ગુરુની પ્રથમ તો આપણે ઓળખાણ કરવી, પછી આપણને તેમની ખાતરી થાય તો પછી તેમની પાછળ લાગી જવું અને તેમનો આપણે આશ્રય લેવો. સદ્‌ગુરુ તે કોઈ વ્યક્તિ નથી, તેઓ શુદ્ધાત્મા છે અને જેવો તેમનો શુદ્ધાત્મા છે તેવો

**(અનુસંધાન પાના નં. ૩૪ પર...)**

પરમનો સ્પર્શ - ૯૯

# જીવનમાં થતી કર્મોની વાવણી

પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ

આખુંય આકાશ આંખોમાં ભરી લઈને વિરાટનો ભેદ ઉકેલતા હોય તેમ સંત કબીર વિરચિત 'બીજક'માં અંધશ્રદ્ધામાં ઘેરાયેલા સમાજને ચાબખા મારવાથી માંડીને ધ્યાન, યોગ અને અધ્યાત્મની ઉચ્ચ ભૂમિકાના દર્શન થાય છે. ભારતીય સંત પરંપરામાં સંત કબીર એક એવા સંત છે કે જે રમતાં રમતાં, ક્યારેક હસતાં હસતાં કે પછી કોઈ ઘરઘથ્થુ દૃષ્ટાંત આપીને ગહન સત્યનું પ્રાગટ્ય કરતા હોય છે. વળી, સરળ અને સુગમ શબ્દો પ્રયોજીને એ અગમને પકડે છે.

સંત કબીરના 'બીજક'નું નવમું પ્રકરણ છે 'બિરહુલી' અને આ બિરહુલી એટલે શું ? 'બિરહુલી' એટલે વિરહિણી. પણ એ વિરહી કેવો ? સામાન્ય રીતે તો 'બિરહુલા'નો અર્થ 'સાપ' અને બિરહુલીનો અર્થ 'સાપણ' થાય છે, પણ અહીં તો 'બિરહુલી' શબ્દ એ વિરહ રૂપી સાપ દ્વારા દંશ પામવાને કારણે પીડિત એવા વિરહી ભક્તને માટે છે.

આ વિરહી ભક્ત પોતે પરમાત્માની ખોજમાં નીકળ્યો છે. એના વિયોગથી અત્યંત પીડિત રહે છે. એની પીડાના દર્દને એ વારંવાર વર્ણવે છે ! ક્યારેક એ વિરહની વેદનામાં પરમાત્માને આજીજી કરે છે, તો ક્યારેક પરમાત્માને કાજે હૃદયપૂર્વક આક્રંદ કરે છે. આત્માએ કોઈ વિરહિણી પ્રિયતમાની માફક પ્રિયતમ પરમાત્માને મેળવવા માટે ઠેરઠેર ભટકવાનું નથી, એને બહારના જગતમાં દોડવાનું નથી, કારણ કે ભીતરમાં રહેલા પરમાત્માને પ્રાપ્ત કરવા માટે બહારની દોડ વ્યર્થ છે.

ભીતરમાં વસતો પરમાત્મા ક્યાંથી તમને બહાર મળવાનો છે ? પરમાત્માના વિયોગની વાતો કરનારા એક ભ્રમમાં જીવે છે. એને પોકારી-પોકારીને બોલાવનારા હવાઈ કલ્પનામાં રાચે છે. એને માટે જાણે તરફડતા હોય એમ જીવનારા મિથ્યાજીવન જીવે છે. કારણ શું ? કારણ એટલું જ છે કે વ્યક્તિ પોતે પોતાના સ્વરૂપને સમજવાને બદલે બહારની દુનિયામાં ભટકે છે. એ નિજસ્વરૂપને જોવાને બદલે પરપદાર્થોમાં રુચિ ધરાવે છે. આને પરિણામે એ એના નિજસ્વરૂપથી દૂર ને દૂર જતો જાય છે.

હકીકતમાં આત્મામાં જ પરમાત્મા છુપાયેલો હોવાથી પહેલી વાત તો એ છે કે બહાર કોઈ શોધ કરવાની જરૂર નથી. જેની શોધ કરવાની ન હોય, તેનો વિરહ ક્યાંથી સંભવે ? જે તમારી નિકટમાં ભીતરમાં વસે છે, એને કઈ રીતે બહાર હોવાનું માનીને એનો વિયોગ કે વિરહ અનુભવી શકાય ?

સંત કબીર એમની 'બિરહુલી'માં વેદનાથી તરફડતા અને પરમાત્માની પ્રાપ્તિ કરવા માટે વિરહની અવસ્થા દાખવતા ભક્તની ભક્તિની વ્યર્થતા બતાવે છે. જ્યાં સુધી બાહ્ય જગત અને બાહ્ય પદાર્થો વ્યક્તિને દેખાય છે, ત્યાં સુધી એને એની આંતરિક શક્તિ કે એનામાં વસેલા આંતરિક તત્ત્વનો કોઈ અહેસાસ થતો નથી. એને માટે વ્યક્તિએ સમજવું જોઈએ કે બાહ્યજગત એને કશું આપી શકે એમ નથી. એ બહાર ગમે તેટલું ભટકશે, તો પણ એને પ્રાપ્તિ થઈ શકે તેમ નથી. એને બદલે વ્યક્તિએ પોતાના સ્વરૂપને સમજવા પ્રયત્ન કરવો જોઈએ અને આ સ્વરૂપ છે કેવું ? આ સ્વરૂપ સ્વયં પૂર્ણકામ છે, એમાં જ પરમાત્મા વસેલો છે. આવા

સ્વરૂપનો ખ્યાલ આપતા સંત કબીર કહે છે,

'આદિ અંત નહિ હોતે બિરહુલી ।
નહિ જર પલ્લવ ડાર બિરહુલી ॥૧॥
નિશિ-બાસર નહિ હોતે બિરહુલી ।
પૌન પાનિ નહિ મૂલ બિરહુલી ॥૨॥'

સંત કબીર જીવને ઉદ્દેશીને કહે છે કે તારો કોઈ આદિ કે અંત નથી. તારી ક્યારેય શરૂઆત થઈ નથી અને તારો ક્યારેય અંત આવવાનો નથી. તું શાશ્વત છે અને શાશ્વત રહીશ. તું અનાદિ અને અનંત છે. તારું કોઈ બીજું મૂળ નથી અને તું પણ કોઈ બીજાનું મૂળ નથી. નથી કોઈ તારી શાખા કે નથી કૂંપળો. આ રીતે સંત કબીરના કહેવા પ્રમાણે તારામાં જ સઘળું સમાયેલું છે. તું જ અનાદિ અને અનંત છે, અજર અને અમર છે, નિત્ય અને શુદ્ધ - બુદ્ધ છે.

જૈન ધર્મના આગમ શ્રી આચારાંગસૂત્રમાં કહ્યું છે, 'આત્મા એ વિજ્ઞાતા છે અને જે વિજ્ઞાતા છે એ જ આત્મા છે' અને 'કઠોપનિષદ'ના ઋષિએ પણ દર્શાવ્યું છે, "જ્ઞાનવાનનો આત્મા એ નિત્ય, શાશ્વત અને અજન્મા છે." શરીર નષ્ટ થવા છતાં એ નષ્ટ થતો નથી. આ રીતે જીવથી અલગ એવો કોઈ પરમાત્મા નથી એમ કહીને એની શાશ્વતતાનો મહિમાગાન કરે છે.

એ જ રીતે કહે છે કે રાત (નિશિ), દિવસ (બાસર), પવન (પૌન), પાણી (પાનિ) તથા બીજ (મૂલ) કોઈ જ તારા સ્વરૂપમાં નથી. દેહ અને ઇન્દ્રિય નાશવંત અને ચંચળતાયુક્ત છે. એને કારણે જ વ્યક્તિને રાત અને દિવસનો બોધ થાય છે, પરંતુ શુદ્ધ ચેતન સાથે આ મન કે ઇન્દ્રિયનો કોઈ સંબંધ નથી. કારણ શું ? શું સાધકને રાતદિવસ હોતા નથી ? શું સાધકને પવન, પાણીનો ખ્યાલ આવતો નથી ? શું સાધક સંસારની વસ્તુઓને જોતો નથી ?

સંત કબીર કહે છે કે નિર્વિકલ્પ સમાધિમાં લીન સાધકને આવો કોઈ બાહ્ય અનુભવ હોતો નથી. એ તો શુદ્ધ ચેતનમાં રાત-દિવસ વસતો હોય છે. શુદ્ધ ચેતન ઇન્દ્રિયોના સઘળા વિકારોથી જુદું છે અને એ જડ દૃશ્યથી રહિત છે. આમ, સંત કબીર પહેલી પંક્તિમાં અજર, અમર અને અખંડ એવા આત્માની વાત કરે છે અને પછી એ કહે છે કે જ્યારે આત્મા ભીતરમાં જ હોય, ત્યારે વ્યક્તિ કઈ રીતે એનાથી વિખૂટો પડી શકે છે. આત્મા એની અંદર જ વસતો હોય, તો પછી બીજી ભૌતિક ચીજવસ્તુઓ એને શોધવાની જરૂર શી પડે ? હકીકતમાં જીવે વિરહ કરવાની કોઈ જરૂર નથી, કારણ કે એનો આત્મા એનાથી વિખૂટો પડ્યો નથી અને એ અખંડ ચેતન સ્વરૂપ આત્મજ્યોતિ સદૈવ પ્રજ્વલિત હોય છે.

આત્માના આ અખંડ નિર્વિકારી તેમજ પૂર્ણકામ સ્વરૂપને જોતાં જ સંત કબીરને લાગે છે કે વ્યક્તિ પોતાના સ્વરૂપને ભૂલીને બહાર પરમાત્માને શોધી રહ્યો છે અને એને પરિણામે એને એ પરમાત્મા પ્રાપ્ત થતો નથી. સીધા, સરળ અને સચોટ શબ્દોમાં સંત કબીર આત્માના સ્વરૂપને ઉજાગર કરી આપે છે. એમની વાત તો એક જ છે કે આત્મા શાશ્વત રૂપે તમારી ભીતરમાં જ બેઠો છે. અને સંત કબીરના કહેવા મુજબ તો સઘળી યોગપ્રક્રિયાઓ એ આ સ્વરૂપને પામવા માટેની પ્રક્રિયા છે.

જ્ઞાનીઓ પણ આત્માને પરમાત્માથી જુદો જોતા નથી અને જેઓએ એને જુદા જોવાની કોશિશ કરી, એમણે પણ અંતે તો આત્મામાં જ પરમાત્માને દર્શાવ્યા છે. જેમને નિજ-સ્વરૂપની સાચી ઓળખ નથી, એ પોતાના નિજભાવમાં રહી શકતા નથી. બહાર પોતાની સ્વરૂપની ઓળખ માટે જનાર વ્યક્તિ અહીં - તહીં ભટકે છે અને કશું પામતો નથી.

સંત કબીરની પ્રત્યેક પંક્તિમાં એક વિચાર

આલેખાયો હોય છે. સામાન્ય રીતે કોઈ પદમાં ભક્તકવિ એક જ ભાવ આલેખતો હોય છે, ક્યાં તો એ પ્રભુમિલનનો આનંદ પ્રગટ કરતો હોય છે અથવા તો પ્રભુ વિરહનો તરફડાટ દર્શાવતો હોય છે, પરંતુ જ્ઞાનના પરમ આરાધક કબીર પાસે પ્રત્યેક પંક્તિ એ એના આગવા મર્મ, અર્થ અને અનુભવ સાથે પ્રગટ થાય છે. આથી પછીની પંક્તિ 'માસ અસારે શીતલ બિરહુલી, બોઇનિ સાતોં બીજ બિરહુલી'માં કહે છે કે ગરમી પછી અષાઢ મહિનામાં વર્ષાનો પ્રારંભ થાય છે અને જમીન પોચી તથા શીતળ થતાં ખેડૂત ખેતરમાં બીજ વાવે છે. એવી જ રીતે અન્ય યોનિઓમાં જન્મ્યા પછી જીવ જ્યારે મનુષ્ય શરીરમાં આવે છે, ત્યારે કર્મોનાં બી વાવે છે.

અહીં સંત કબીર માનવીના જીવનમાં થતી કર્મોની વાવણી અંગે વાત કરે છે. એ દર્શાવે છે કે પાંચેય વિષયમાં અહંકાર કે આસક્તિ રાખવાથી કર્મબીજ જન્મે છે અને આને પરિણામે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ, મન અને અહંકાર એ સાતેય બાબતો કર્મબીજ બની જાય છે.

જ્યાં સુધી આ જડ અને ભૌતિક વિશ્વમાં વ્યક્તિ જીવતો હોય છે ત્યાં સુધી એને પાંચેય વિષયોમાં સુખ લાગે છે. એની આવી સુખની માન્યતા અને એમાં વળી અહંકારનું ઉમેરણ એને માટે સંપૂર્ણ કર્મબંધન બને છે અને આને કારણે વ્યક્તિ પાંચેય વિષયો ઉપરાંત મન અને અહંકાર જેવાં કર્મબીજ જીવનની ધરતી પર નાખે છે, પરંતુ ત્યાં કર્મબંધન તો માત્ર મનુષ્ય શરીરમાં જ બને છે અને અહીંથી જ તેનો નાશ થાય છે. આ રીતે સંત કબીર એમની આ 'બિરહુલી'માં એમની આગવી કલ્પના અને વિશિષ્ટ આલેખનરીતિથી સ્વરૂપની ઓળખ આપે છે.

## મુન્યાચાર (સકલચારિત્ર)

(પાના નં. ૨૨ પરથી ચાલુ...)

**કરવું તે સંકલ્પ કહેવાય છે.** ઉપરોક્ત સ્વરૂપોવાળા સંકલ્પ તથા વિકલ્પોને જ્ઞાનભાવનાથી પ્રશાંત કરી દેવા તે મનોગુપ્તિ કહેવાય છે. અર્થાત્ આત્મલીનતા માટે મનના સંકલ્પ - વિકલ્પોનું શમન કરી દેવું તે મનોગુપ્તિ કહેવાય છે. મનોગુપ્તિથી મનોયોગના નિમિત્તથી થનાર આત્મપ્રદેશોનું પરિસ્પંદન રોકાઈ જાય છે, જેથી તત્સંબંધી આસ્રવ થતો નથી. મનોગુપ્તિ સ્વરૂપલીનતાનું સાક્ષાત્ કારણ છે. મનોગુપ્તિની પ્રક્રિયા આ પ્રકારે છે કે સર્વપ્રથમ તો સાંસારિક સંકલ્પ - વિકલ્પોનો ત્યાગ કરવો, તેના માટે તત્ત્વચિંતન, વૈરાગ્ય ભાવનાઓ આદિનો આશ્રય લેવો. આનાથી જ્યારે મન શાંત - નિરાકુળ થઈ જાય ત્યારે **'સહજ જ્ઞાનભાવના'**નો આશ્રય લેવો અર્થાત્ **'હું જ્ઞાન માત્ર છું, આ અન્ય સર્વભાવ મારા નથી, હું તેમનો સહજજ્ઞાતા છું. હું નિર્વિકારી જ્ઞાન દર્પણ છું, શેષ સર્વ ભાવ તે જ્ઞાનદર્પણમાં પ્રતિબિમ્બ માત્ર છે, તે મને વિકારી કરી શકતા નથી, હું નિર્વિકારી, સાક્ષી સ્વરૂપ, શુદ્ધ ચૈતન્ય, નિર્મળ જ્ઞાયક સત્તા છું.'** આ પ્રકારની ભાવના કરતા રહેવી, જેના ફળસ્વરૂપે અનાયાસ જ સંકલ્પ - વિકલ્પોથી રહિત અમન અવસ્થાની પ્રાપ્તિ થશે એવો સ્વરૂપગુપ્ત જ્ઞાનીઓનો મત છે.

આશય એ છે કે જે ભવ્યાત્માઓને પ્રચૂરમાત્રામાં અતીન્દ્રિય આત્મસુખની અભિલાષા છે તેણે ઉપરોક્ત મહાવ્રત, સમિતિ તથા ગુપ્તિરૂપ ચારિત્રનું અવશ્ય પાલન કરવું જોઈએ. એના વિના સ્વરૂપ સ્થિરતા સંભવ નથી એમ જિનદેવની આજ્ઞાથી સત્પુરુષો કહે છે.

• • •

**મોટા તેને જ કહેવાય કે જે પોતાનાથી ઉપરવાળાની સાથે પ્રેમ, સમાનની સાથે સ્નેહ અને નાના સાથે કરુણાવાળા હોય.**

શ્રી પૂજ્યપાદ આચાર્ય વિરચિત

# સમાધિતંત્ર - અમૃતરસપાન

(ક્રમાંક - ૫૮)

પ્રા. ચંદાબહેન વી. પંચાલી (બોટાદ)

સત્ય સનાતન માર્ગનું સર્જન કરનાર બ્રહ્મા, અધ્યાત્મમાર્ગનું પાલન કરાવનાર વિષ્ણુ અને સ્વભાવને સ્થાપી વિભાવવૃત્તિનો વિનાશ - સંહાર કરનાર મહેશ-શંકર પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીની પત્રાંક ૩૭૩માં સમાધિભારતી લખે છે, "મોહમયીથી જેની અમોહપણે સ્થિતિ છે એવા શ્રી ... ના યથા. 'મનને લઈને આ બધું છે' એવો જે અત્યાર સુધીનો થયેલો નિર્ણય લખ્યો, તે સામાન્ય પ્રકારે તો યથાતથ્ય છે. તથાપિ 'મન', 'તેને લઈને', અને 'આ બધું' અને 'તેનો નિર્ણય', એવા જે ચાર ભાગ એ વાક્યના થાય છે, તે ઘણા કાળના બોધે જેમ છે તેમ સમજાય એમ જાણીએ છીએ. જેને તે સમજાય છે તેને મન વશ વર્તે છે; વર્તે છે, એ વાત નિશ્ચયરૂપ છે; તથાપિ ન વર્તતું હોય તોપણ તે આત્મસ્વરૂપને વિષે જ વર્તે છે. એ મન વશ થવાનો ઉત્તર ઉપર લખ્યો છે, તે સર્વથી મુખ્ય એવો લખ્યો છે. જે વાક્ય લખવામાં આવ્યાં છે તે ઘણા પ્રકારે વિચારવાને યોગ્ય છે." આ વચનોને ધીરજથી, ગંભીરતાથી સમજવા, સદ્ગુરુ ઉપનિષદે સમજવા પરમ આવશ્યક છે.

આપણે શ્લોક પાંત્રીસનો વિશેષાર્થ વિચારી રહ્યા છીએ.

(૨) रागद्वेषादिकल्लोलैः अलोलं = રાગ-દ્વેષ આદિ તરંગોથી મન ચંચળ થતું નથી. अलोलम् - लोलम् = ચંચળ, अलोलं = સ્થિર - શાંત. રાગ-દ્વેષ રૂપી તરંગોથી જેનું મન ચંચળ થતું નથી, સ્થિર રહે છે તે આત્માના યથાર્થ સ્વરૂપને અનુભવે છે.

રાગ-દ્વેષ આદિ વિકારીભાવો મોહનીય કર્મને કારણે જન્મે છે. રાગમાં માયા અને લોભ સમાય છે. દ્વેષમાં ક્રોધ અને માનકષાય સમાય છે. નોકષાયમાં હાસ્ય, રતિ, પુરુષવેદ રાગમાં સમાય છે અને દ્વેષમાં અરતિ, શોક, ભય, જુગુપ્સા, સ્ત્રીવેદ, નપુંસકવેદ સમાય છે. જેનું મન રાગ-દ્વેષ આદિ તરંગોથી ક્ષુબ્ધ થતું નથી તે આત્માને અનુભવે છે.

જેમ તરંગોથી ઉછળતાં પાણીમાં અંદર રહેતી વસ્તુ દેખાતી નથી, તેમ રાગ-દ્વેષાદિ વિકલ્પોથી ચંચળ થયેલા જળમાં આત્મ-તત્ત્વનો અનુભવ થતો નથી. સવિકલ્પ સ્થિતિમાં આત્મઅનુભવ થતો નથી. શાંત, સ્થિર, વિકલ્પોથી પાર એવી નિર્વિકલ્પ દશામાં આત્મ અનુભવ થાય છે.

(૩) सः आत्मनः तत्त्वं पश्यति - તે આત્માના યથાર્થ સ્વરૂપને દેખે છે - અર્થાત્ અનુભવે છે. ઈન્દ્રિયોના વિષયોમાં લાલાયિત છે, સ્વચ્છંદે ઈન્દ્રિયો મન ફાવે ત્યાં જતી હોય, મનની ચંચળતા વર્તતી હોય તેવા આત્માને तत्त्वं આત્માનો અનુભવ થતો નથી. તે બહિરાત્મા જીવ છે. પરમકૃપાળુદેવની સમાધિગિરા છે,

કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;<br>ભવે ખેદ, પ્રાણીદયા, ત્યાં આત્માર્થ નિવાસ. ॥૩૮॥

તથા

એમ વિચારી અંતરે, શોધે સદ્ગુરુ યોગ;<br>કામ એક આત્માર્થનું, બીજો નહિ મનરોગ. ॥૩૭॥

વસ્તુસ્વરૂપ સમજી અતીન્દ્રિય આત્મ-સ્વરૂપની સન્મુખ થતાં રાગદ્વેષાદિ વિકલ્પો સ્વયં

શાંત થાય છે. તેને શમાવવા માટે આત્મ-સન્મુખતા સિવાય બીજો કોઈ ઉપાય નથી. ઉપયોગ અંતર્મુખ થતાં રાગ-દ્વેષાદિ ચાલ્યા જાય છે. નિર્વિકલ્પ દશા વેદાય છે. આત્મનો આનંદ અનુભવાય છે. તે સમયે બહારની અનુકૂળતા કે પ્રતિકૂળતામાં મનજળ શાંત રહે છે. 'सः आत्मनः तत्त्वं पश्यति' તે અંતરાત્મા બને છે. તે ઈષ્ટ-અનિષ્ટ, શુભ-અશુભ, હર્ષ-શોક આદિ દ્વંદથી પર બને છે.

પંડિતપ્રવર શ્રી ટોડરમલજી 'મોક્ષમાર્ગ પ્રકાશક' અધિકાર નવમાં લખે છે કે પ્રથમ દેવાદિક (સત્‌દેવ, સદ્‌ગુરુ, સત્‌શાસ્ત્ર)નું શ્રદ્ધાન કરવું, પછી જિનમતમાં કહેલા જીવાદિ તત્ત્વોનો વિચાર કરવો, તેના નામ લક્ષણ આદિ શીખવાં, કારણ કે તેના અભ્યાસથી તત્ત્વશ્રદ્ધાનની પ્રાપ્તિ થાય છે. પછી સ્વપરનું ભિન્નપણું જેથી ભાસે તેવા વિચારો કરવાં, કારણ કે એ અભ્યાસથી ભેદજ્ઞાન થાય છે. ત્યારપછી એક સ્વમાં સ્વપણું માનવા અર્થે સ્વરૂપનો વિચાર કરવો. એ અભ્યાસથી આત્મસન્મુખ થવાય છે. આ પ્રમાણે અનુક્રમ અંગીકાર કરી, કોઈ વાર તત્ત્વવિચારમાં, કોઈ વાર સ્વ-પરના ચિંતનમાં ઉપયોગને લગાવવો. આ રીતે દર્શનમોહ મંદ પડે છે. આ ચિંતવનમાં સ્થિર થતાં આત્માનો મહિમા લાવતાં શ્રેષ્ઠ સારભૂત એવા નિજ આત્માનો અનુભવ થાય છે.

રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભના ભાવોનું સ્વ-અવલોકન નિહાળવાનું છે. રાજ-માર્ગ પર આરોહિત થતાં, દૃઢ શ્રદ્ધા, પ્રબળ પુરુષાર્થ અને ઉત્સાહભરિત પુરુષાર્થથી કાર્યસિદ્ધિ થાય છે. જે જે ઉપાય બતાવે તે તે ઉપાયનું નિષ્ઠાપૂર્વક પાલન થતાં આત્મકાર્ય સધાય છે.

(૪) इतरः जनः तत् तत्त्वं न पश्यति – અન્ય જન-વ્યક્તિ તે તત્ત્વને-આત્માને અનુભવી શકતા નથી.

રાગ-દ્વેષાદિ વિષયોમાં જેનું મન જોડાયેલું છે તે વ્યક્તિ આત્મતત્ત્વને અનુભવી શકતા નથી. મનની ચંચળતાની ઉગ્રતા હોવાથી સ્થિરતા પ્રાપ્ત થતી નથી. જ્યાં સ્થિરતા નથી ત્યાં આત્મભાવની રુચિ થતી નથી. જગતના પદાર્થોમાં ઇષ્ટ-અનિષ્ટપણું માનવાથી, તેમાં વૃત્તિઓ ભમતી હોવાથી આત્મ-વલણ પણ થતું નથી. આગળના અભ્યાસની તો ક્યાં વાત રહી ! તેથી શ્રી પૂ. પૂજ્યપાદ આચાર્ય ફરમાવે છે કે જે આત્મદર્શી છે તે આત્માને અનુભવી શકે છે. અનાત્મદર્શી આત્માથી દૂર થતાં થતાં આત્માને પામી શકતો નથી. इतर जनः - જેને સંસારની રુચિ છે પણ આત્માની રુચિ નથી તેવા જીવની વાત છે.

રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ આદિ કષાયોથી જે મુક્ત થાય છે તેને આત્મા અત્યંત પ્રિય છે. શ્રી જ્ઞાનભૂષણજી 'તત્ત્વજ્ઞાન તરંગિણી' અધ્યાય - ૬, શ્લોક - ૩ માં સ્વાનુભવ કથન કરે છે, "સ્ત્રીઓના ચિત્તમાં જેમ પતિ, બળભદ્રોને વાસુદેવ, રાજાઓને પૃથ્વી, ગાયોને પોતાના વાછરડાં, ચક્રવાકીને સૂર્ય, ચાતકોને મેઘનું જળ, જળચરોને તળાવ, મનુષ્યોને અમૃત, દેવોને પોતાના સ્વર્ગસ્થાન, રોગથી પીડાતાને વૈદ્ય જેમ અનુપમ લાગે છે, પ્રિય લાગે છે તેમ મારા હૃદયમાં શુદ્ધ ચિદ્રૂપ જેનું નામ છે એવો આત્મા મને અત્યંત પ્રિય છે."

જે જે જ્ઞાની મહાત્માઓ થયા તે સર્વનો એક જ સૂર છે - મંગલ સ્વરૂપ મારો આત્મા છે. ઉત્તમ રૂપ મારો આત્મા છે. શરણ રૂપ મારો આત્મા છે. અંતરમાં નિર્મળતાથી સભર આત્મા છે. પૂ. બેનશ્રી ચંપાબેનની સમાધિગિરા લખે છે, "હું તો અરીસાની જેમ અત્યંત સ્વચ્છ છું; વિકલ્પની જાળથી આત્મા મલિન ન થાય; હું તો વિકલ્પથી જુદો, નિર્વિકલ્પ આનંદઘન છું; એવો ને એવો પવિત્ર છું - એમ

**(અનુસંધાન પાના નં. ૧૯ પર...)**

# શ્રી દેવચંદ્રજી ચોવીશી

અશોકભાઈ પી. શાહ

## ૯મા તીર્થંકર ભગવાન

## શ્રી સુવિધિનાથ ભગવાન સ્તવન પ્રારંભ

**ભૂમિકા :** પ્રભુ-દર્શન તે પ્રભુ-ગુણગાનની જેમ જ પ્રભુભક્તિનું એક મુખ્ય અંગ છે. આ કાળે, આ ક્ષેત્રે જ્યારે તીર્થંકર પરમાત્માના સાક્ષાત્ દર્શન ઉપલબ્ધ નથી ત્યારે જિનમંદિરમાં પ્રભુની પ્રતિમાના દર્શનનો લ્હાવો લઈએ છીએ અને ત્યારે આપણે આ દર્શન શા માટે, કઈ રીતે અને કેવા ભાવથી કરીએ છીએ તે ઘણી વિચારણા માગે છે. હું જિનમંદિરમાં પ્રભુદર્શન કરવા જાઉં છું તે શું અમુક ગતાનુગત રૂઢિ નિભાવવા, કે અમુક સંપ્રદાયવાળો મારો કુળધર્મ પાળવા, કે એક શુભ નિત્યક્રમરૂપી નિયમને યંત્રવત્ પતાવવા, કે કોઈ સાંસારિક લાભ માટે પુણ્ય ભેગું કરવા કે પછી મારા આત્માની શુદ્ધિ કરવા ? શું પ્રયોજન છે મારા પ્રભુદર્શનરૂપ નિત્યક્રમનું ? આવો પ્રશ્ન એક સાધકને, એક મુમુક્ષુને અવશ્ય થવો જોઈએ અને ત્યારે પ્રભુના પરમ ભક્ત, મહાન તત્ત્વવેત્તા એવા શ્રી દેવચંદ્રજી મહારાજ શ્રી સુવિધિનાથ તીર્થંકર પ્રભુના દર્શન કરતી વખતે પોતે પ્રભુમાં શું શું જુએ છે અને તેનાથી પોતાને શું શું લાભ થાય છે તેનું સુંદર, ભક્તિસભર, ભાવવાહી આલેખન આ સ્તવનમાં કરીને આપણા ઉપરોક્ત પ્રશ્નોનું સમાધાન કરે છે, એટલું જ નહીં, આપણને પણ તેમની જેમ અભેદ પ્રેમભક્તિના માર્ગે દોરી જાય છે. આપણા માનસપટ પર એક એવો ચિતાર લાવીએ કે હું ગણિશ્રી દેવચંદ્રજીની સાથે જ મંદિરમાં પ્રવેશ કરી રહ્યો છું અને સ્તવનની એકેક ગાથાને માણતાં દેવચંદ્રજી જેવા ભાવ ચાલી રહ્યાં છે અને પછી જુઓ ! આપણે હવે જ્યારે પણ ખરેખર જિનાલયમાં પ્રવેશ કરીશું ત્યારે આપણી ભાવદશા ગણિશ્રીની આ ભાવદશાને અનુસરતી હશે ! તો હવે જોઈએ શ્રી દેવચંદ્રજી શ્રી સુવિધિનાથના દરબારમાં પ્રવેશ કરતાં શું કહે છે :

**દીઠો સુવિધિ જિણંદ, સમાધિરસે ભર્યો હો લાલ, સ૦**
**ભાસ્યું આત્મસ્વરૂપ, અનાદિનો વીસર્યો હો લાલ; અ૦**
**સકલ વિભાવ ઉપાધિ, થકી મન ઓસર્યો હો લાલ. થ૦**
**સત્તા સાધન માર્ગ, ભણી એ સંચર્યો હો લાલ. ભ૦(૧)**

**શબ્દાર્થ :** સમાધિરસથી ભરેલા શ્રી સુવિધિ જિનેશ્વરને મેં જોયા અને તે થકી અનાદિથી ભુલાયેલું મારું આત્મસ્વરૂપ ભાસ્યમાન થયું, સર્વ વિભાવરૂપ ઉપાધિથી મન પાછું વળ્યું અને આત્મસત્તાની સાધનાના માર્ગ તરફ જવા લાગ્યું. (દીઠો = જોયો, દર્શન કર્યા; ભાસ્યું = અનુભવ થયો, ઓળખાણ થઈ; વીસર્યો = ભુલાઈ ગયેલો; સકલ = સર્વ; ઓસર્યો = પાછું વળ્યો, ઓછું થયું, ઘટી ગયું; સત્તા = આત્મસત્તા; સાધન = સાધના, મોક્ષમાર્ગના સાધન; ભણી = એ તરફ; સંચર્યો = ગતિમાન થયો)

**વિશેષાર્થ :** ગણિશ્રી દેવચંદ્રજી આજે શ્રી સુવિધિ જિણંદના દર્શનથી એટલી બધી ધન્યતા અને કૃતકૃત્યતા અનુભવે છે કે આનંદવિભોર થઈ તેમની આંખો, હૃદય અને આત્મા તૃપ્તિ ન થાય ત્યાં સુધી તે દર્શનને માણી રહ્યાં છે. તેથી 'દીઠો' શબ્દ માર્મિક રીતે તેમની આ ભાવદશા સૂચવે છે. તેમના આનંદનું આ અતિરેકપણું બે કારણથી છે : એક તો આવા સમાધિરસથી ભરેલાં સુવિધિનાથના દર્શન અનાદિકાળથી આજ સુધી થયાં નહોતાં તે થયા અને બીજું - તે દર્શન માત્રથી પોતાની સર્વ ભ્રમણા ભાંગી જતાં પોતાની ભાવદશામાં થયેલા આમૂલ

પરિવર્તનથી અત્યંત પ્રસન્નતાનો અનુભવ કરી રહ્યાં છે.

આ જીવ અનંત કાળના પરિભ્રમણમાં યથાર્થ પ્રભુદર્શનથી વંચિત રહ્યો છે. જો કે અનેક ભવોમાં તે ભગવાનના સમોવસરણમાં પણ જઈ આવ્યો છે, પરંતુ 'હીરો ઘોઘે જઈ આવ્યો'ની જેમ પ્રભુની સાચી ઓળખાણ વગર પાછો આવ્યો. પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી 'શ્રી આત્મસિદ્ધિ-શાસ્ત્ર'માં મતાર્થી-લક્ષણમાં ફરમાવે છે તેવી ભૂલ તે કરતો આવ્યો કે :

*"જે જિનદેહ પ્રમાણ ને, સમવસરણાદિ સિદ્ધિ;*
*વર્ણન સમજે જિનનું, રોકી રહે નિજ બુદ્ધિ."*

આજે હવે જ્યારે સદ્‌ગુરુકૃપાથી અને અનેક ભવોના સાતિશયપુણ્યના સંચયથી મારી પાત્રતા ખીલી અને સદ્‌ગુરુએ પ્રભુને ઓળખવાની જે દિવ્યદૃષ્ટિ આપી તેનાથી શ્રી દેવચંદ્રજી કહે છે કે સુવિધિનાથ જિણંદ જુદા જ સ્વરૂપમાં 'દીઠો', જોયો. કેવા સ્વરૂપમાં ? તો કહે છે **"સમાધિરસે ભર્યો"** - સમાધિરસથી, સમતારસથી, ઉપશમરસથી ભરેલો ! તે સમાધિરસ પ્રભુની "પ્રશમરસ નિમગ્નં દૃષ્ટિયુગ્મં પ્રસન્નં" મુખમુદ્રામાંથી જાણે બહાર ટપકી મારા હૃદયને પુલકિત કરી રહી છે. શ્રી આનંદઘનજીએ આવા જ ભાવ શ્રી ચંદ્રપ્રભુ સ્તવનમાં પ્રભુને જોઈને કર્યાં છે કે : "દેખણ દે રે સખી... ચંદ્રપ્રભ મુખચંદ... ઉપશમ રસનો કંદ". પ્રભુની નિર્બીજ સમાધિમાં પ્રભુની વીતરાગતા, પરમ શાંતિ, પરમ આનંદના દર્શન થતાં શ્રી દેવચંદ્રજી એટલા ભાવવિભોર થઈ જાય છે કે હવે ત્રાટક કરીને બસ, પ્રભુને જોયા જ કરું ! દેવચંદ્રજીને તો હવે પ્રતિમા નહીં પણ જાણે સામે પ્રભુ સાક્ષાત્ બિરાજમાન છે એવો ભાવોલ્લાસ વર્તે છે.

આ રીતે પ્રભુદર્શનમાં નિમગ્ન થતાં પોતાની ભાવદશામાં કેવી ક્રાંતિ આવી તેની વાત ત્રણ પંક્તિમાં કરતાં શ્રી દેવચંદ્રજી કહે છે : **"ભાસ્યું આત્મસ્વરૂપ, અનાદિનો વીસર્યો"** - અનાદિકાળથી મારા આત્મસ્વરૂપનું વિસ્મરણ થઈ રહ્યું હતું તે આજે ભાસ્યમાન થયું, આત્માનુભૂતિ થઈ. જેમ શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રમાં સુશિષ્ય કહે છે કે સદ્‌ગુરુના ઉપદેશથી અપૂર્વ ભાન થતાં મને *"ભાસ્યું નિજસ્વરૂપ તે શુદ્ધ ચેતનારૂપ"*. એ જ રીતે સમાધિરસે ભરેલા સુવિધિનાથના દર્શન કરતાં કરતાં દેવચંદ્રજીને સ્વયં સમાધિની પ્રાપ્તિ થઈ જાય છે. અહીં યાદ રહે કે આત્મસ્વરૂપ ખોવાઈને છુટું નહોતું પડી ગયું. મારી પાસે જ હતું; અરે, હું જ હતો ! માત્ર વીસરાઈ ગયું હતું. *"આપ આપકું ભુલ ગયે, ઈનસે ક્યા અંધેર"* જેવી મારી દશા હતી. પૂજ્યશ્રી રાકેશભાઈ દૃષ્ટાંત આપતાં કહે છે કે બહેનનો ચાવીનો ઝુડો ખોવાઈ નહોતો ગયો; કમરમાં લટકાવેલો, માત્ર ભુલાઈ ગયો હતો ! તેમ વીસરાયેલું આત્મસ્વરૂપ આજે પ્રભુકૃપાથી સ્મૃતિમાં આવ્યું, અનુભવરૂપે પ્રગટ થયું અને આત્મસ્વરૂપ ભાસ્યમાન થતાં જ બીજા પણ અનેક લાભ થયા તે દર્શાવતાં કહે છે, **"સકલ વિભાવ ઉપાધિ થકી મન ઓસર્યો"** - અજ્ઞાનદશામાં રાગ-દ્વેષ, શુભ-અશુભ વિભાવોમાં મન રમતું હતું તે હવે સર્વ વિભાવોરૂપી ઉપાધિઓથી ઓસરી ગયું, પાછું વળ્યું. આત્મસ્વરૂપનો અતીન્દ્રિય આનંદ માણતાં એવું પરિતૃપ્તપણું આવ્યું કે હવે સકલ વિભાવ, સર્વ વિભાવ, પછી તે શુભ હોય કે અશુભ; તેને આકુળતા ઉપજાવનાર ઉપાધિરૂપ જાણી તેનાથી મન ઓસરી ગયું, વાળી લેવાય તેવી આત્મદશા થઈ. યથા -

*"અશુચિપણું, વિપરીતતા એ આસ્રવોના જાણીને,*
*વળી જાણીને દુઃખકારણો, એથી નિવર્તન જીવ કરે."*

(શ્રી સમયસાર - ગાથા ૭૨ - ભાવાનુવાદ)

અનંતકાળ થયાં સ્વરૂપનું વિસ્મરણ હોવાથી અન્યભાવ જીવને સાધારણ થઈ ગયો છે. (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક - ૩૧૯) તે હવે સ્વરૂપ ભાસ્યું તેથી સર્વ વિભાવ, અન્ય ભાવમાંથી મન પાછું હટી ગયું. પણ પાછું હટીને મન ક્યાં ગયું ? તો કહે છે : **"સત્તા સાધન માર્ગ ભણી એ સંચર્યો"** - મારી ત્રિકાળી ધ્રુવ ચૈતન્યસત્તાની અનુભૂતિ તો થઈ પરંતુ તે આત્મસત્તાની સુવિધિનાથની જેમ પૂર્ણપણે પ્રાપ્તિ માટે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે મોક્ષમાર્ગના નિશ્ચય સાધન છે તે સાધનની ઘનિષ્ઠ આરાધનાના માર્ગે હવે હું સંચર્યો - એ ભણી, એ તરફ ગતિ કરવા મારા પગ મંડાયા. પરમકૃપાળુદેવ પત્રાંક - ૩૭માં કહે છે તેમ *"આ મહાબંધનથી રહિત થવામાં જે જે સાધન, પદાર્થ શ્રેષ્ઠ લાગે, તે ગ્રહવા એ જ માન્યતા છે."* આવી જ માન્યતાથી દેવચંદ્રજી મોક્ષમાર્ગમાં આગળ સંચરે છે, ગતિ કરે છે. આમ જાગૃત ઉપાદાન અને પ્રભુદર્શનરૂપ ઉત્તમ નિમિત્ત મળતાં સાધકમાં આત્માનુભૂતિરૂપ સુંદર ઘટના બની શકે તેવી પ્રેરણા આ ગાથામાં મળે છે.

પ્રભુના દર્શન માત્રથી જે આવી આત્મશુદ્ધિની ઘટના બની તે ખરેખર પ્રભુની વીતરાગી દશાના દર્શનના પ્રતાપે બની. તેથી પ્રભુની તે દશાની પણ યથાર્થ ઓળખાણ કરી તેની ભક્તિ થવી જોઈએ. તે હેતુથી હવે શ્રી દેવચંદ્રજી પ્રભુની દશાનું વર્ણન કરે છે :

**તુમ પ્રભુ જાણંગ રીતિ, સરવ જગ દેખતા હો લાલ, સ०**
**નિજ સત્તાએ શુદ્ધ, સહુને લેખતા હો લાલ; સ०**
**પર પરિણતિ અદ્વેષ-પણે ઉવેખતા હો લાલ, પ०**
**ભોગ્યપણે નિજ શક્તિ, અનંત ગવેષતા હો લાલ. અ०(૨)**

**શબ્દાર્થ :** હે પ્રભુ ! આપ જ્ઞાનશક્તિ, જ્ઞાતૃત્વશક્તિ વડે સર્વ જગતને જુઓ છો. વળી, સહુને પોતાની સત્તાએ શુદ્ધરૂપે જુઓ છો. બીજાની (રાગદ્વેષરૂપ) પરિણતિની આપ દ્વેષ કર્યા વિના ઉપેક્ષા કરો છો. અને આપ પોતાના અનંત ગુણોની અનંત શક્તિનો ભોગવટો કરો છો. (જાણંગ રીતિ = જ્ઞાતૃત્વશક્તિ, જાણવાની રીત; જગ = જગત; નિજ સત્તાએ = દ્રવ્યની અસ્તિત્વરૂપ પોતાની સ્વતંત્ર સત્તા; લેખતા = જુઓ છો; ઉવેખતા = ઉપેક્ષા કરો છો; ભોગ્યપણે = ભોગવવાપણું)

**વિશેષાર્થ :** પ્રભુ સમાધિરસનો આસ્વાદ માણી રહ્યા છે તેનું કારણ છે પ્રભુની વીતરાગદશા. પ્રભુના અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્યને અનુલક્ષીને શ્રી દેવચંદ્રજી ચાર પ્રકારે તે દશાનું માહાત્મ્ય બતાવે છે. પહેલાં તો પ્રભુની 'જાણંગ રીતિ', જ્ઞાનનું પરિણમન કેવું છે ? તો "સરવ જગ દેખતા હો લાલ" - કેવળજ્ઞાન વડે પ્રભુ જગતના સર્વ પદાર્થોને માત્ર જ્ઞેયરૂપે, ઉદાસીનપણે, નિઃસ્પૃહપણે જાણે છે. તેમાં આ હેય અને આ ઉપાદેય એવા વિકલ્પો પણ નથી. તે સર્વ જાણવાની કોઈ ઉત્સુકતા નથી. મોહનો સર્વથા ક્ષય કર્યો હોવાથી બધું જાણવા છતાં પ્રભુ રાગ-દ્વેષ રહિત પરમ શાંતદશામાં સ્થિત છે.

બીજું, પ્રભુને જે અનંત દર્શન છે તેનાથી પ્રભુની દૃષ્ટિ દરેક દ્રવ્યની પોતપોતાની શુદ્ધ સત્તાને જ લેખે છે, તે રીતે જ જુએ છે. છ દ્રવ્યોમાં મુખ્ય તો બે છે - જીવ અને પુદ્ગલ. તેમાં જીવ દ્રવ્યને લઈએ તો પ્રભુ સર્વ જીવોને તેની ત્રિકાળી ધ્રુવ ચૈતન્યસત્તારૂપે પોતાની જેમ જ શુદ્ધ જુએ છે; તેમની કર્મજન્ય અશુદ્ધ પર્યાય - જેમ કે મનુષ્ય, તિર્યંચ આદિ પર્યાયને જ્ઞાતૃત્વશક્તિથી માત્ર જાણે છે પણ તેને ગૌણ કરી "સર્વ જીવ છે સિદ્ધ સમ" એવી દૃષ્ટિ સહજપણે હોવાથી પ્રભુને સર્વાત્મમાં સમદૃષ્ટિ છે; કોઈ શત્રુ-મિત્ર નથી, કોઈ ઊંચ-નીચનો ભેદ નથી. આવી દૃષ્ટિ તો આપણે અત્યારે પણ અપનાવીને આપણી મૈત્રી, પ્રમોદ આદિ ભાવનાને પુષ્ટ કરી શકીએ તો કેટલું ઉત્તમ ! માત્ર ચેતન નહીં પણ સર્વ

જડ, પુદ્ગલ દ્રવ્યને પણ પ્રભુ નિજસત્તારૂપે શુદ્ધપણે જ જુએ છે, કારણકે પુદ્ગલ પરમાણુ તો શુદ્ધ જ છે. માત્ર તેના સ્કંધ બની તે વિવિધ પદાર્થરૂપે અશુદ્ધપણે પરિણમે છે. નવી કે જૂની ગાડી, રોગી કે નીરોગી શરીર, સુગંધી કે દુર્ગંધી પદાર્થો - આ સર્વ શુદ્ધ પુદ્ગલ પરમાણુના જ વિવિધ રૂપ છે એવી પ્રભુની જેમ આપણી દૃષ્ટિ કેળવીએ તો વસ્તુ કે વ્યક્તિ પ્રત્યેની આપણી મોહ-રાગ-દ્વેષની પરિણતિ અને ઈષ્ટ-અનિષ્ટ કલ્પનાઓ નષ્ટ થતાં આપણે અંતરમાં જ પ્રભુની જેમ સુખ-શાંતિનો અનુભવ કરીશું !

ત્રીજી અગત્યની વાત કે રાગ-દ્વેષ રહિત આત્મસ્થિરતારૂપ જે અનંત ચારિત્ર પ્રભુને પ્રગટ્યું છે તેના બળે તેઓ **''પર પરિણતિ અદ્વેષપણે ઉવેખતા''** - પર એટલે બીજા સંસારી જીવોની રાગ-દ્વેષરૂપ વિભાવ પરિણતિની પ્રભુ જ્ઞાતા-દૃષ્ટા રહી અદ્વેષભાવે, દ્વેષ કર્યા વગર ઉપેક્ષા કરે છે. અહીં સમજવાનું એ છે કે કોઈપણ વસ્તુનો ત્યાગ કે ઉપેક્ષા જ્ઞાનગર્ભિત વૈરાગ્ય સમેત હોવો જોઈએ, નહીં કે તે પ્રત્યે દ્વેષભાવ રાખીને. દાખલા તરીકે, ''પૈસો તો હાથનો મેલ છે'' અથવા ''સ્ત્રી તો નરકનું દ્વાર છે'' એમ કહી ત્યાગ કરવો તે દ્વેષભાવ રાખીને કરેલી ઉપેક્ષા છે. સાચો ત્યાગ નથી. ત્યાગમાં ઉદાસીનતાપૂર્વકની ઉપેક્ષા હોવી ઘટે. બીજું અદ્વેષપણે પ્રભુની જેમ ઉપેક્ષા રાખીને મહાપુરુષો શત્રુ પ્રત્યે પણ મિત્રતા રાખે છે. શ્રીપાળ રાજાને ધવલ શેઠે સ્વાર્થ ખાતર ધક્કો મારી દરિયામાં નાખ્યા. જ્યારે ધવલ શેઠનું પાપ ઉઘાડું પડતાં તેમને કેદ કરવામાં આવે છે ત્યારે પણ શ્રીપાળ રાજા તેના શત્રુપણાની ઉપેક્ષા કરી દ્વેષભાવ ન રાખતાં તેમને છોડી દેવાની વિનંતી કરે છે. કેમ ? મને બચાવનાર એવા નવકારમંત્રની હવે મને વધુ શ્રદ્ધા થઈ જેમાં ધવલશેઠ નિમિત્ત બની ખરેખર ઉપકારી થયા ! આ છે ''અદ્વેષપણે ઉપેક્ષા'' !

અને ચોથી વાત - **''ભોગ્યપણે નિજ શક્તિ, અનંત ગવેષતા''** - પ્રભુને જે અનંત વીર્ય પ્રગટ્યું છે, તેના પ્રભાવથી તેઓ પોતાના અનંત ગુણોની અનંત પર્યાયને ભોગવવા યોગ્ય ગવેષીને તેને સહજાનંદપણે ભોગવીને વિલાસ કરે છે. કોઈ કરોડપતિ હોય પણ પૈસો વાપરી કે ભોગવી ન શકે તો શું કામનું ? જ્યારે અનંતપતિ એવા પ્રભુ અનંત ગુણોના ઐશ્વર્યને પૂર્ણપણે ભોગવી મોજ કરે છે !

હવે, પ્રભુની આવી અદ્ભુત દશાનું અવલંબન લઈને મારામાં બીજા શું શું પરિવર્તન થઈ રહ્યાં છે તેની વાત કરતાં દેવચંદ્રજી કહે છે :

**દાનાદિક નિજ ભાવ, હતા જે પરવશા હો લાલ, હ૦**
**તે નિજ સન્મુખ ભાવ, ગ્રહી લહી તુજ દશા હો લાલ; ગ્ર૦**
**પ્રભુનો અદ્ભુત યોગ, સ્વરૂપતણી રસા હો લાલ, સ્વ૦**
**વાસે ભાસે તાસ, જાસ ગુણ તુજ જિસા હો લાલ. જા૦(૩)**

**શબ્દાર્થ :** દાન આદિ નિજભાવ, આત્મિક ભાવ જે પરવશ હતા તે હવે આત્મસન્મુખ બનતાં હે પ્રભુ ! તારી દશાને પામતા જાય છે. પ્રભુનો અદ્ભુત યોગ પામી હું સ્વરૂપનો રસિયો બન્યો છું. પ્રભુના ગુણ જેના જ્ઞાન અને શ્રદ્ધામાં આવે છે તે પ્રભુ જેવો થતો જાય છે. (દાનાદિક = દાન આદિ પાંચ વીર્ય શક્તિ તેમજ અનંત જ્ઞાનાદિ ગુણો; પરવશા = પરવશ, પરાધીન; લહી = પામ્યો; સ્વરૂપતણી રસા = સ્વરૂપનો રસિયો; ભાસે = જ્ઞાન થવું; વાસે = શ્રદ્ધા, પ્રતીતિ થવી; તાસ = તેને; જાસ = જેને; તુજ જિસા = તારા જેવા)

**વિશેષાર્થ :** ''દાનાદિક નિજ ભાવ'' કહેતાં વીર્યગુણના જે પાંચ પ્રકાર છે : દાન, લાભ, વીર્ય, ભોગ, ઉપભોગ તે ઉપરાંત જ્ઞાન, દર્શન આદિ સર્વ આત્માના ગુણોને શ્રી દેવચંદ્રજીએ 'દાન આદિ' કહીને અહીં આવરી લીધાં છે. તે સર્વે મારા

આત્માના વિશિષ્ટ અસાધારણ ગુણ હોવાથી 'નિજભાવ' કહ્યાં. પણ નિજભાવ હોવા છતાં અત્યાર સુધીની મારી અજ્ઞાન અને મોહદશામાં તે ભાવો પુદ્ગલ અનુયાયી બનીને પરવસ્તુ ને પરવ્યક્તિને આધીન થઈ વર્તતા હતા. વળી તેથી થતાં કર્મબંધનના આવરણથી આ ભાવો ક્ષાયોપશમિક હોવાથી તેમની શક્તિ મર્યાદિત અને કુંઠિત હતી, તેમજ પાંચ ઈન્દ્રિયો અને મનની માંગને અનુસરતી પરવશ હતી. જેમકે દાન શક્તિ દાનાંતરાય કર્મના ક્ષયોપશમને આધીન હોવાથી દાન કરવામાં પણ પરવશતારૂપ વિઘ્ન નડતું - દાન શેનું કરવું, કેટલું કરવું, કોને કરવું એ રીતની પરવશતા. તો જ્ઞાનગુણ ક્ષયોપશમરૂપે હોવાથી બધી વસ્તુ જાણી ન શકવાની આકુળતારૂપ અને મોહને લીધે સંશય, વિભ્રમ અને અજ્ઞાનરૂપ પ્રવર્તતું હતું. પણ આ તો પ્રભુદર્શન થયા પહેલાંની મારી રામકહાની છે. હવે તો પ્રભુદર્શનના ઉત્કૃષ્ટ નિમિત્તના પ્રભાવે આ સર્વે ભાવો પરાવલંબન છોડી સ્વભાવનો આશ્રય ગ્રહણ કરી સ્વ-સન્મુખ થયા છે, જેથી **"લહી તુજ દશા"** - ધીમે ધીમે તારા જેવી દશાને પામતો જાઉં છું એમ શ્રી દેવચંદ્રજી શ્રદ્ધાપૂર્વક કહે છે. વળી **"પ્રભુનો અદ્ભુત યોગ"** થતાં, પ્રભુનું શરણ મળતાં **"સ્વરૂપતણી રસા"** - પ્રભુનો રસિક બનતાં બનતાં અનાયાસે હું મારા સ્વરૂપનો એવો રસિયો, કહો તો ઘેલો બની ગયો છું કે હવે કોઈપણ ઉદયાધીન કાર્ય કરતાં પણ રાત-દિવસ પ્રભુ અને સ્વરૂપનું જ રટણ રહે છે, એ જ એક ધૂન લાગી છે. અને "વાસે ભાસે તાસ, જાસ ગુણ તુજ જિસા હો." અર્થાત્ જેને આવી ધૂન લાગે છે, જેને સ્વરૂપનો રસ અને રુચિ વધતી જાય છે તેને પ્રભુના અદ્ભુત ગુણો તેની પ્રતીતિમાં (વાસે), શ્રદ્ધામાં અને (ભાસે) જ્ઞાનમાં આવતા જાય છે. આમ જેટલા અંશે પ્રભુની ઓળખાણ થાય તેટલા અંશે તે સાધક પ્રભુ જેવો બનતો જાય છે.

'દીઠો સુવિધિ જિણંદ' એમ કહીને જે ઉત્કૃષ્ટ ભાવધારામાં શ્રી દેવચંદ્રજી વહી રહ્યા છે તેનું વિશેષ સ્વરૂપ આપણે આગળની ગાથાઓમાં યથાવસરે જોઈશું. **(ક્રમશઃ)**

• • •

## સમાધિતંત્ર - અમૃતરસપાન

**(પાના નં. ૧૪ પરથી ચાલુ...)**

પોતાના સ્વભાવની જાતિને ઓળખ, વિકલ્પથી મલિન થઈ - મલિનતા માની ભ્રમણામાં છેતરાઈ ગયો છે; અરીસાની જેમ જાતિએ સ્વચ્છ જ છો. નિર્મળતાના ભંડારને ઓળખ તો એક પછી એક નિર્મળતાની પર્યાયનો સમૂહ પ્રગટશે. અંદર જ્ઞાન અને આનંદ આદિની નિર્મળતા જ ભરેલી છે."

પૂ. આચાર્યદેવે આ ગાથામાં મનની ચંચળતાથી મુક્ત છે તેને આત્મ અનુભવ થાય છે. જે હજી રાગદ્વેષાદિના વિભાવભાવમાં રસલુબ્ધ છે તેને આત્મા અનુભવાતો નથી એમ સ્પષ્ટ કર્યું છે.

"રાગ-દ્વેષાદિ મોજાથી, હાલે જો આ મનોજળ;
તો આત્મ તત્ત્વને તે દેખે, તે તત્ત્વે અન્ય નિષ્ફળ."

**- પૂ. બ્રહ્મચારીજી**

રાગાદિક કલ્લોલથી મન-જળ લોલ ન થાય;
તે દેખે ચિદ્તત્ત્વને, અન્ય જને ન જણાય.

**- શ્રી છોટાલાલભાઈ જી. ગાંધી**

योगीन्द्र का मन सरोवर है निहाल,
ना हैं जहाँ कलुष राग तरंग जाल ।
स्वामी ! वही निरखता निज आत्मतत्त्व,
रागी नहीं वह कभी लखता स्वतत्त्व ॥

**- પૂ. આચાર્ય વિદ્યાસાગરજી મહારાજ**

**(ક્રમશઃ)**

• • •

# મુન્યાચાર (સકલચારિત્ર)
## (ક્રમાંક - ૧)

બા.બ્ર. સુરેશજી

**સ્વરૂપ :** ''મૌનાત્ મુનિ'' અર્થાત્ જે મૌનપૂર્વક આત્મસાધનામાં લાગ્યા રહે છે તેમને મુનિ કહેવાય છે અથવા ''મનનાત્ મુનિ'' અર્થાત્ જેઓ તત્ત્વોના મનન-ચિંતનમાં લાગેલા રહે છે તેમને મુનિ કહેવાય છે અથવા મુનિને સાધુ પણ કહેવાય છે, એ અપેક્ષાએ **''સ્વભાવં સાધયતિ ઈતિ સાધુઃ''** અર્થાત્ જે સ્વભાવને સાધવામાં લાગ્યા રહે છે તેને સાધુ કહે છે. ઉપરોક્ત સ્વરૂપથી યુક્ત મુનિઓ કે સાધુઓને યોગ્ય બહિરંગ અને અંતરંગ આચરણને મુન્યાચાર કે સકલ ચારિત્ર કહે છે. 'સકલ'નો અર્થ પરિપૂર્ણતાથી છે અર્થાત્ સર્વ પાપોથી વિરક્તિરૂપ આચરણથી છે. અંતરંગ આચરણથી તાત્પર્ય શુદ્ધોપયોગરૂપ પરિણામોથી છે અને બહિરંગ આચરણથી તાત્પર્ય શુદ્ધોપયોગમાં સહાયકરૂપ મંદકષાયરૂપ શુભોપયોગ પરિણામોથી છે. શુદ્ધોપયોગ તથા શુભોપયોગને સાધવામાં સહાયકરૂપ મન, વચન, કાયાના શુભયોગોની પ્રવૃત્તિને પણ ઉપચારથી ચારિત્રનું અંગ કહેવામાં આવે છે અર્થાત્ **શુદ્ધોપયોગને નિશ્ચય ચરિત્ર, શુભોપયોગને વ્યવહાર ચારિત્ર તથા બન્નેને સાધવામાં સહાયક મન-વચન-કાયાના શુભયોગોને ઉપચાર ચારિત્ર કહ્યું છે.**

પ્રથમ આપણે બહિરંગ આચરણ અર્થાત્ શુભોપયોગરૂપ વ્યવહાર ચારિત્રની વિચારણા કરીશું. વસ્તુતઃ આત્માના તે પરિણામ જ શુભોપયોગ નામ પામે છે કે જે શુદ્ધોપયોગના નિમિત્તરૂપથી સહાયક હોય. પ્રત્યેક શુભભાવ શુભોપયોગ નામ પામતા નથી, જે ભેદરૂપ - પરિણામ વીતરાગતાના લક્ષ્યરૂપ કરાય છે તેને જ શુભોપયોગરૂપ પરિણામ કહેવાય છે અર્થાત્ ઉપયોગને રાગ-દ્વેષ, મોહરહિત કરવાના હેતુથી કરેલ સર્વ શુભ પરિણામોને શુભોપયોગ કહેવાય છે. ઉપયોગશુદ્ધિના લક્ષ્ય વિના કરેલ શુભ પરિણામોને માત્ર શુભભાવ જ માનવા જોઈએ, જે સંસારક્ષયનું કારણ નથી. શુભોપયોગરૂપ પરિણામ વીતરાગતાના હેતુથી કરવામાં આવે છે તેથી પરંપરાથી તે સંસારક્ષયનું કારણ બને છે. આપણે તે ૧૩ પરિણામોની વિચારણા કરીશું, જેને મુનિનું સકલ ચારિત્ર કહે છે. તે પાંચ મહાવ્રત, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિઓના રૂપમાં છે.

### પાંચ મહાવ્રત

**''પાપોના સંપૂર્ણ ત્યાગરૂપ પરિણામોને મહાવ્રત કહે છે.''** અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય તથા અપરિગ્રહરૂપે આ પાંચ છે.

**(૧) અહિંસા મહાવ્રત :** પોતાના અહિંસામય સ્વભાવને પરિપૂર્ણરૂપે પ્રગટ કરવા અર્થે સર્વ પ્રકારના હિંસાત્મક પરિણામો તથા પ્રવૃત્તિઓના પરિપૂર્ણ રીતે ત્યાગ કરવાના સંકલ્પને અહિંસા મહાવ્રત કહેવાય છે. ત્રસ અને સ્થાવર સર્વ પ્રકારના જીવોની વિરાધનાનો ત્યાગ અને આરંભી, ઉદ્યોગી, વિરોધી તથા સંકલ્પી - આ ચારે પ્રકારની હિંસાઓના સંપૂર્ણ ત્યાગના રૂપમાં આ વ્રત છે.

**(૨) સત્ય મહાવ્રત :** પોતાના 'સત્' સ્વભાવને પરિપૂર્ણરૂપે પ્રગટ કરવા અર્થે અસત્ય પરિણામોથી (અન્યથા અભિપ્રાય) યુક્ત અસત્યવચનોનો પરિપૂર્ણરૂપે ત્યાગ કરવાના સંકલ્પને સત્ય મહાવ્રત કહે છે. નાસ્તિરૂપ, અસ્તિરૂપ, અન્યથારૂપ તથા દુઃખ અને હાનિરૂપ, આ ચાર પ્રકારના મહાઅસત્યવચનોના પરિપૂર્ણ ત્યાગરૂપ

તથા આવશ્યક્તા મુજબ યથાતથ્ય વચન બોલવાના રૂપે આ વ્રત છે.

(૩) **અચૌર્ય મહાવ્રત :** અન્ય વસ્તુની વાંછાથી રહિત સ્વયંમાં જ પરિતૃપ્ત પોતાના સ્વાધીન સ્વભાવને પ્રગટ કરવા અર્થે તલ-તુષમાત્ર પણ પરદ્રવ્ય ગ્રહણ (હરણ) ન કરવારૂપ પરિણામોથી યુક્ત તથા પ્રમાદ અને કષાયવાળા પરિણામોથી યુક્ત થઈને કોઈ પણ વસ્તુને ગ્રહણ કરવાના સંપૂર્ણ ત્યાગરૂપ સંકલ્પને અચૌર્ય મહાવ્રત કહે છે. અનુમતિ વિના કિંચિત્ માત્ર પણ પરદ્રવ્યોને ગ્રહણ ન કરવાના રૂપમાં આ વ્રત છે.

(૪) **બ્રહ્મચર્ય મહાવ્રત :** પોતાના પરિપૂર્ણ નિર્વિકાર બ્રહ્મસ્વરૂપને પ્રગટ કરવા અર્થે સર્વ પ્રકારના કામવિકારોથી નિવૃત્ત થવા માટે દેવાંગના, મનુષ્યિણી, તિર્યંચણી અને કાષ્ઠાદિની પૂતળીરૂપ અથવા ચિત્રરૂપ આ સર્વ પ્રકારની સ્ત્રીઓથી સંપૂર્ણરૂપે (મન, વચન, કાયાથી) મૈથુનત્યાગના સંકલ્પને બ્રહ્મચર્ય મહાવ્રત કહે છે. જ્યાં એકલી સ્ત્રી (ચારે પ્રકારોમાંથી)નો વાસ હોય ત્યાં સાધુને ન રહેવારૂપ **'વસતિ'**, એકલી સ્ત્રી સાથે વાર્તાલાપ કે ધર્મકથા ન કરવારૂપ **'કથા'**, જ્યાં સ્ત્રી બેઠી હોય તે આસન પર બે ઘડી સુધી ન બેસવું કે સ્ત્રી સાથે એક આસન પર ન બેસવારૂપ **'આસન'**, સ્ત્રીઓના અંગોપાંગને લલિતભાવથી નિરીક્ષણ ન કરવા રૂપ **'ઈન્દ્રિય નિરીક્ષણ'**, જ્યાં સ્ત્રી-પુરુષ કામસેવન કરતા હોય તેમના અતિનિકટ કે જ્યાંથી તેમનો અવાજ સંભળાતો હોય તે સ્થાન પર ન રહેવારૂપ **'કુડ્યાંતર'**, પૂર્વમાં જે કામક્રીડાઓ કરી હોય તેને સ્મરણ ન કરવા રૂપ **'પૂર્વક્રીડા'**, દૂધ, ઘી આદિ વીર્યવૃદ્ધિ કરનારા પદાર્થોનું સેવન ન કરવા રૂપ **'પ્રણીત'**, પેટ ભરીને ભોજન ન કરવા રૂપ **'અતિમાત્રાહાર'**, શરીરનો શૃંગાર ન કરવા રૂપ **'વિભૂષણ'** આ બ્રહ્મચર્યની નવવાડોના પાલનરૂપમાં આ વ્રત છે.

(૫) **અપરિગ્રહ મહાવ્રત :** પોતાના પરિપૂર્ણ સ્વાધીન અસંગ સ્વભાવને પ્રગટ કરવા અર્થે ક્ષેત્ર, વાસ્તુ આદિ દશ પ્રકારના બહિરંગ પરિગ્રહ તથા મિથ્યાત્વાદિ ચૌદ પ્રકારના અંતરંગ પરિગ્રહમાં મૂર્ચ્છાભાવનો સર્વ પ્રકારે ત્યાગ કરવાના સંકલ્પને અપરિગ્રહ મહાવ્રત કહે છે. સ્ત્રી, મકાન આદિ અબદ્ધનોકર્મનો દ્રવ્ય તથા ભાવ બંને પ્રકારે ત્યાગ તથા દેહાદિ બદ્ધનોકર્મ, જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ અને રાગાદિ ભાવકર્મ આમાં મૂર્ચ્છાભાવના આત્યંતિક નાશના રૂપમાં આ વ્રત છે.

## પાંચ સમિતિઓ

**''પ્રાણીઓની પીડાના પરિહાર માટે સમ્યક્ પ્રકારે ક્રિયા કરવી સમિતિ કહેવાય છે.''** અહીં 'સમ્યક્ પ્રકારની ક્રિયા'નો અર્થ યત્નાપૂર્વક કરવાથી છે. જોકે મુનિએ સાંસારિક સર્વ ક્રિયાઓનો તો સર્વથા ત્યાગ કરી દીધો છે તોપણ સાધુજીવનમાં કાંઈક અનિવાર્ય ક્રિયાઓ કરવાની હોય છે, જેનાથી બચવું અસંભવ છે. એવી ક્રિયાઓને પાપરહિત ભાવથી કરવા તથા નવીન બંધ કિંચિત્માત્ર પણ ન થવા દેવાની ક્રિયા કુશળતાનું નામ સમિતિ છે. **જ્યાં પ્રમાદ અને કષાય છે ત્યાં નિયમથી બંધન છે**, તેથી પ્રમાદ અને કષાયરહિતભાવથી (નિષ્કામભાવથી) ક્રિયા કરવી તે જ સમિતિ કહેવાય છે. સાધુ માટે આવી પાંચ અનિવાર્ય ક્રિયાઓ મનાય છે, જેને પાંચ સમિતિઓ કહે છે.

(૧) **ઈર્યા સમિતિ :** ક્ષેત્ર પ્રતિબંધના પરિહાર માટે મુનિ દ્વારા એકસ્થાનથી બીજા સ્થાન પર ગમન કરતા સમયે જીવહિંસાથી બચવા અર્થે યત્નાચારપૂર્વક ચાલવાને ઈર્યા સમિતિ કહે છે. આ ચાર હાથ આગળ જોઈને ચાલવાના રૂપમાં હોય છે.

(૨) **ભાષા સમિતિ :** કોઈ પણ પ્રાણીનું મન

પીડિત ન થાય એ પ્રકારે યત્નાપૂર્વક બોલવાને ભાષાસમિતિ કહે છે. આ આવશ્યકતા પ્રમાણે, કલ્યાણકારી તથા કષાયરહિત સંભાષણના રૂપમાં હોય છે. અહીં 'કષાયરહિત'થી તાત્પર્ય નિષ્કામભાવથી છે.

(૩) **એષણા સમિતિ :** ધર્મપ્રયોજન અર્થે અને સ્વાધ્યાયાદિ તપ વધારવા માટે, દેહને ટકાવી રાખવાના હેતુથી દિવસમાં એકવાર **યત્નાચારપૂર્વક** સંપૂર્ણ નિરામિષ, શુદ્ધ, સાત્ત્વિક આહાર ગ્રહણ કરવો એષણા સમિતિ કહેવાય છે. આ ભોજન સંબંધિત ૪૬ દોષ તથા ૩૨ અંતરાયોને ટાળીને ભોજન કરવાના રૂપમાં હોય છે. ભોજનને શોધન કરતાં, નિર્લિપ્તભાવથી, રસગૃદ્ધતા રહિત કરવું તે એષણા સમિતિની ત્રણ મૂળ વિશેષતાઓ કહી છે.

(૪) **આદાન - નિક્ષેપણ સમિતિ :** પિચ્છી, કમંડળ, શાસ્ત્રાદિ રાખતા - ઉઠાવતા સમયે ત્રસ કે સ્થાવર જીવોની હિંસા ન થાય તેનું ધ્યાન રાખવું આદાન - નિક્ષેપણ સમિતિ કહેવાય છે.

(૫) **વ્યુત્સર્ગ/પ્રતિષ્ઠાપન સમિતિ :** જીવરહિત પ્રાસુકભૂમિ પર સામાન્ય જનજીવનથી દૂર મળ-મૂત્રાદિનો ત્યાગ કરવો વ્યૂત્સર્ગ કે પ્રતિષ્ઠાપન સમિતિ કહેવાય છે. આમાં સૂક્ષ્મજીવોની પણ હિંસા ન થાય એવી પ્રાસૂક ભૂમિ પર મળ-મૂત્ર ક્ષેપણ કરવું તથા કોઈ અન્યની જુગુપ્સાનું કારણ ન થાય એવા ગુપ્ત સ્થાન પર મળ - મૂત્ર, શ્લેષ્માદિનું ક્ષેપણ કરવું આ બે વાતો પર વિશેષ ધ્યાન અપાય છે.

## ત્રણ ગુપ્તિઓ

**"જેના બળથી સંસારના કારણોથી આત્માનું ગોપન અર્થાત્ રક્ષા થાય છે તે ગુપ્તિ છે." "યોગોનો સમ્યક્ પ્રકારે નિગ્રહ કરવો ગુપ્તિ છે."** અહીં સમ્યક્‌થી તાત્પર્ય અન્ય સાંસારિક અભિલાષાઓથી રહિત માત્ર સંવર-નિર્જરાના હેતુથી કરાયેલ યોગનિગ્રહથી છે. મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ અને કષાયો; આ ચાર સંસારના મૂળ કારણ છે તથા મન, વચન, કાયાના યોગ તે કર્મના આવવાના દ્વાર છે. જો દ્વાર બંધ કરવામાં આવે તો કર્મ પ્રવેશ કરી શકશે નહીં. મિથ્યાત્વાદિ શેષ ચાર કારણોનું ક્રિયાન્વિકરણ પણ યોગોના માધ્યમથી જ થાય છે. જો યોગોનો નિગ્રહ થઈ જાય તો મિથ્યાત્વાદિ પણ પોતાનું કાર્ય કરી શકશે નહીં; એટલા માટે જ ગુપ્તિને શુદ્ધોપયોગ ભૂમિકાનું અનન્ય સાધન માન્યું છે. ગુપ્તિ દ્વારા જ સંયમી સ્વરૂપગુપ્ત થાય છે. તે ત્રણ પ્રકારે છે :

**(૧) કાયગુપ્તિ : આત્મલીનતા માટે કાયાને કોઈ એક ઉત્તમ આસનમાં સ્થિર કરવી કાયગુપ્તિ કહેવાય છે.** આનાથી કાયયોગના નિમિત્તથી થનારા આત્મપ્રદેશોના પરિસ્પંદન રોકાઈ જાય છે, જેથી તત્સંબંધી આસ્રવ થતો નથી. પદ્માસન, ખડ્ગાસન, સિદ્ધાસન તથા સુખાસન આ ચાર આસન કાયગુપ્તિ માટે ક્રમશઃ ઘટતા ક્રમથી શ્રેષ્ઠ મનાય છે.

**(૨) વચનગુપ્તિ : વાણી દ્વારા શબ્દોચ્ચાર કરવો બહિર્જલ્પ કહેવાય છે** તથા **શબ્દોચ્ચાર વિના મનમાં વાતો કરવી અન્તર્જલ્પ કહેવાય છે.** આત્મલીનતા માટે બહિર્જલ્પ અને અન્તર્જલ્પ બંનેને રોકીને સંપૂર્ણ મૌન થઈ જવું વચનગુપ્તિ કહેવાય છે. વચનગુપ્તિથી વચનયોગના નિમિત્તથી થનારા આત્મપ્રદેશોના પરિસ્પંદન રોકાઈ જાય છે, જેથી તત્સંબંધી આસ્રવ થતો નથી. મૌન રહેવાથી વીર્યશક્તિનો પણ સંચય થાય છે, જેથી દીર્ઘકાળ સુધી ગહન ધ્યાન કરવાની યોગ્યતા ઉત્પન્ન થાય છે.

(૩) **મનોગુપ્તિ :** સંકલ્પ - વિકલ્પ કરવા તે મનનું કાર્ય છે. **પૂર્વકર્મોદયથી મનમાં જે સહજ વિચાર આવે છે તેને વિકલ્પ કહે છે. તે વિચારોને આધાર બનાવીને નવીન ભાવિ વિચારોનું સૃજન**

**(અનુસંધાન પાના નં. ૧૨ પર...)**

# શ્રી ભક્તામર સ્તોત્ર

(ક્રમાંક - ૪૨)

મહેન્દ્રભાઈ કે. ખંધાર

## સર્વભયભંજક પ્રભુઆશ્રય - ઉપસંહાર

● **મૂળ શ્લોક :** (વસંતતિલકા)

**मत्तद्विपेन्द्र मृगराज दवानलाहि -**

**संग्राम वारिधि महोदर बन्धनोत्थम् ।**

**तस्याशु नाशमुपयाति भयं भियेव,**

**यस्तावकं स्तवमिमं मतिमानधीते ॥४७॥**

● **શબ્દાર્થ :** मत्त - મદોન્મત્ત, द्विपेन्द्र - હાથી, मृगराज - સિંહ, दवानल - દાવાનળ, अहि - સર્પ, संग्राम - યુદ્ધ, वारिधि - સમુદ્ર, महोदर - જલોદર (તથા), बन्धन - બેડી (થી), उत्थं - ઉત્પન્ન થયેલા, तस्य - તેના, आशु - શીઘ્ર, नाशम् - નાશ, उपयाति - પામે છે, भयम् - ભય, भि - ભય (પોતે), भिया - ભય પામીને, इव - જાણે, यः - જે, तावकम् - (હે પ્રભુ !) તમારું, स्तवम् - (ભક્તામર) સ્તોત્રનો, इमम् - આ, मतिमान - બુદ્ધિમાન, વિચારવાન (પ્રભુભક્ત), अधीते - પાઠ (સ્તુતિ) કરે છે.

● **સમશ્લોકી અનુવાદ :** (મંદાક્રાંતા)

**ગાંડા હાથી, સિંહ, દવ અને સર્પ યુદ્ધે થયેલી,**
**અબ્ધિ કેરી ઉદર-દરદે બંધને કે બનેલી;**
**એવી ભીતિ ઝટપટ બહુ તેમની તો હરે છે,**
**જેઓ તારું સ્તવન પ્રભુજી પ્રેમથી રે કરે છે. (૪૭)**

● **ભાવાર્થ :** (હે પ્રભુ !) જે બુદ્ધિમાન (મનુષ્ય) આપના આ (ભક્તામર) સ્તોત્રનો (ભક્તિપૂર્વક) પાઠ (નિયમિત) કરે છે તેના મદોન્મત્ત હાથી, સિંહ, દાવાનળ, સર્પ, સંગ્રામ (યુદ્ધ), સમુદ્ર (અર્થાત્ જળ), જલોદર (અર્થાત્ રોગ માત્ર) અને બંધનથી ઉપજતા ભયો જાણે પોતે ભય પામીને ઝટ નાશ પામે છે.

● **વિશેષાર્થ / પરમાર્થ :** અગાઉની નવે ગાથાના ભયોનો અત્રે ઉપસંહાર કરતા સમુચ્ચય કથન કરીને પ્રભુ-સ્તુતિનું અત્યંત માહાત્મ્ય બતાવ્યું છે. પ્રભુના શરણે જનારના આઠે પ્રકારના કર્મો પરંપરાએ નાશ પામે છે અને કાળક્રમે સર્વથા કર્મમુક્ત બની, નિર્ભય થઈ કેવળજ્ઞાન પ્રગટાવી સિદ્ધ બને છે.

સામાન્ય રીતે સ્તોત્રના અંતે ફલશ્રુતિ હોય છે. તેથી માનતુંગાચાર્યે ભક્તામર સ્તોત્રની ફલશ્રુતિ વર્ણવતા કહ્યું કે આ પવિત્ર ભક્તામર સ્તોત્રનો જે પ્રજ્ઞાવાન પુરુષ નિયમિત ભાવ-ભક્તિપૂર્વક પાઠ કરે છે તેનો : (૧) મદોન્મત્ત હાથી, (૨) વિકરાળ સિંહ, (૩) સર્વભક્ષી દાવાનળ, (૪) ક્રોધથી ઉન્મત્ત ફણાવાળો વિષધર સર્પ, (૫) મહાબળવાન શત્રુસેના, (૬) ભયાનક યુદ્ધક્ષેત્ર (સંગ્રામ), (૭) તોફાની સમુદ્ર, (૮) જલોદરાદિ ભયંકર વ્યાધિ (મહારોગ) અને (૯) પરાધીનતાનું બંધન, એ બધા ભયોનો સ્તોત્રના પ્રભાવથી નાશ થાય છે. ઉપસર્ગો નવ છે, પરંતુ શત્રુસેના અને સંગ્રામને એક ગણતા ભયો આઠ થાય છે.

અહીં એટલી સ્પષ્ટતા આવશ્યક છે કે સૂરિજીએ પ્રચલિત ૮ ભયોનું નિવારણ દર્શાવેલ છે, પરંતુ ભયની સંખ્યા વિસ્તાર પામતી ૧૬ સુધી પહોંચી છે. વળી, જેઓ આઠ ભયની ગણના કરે છે તેમાં પણ કેટલોક તફાવત છે. દાખલા તરીકે, આચાર્યશ્રીએ પોતે તેમના 'ભયહર સ્તોત્ર'માં નીચેના ભયો ગણાવેલ છે : (૧) રોગભય, (૨) જલભય, (૩) જ્વલનભય, (૪) સર્પભય, (૫) ચોરભય, (૬) સિંહભય, (૭) ગજભય અને (૮) રણભય. આમાં જલભયથી જળના પૂરનો ભય

અભિપ્રેત છે, તેમજ ચોરભય એટલે ચોરનો ભય. આ બન્ને ભક્તામર સ્તોત્રના ૮ ભયમાં નથી. તેની જગ્યાએ સમુદ્રભય અને બંધનભય છે. ભયના પ્રકાર, ભયની સંખ્યા, ભયનો ક્રમ, ભયના પરમાર્થરૂપક વગેરેમાં તફાવત હોવા છતાં એટલું સમજવાનું છે કે ભક્તામર સ્તોત્રમાં કહેલ ૮ ભય તેમજ બીજા પણ જે જે ભયો મનુષ્યને સતાવતા હોય, તે બધા આ ભક્તામર સ્તોત્રના ભક્તિભાવ-પૂર્વકના પારાયણથી નાશ પામે છે. આ સ્તવન બધા ઉપસર્ગ અને અશુભ કર્મોદયના ભયનો નાશ કરી આત્માને નિર્ભય બનાવે છે. આગળના શ્લોકોમાં વિવરણ કર્યા મુજબ, પહેલા ચાર ભય કષાય અને ઘાતીકર્મના રૂપક છે, જેનું પ્રતીક મોહનીય કર્મ છે. પછીના ચાર ભય પરિસ્થિતિ અને અઘાતી કર્મના રૂપક છે જેનું પ્રતીક (અશાતા) વેદનીય કર્મ છે.

ભક્તામર સ્તોત્રમાં કુલ ૯ ઉપસર્ગોનું વર્ણન છે. નિશ્ચયથી તો બધા જ કર્મકૃત છે પરંતુ વહેવારથી બાહ્ય - ભૌતિક રીતે એમ વિચારી શકાય કે : હાથી-સિંહ-સર્પ ઉપસર્ગો તિર્યંચકૃત છે, બળવાન શત્રુ અને સંગ્રામ ઉપસર્ગો મનુષ્યકૃત છે, દાવાનળ અને સમુદ્ર ઉપસર્ગો કુદરતી છે અને જલોદર તથા બેડી-બંધન કર્મકૃત છે.

માનતુંગાચાર્યે જે આ સ્તુતિ કરી છે, ભક્તામર સ્તોત્ર રચ્યું છે તે કોઈને રીઝવવા માટે નથી, કીર્તિ કે પ્રશંસા માટે નથી પરંતુ જિનશાસનની પ્રભાવના માટે ભક્તિસભર હૈયે કરેલ (આદિનાથ) પ્રભુને પ્રાર્થના છે. તે સ્વયં-સ્ફુરિત છે.

આ શ્લોકમાં આચાર્યશ્રી ભક્તામર સ્તોત્રનું માહાત્મ્ય સાનુભવથી પ્રગટ કરે છે. કોઈ પણ પ્રકારના અશુભનો ઉદય હોય તો તે આ સ્તવન-સ્તોત્રથી અવશ્ય નાશ પામે છે તથા તેનો ખ્યાલ આપણને તેમની અવસ્થામાંથી જ આવે છે. તેમની બંધન અવસ્થા આ ભક્તામર સ્તોત્રના પાઠ પછી મુક્તાવસ્થામાં પલટાઈ ગઈ હતી તે સર્વવિદિત છે. તે બનાવ આ રચનાને અત્યંત ગૌરવવંતી બનાવે છે અને પ્રત્યેક જનના હૃદયમાં સ્થાન મેળવી લે છે.

પૂ. ગુરુદેવ કાનજીસ્વામી કહે છે કે વીતરાગદર્શનમાં સમ્યક્દૃષ્ટિ જીવો નિઃશંક હોય છે તેથી મરણ વગેરે સાત ભયથી રહિત હોય છે. તેઓ શ્રી આગળ કહે છે કે હે જિનેશ્વર દેવ ! આપનો ભક્ત એટલે કે આપે પ્રરૂપેલ વીતરાગધર્મનો ઉપાસક, સર્વ ભયથી રહિત હોય છે, ભય પોતે કરીને તેનાથી દૂર ભાગે છે, મૃત્યુ પોતે મરી જાય છે. આત્માના વિશુદ્ધ પરિણામથી પાપકર્મો દૂર થઈ જાય છે તેથી બહારમાં ઉપસર્ગજનિત ભય દૂર થઈ જાય છે અને સર્વભયથી રહિત એવા નિરામય મોક્ષપદને તે આત્મિક આનંદથી સાધે છે.

ભક્તામર સ્તોત્રની શરૂઆતમાં માનતુંગાચાર્યે કહ્યું હતું કે જિનદેવને 'સમ્યક્' ભાવે પ્રણમું છું. અહીં કહ્યું કે જે 'મતિમાન' જીવ આ સ્તુતિ કરે છે તેના સર્વ ભય નાશ પામે છે. મતિ એટલે વીતરાગ સર્વજ્ઞ દેવની શ્રદ્ધા અને ઓળખાણ. સર્વજ્ઞનું સ્વરૂપ ઓળખતા વિભાવથી ભિન્ન સ્વભાવ અને આત્મસ્વરૂપ લક્ષમાં આવે છે. એટલે તે મતિમાન જીવ સમ્યક્ત્વાદિ પામીને ભવભયથી છૂટી જાય છે. સ્તુતિ કરવામાં જો રાગનો આદર કે સંયોગની અભિલાષા રાખે તો તે મતિમાન નથી અને તેની સ્તુતિ સાચી નથી. મતિમાન - સુબુદ્ધિ જીવ તો રાગની કે સંયોગની અભિલાષા છોડીને વીતરાગ સ્વભાવની ભાવનાથી જ સ્તુતિ કરે છે. તેના અંતરમાં આવી વીતરાગતાના ઘોલનરૂપ જિનસ્તુતિ હોય છે. જિનભક્તના રસ-રુચિ પુદ્‌ગલના ચમત્કારમાં નથી, ચૈતન્યના ચમત્કારમાં (અનંતચતુષ્ટય આદિ) છે.

ભક્તામર સ્તોત્રમાં અત્યાર સુધી એક પછી એક ભયસ્થાનનો ક્રમશઃ ઉલ્લેખ હતો પરંતુ ભયના ઉદ્‌ભવમાં કોઈ ક્રમ હોતો નથી. ઘણા ભય એક

સાથે પણ પ્રગટ થઈ શકે છે. ચારે બાજુથી ગઢ ઘેરાઈ ગયો હોય, બધી દિશાઓ રૂંધાઈ ગઈ હોય, એક સાથે ઘણા ભય ત્રાટક્યા હોય, તેવી પરિસ્થિતિનું આ ઉપાન્ત્ય શ્લોકમાં વિવરણ છે. અહીં એવો પ્રશ્ન થઈ શકે કે બધા ભય એકસાથે આવે તો શું કરવું ? ત્યારે માનતુંગાચાર્ય કહે છે કે આ બધા સામટા ભયોનો સામનો કરવા માટે આ સંપૂર્ણ સ્તોત્રનું ભક્તિભાવથી પારાયણ કરવું. આ આખું સ્તોત્ર આવા આઠ તો શું પરંતુ સેંકડો ભયજનક પરિસ્થિતિનું પણ નિવારણ કરે છે. આ સ્તોત્રની રચના જ એટલી ગંભીર અને અર્થપૂર્ણ છે કે સ્તોત્રના ઉદ્‌ગાનથી બધા ભય જ ભયભીત થઈ જાય છે. અહીં માનતુંગાચાર્ય ગુણાલંકારનું અવલંબન લઈને કહે છે કે ભયને પણ ભય ઊભો થાય છે. આ સ્તવનનો રણકાર ભયના હાજા ગગડાવી નાંખે છે. આ ૪૭મો શ્લોક આગળના ૯ સુવર્ણમય અલંકાર જેવા શ્લોકોમાં હીરા જેવો છે.

ભક્તામર સ્તોત્રમાં વર્ણવેલ દુ:ખાવહ નિમિત્તો જીવનને વીંધનારા અને મનુષ્યની નબળી પરાધીન અવસ્થાના દ્યોતક છે. સંસારી જીવો માટે જીવનની ત્રણ પરિસ્થિતિ હોય છે : એક સામાન્ય, એક વિકટ અને એક તેમાંથી છૂટવા માટેની પ્રયાસશીલ પરિસ્થિતિ. આ ત્રણે પરિસ્થિતિમાં અટવાયેલો મનુષ્ય ઉપાસનાથી દૂર રહી અનંત જન્મ-મરણની યાત્રાએ વહ્યો જાય છે. તેમાંથી છૂટવાનો માર્ગ બે પ્રકારનો છે : એક હિંસા (સ્વ અને પરની) અને પાપ પરાક્રમથી ભરેલો માર્ગ અને બીજો પુણ્યમય માર્ગ કે જેમાં ધર્મની સાધના અને પ્રભુનું શરણ મુખ્યરૂપે ઉપાસ્ય છે. જીવનની સામાન્ય સ્થિતિ હોય કે વિકટ, પરંતુ ઉપાસ્ય માર્ગ બધી રીતે શ્રેયસ્કર અને ઉપકારક છે. તે પાપમય પરિસ્થિતિનું નિવારણ કરનાર અમોઘ શસ્ત્ર છે. જીવંત અને જડ બધા ઉપદ્રવો શાંત થઈ જાય એવું આ શક્તિશાળી ભક્તામર સ્તોત્ર છે. હે પ્રભો ! આ સ્તોત્રના મહિમા પાછળ આપના નામનું જ સામર્થ્ય છે. માનો સ્વયં આપશ્રી જ આ સ્તોત્રમાં બિરાજમાન છો ! તેથી જ આ ભક્તામર સ્તોત્ર ભયભીતને અભય, નિર્બળને સબળ, સુષુપ્તને જાગૃત અને આક્રમકને પરિવર્તિત કરે તેવું અલૌકિક છે.

હવે આપણે થોડી તત્ત્વવિચારણા કરીએ કે આ ભય છે શું ? કરણાનુયોગથી તે ચારિત્રમોહનીય કર્મનો નોકષાય છે. ચરણાનુયોગથી તે જીવનની અનાદિ ભયસંજ્ઞારૂપ નબળાઈ છે. કર્મના અનંત પ્રકાર હોવાથી જીવની ભયપ્રકૃતિ પણ અનંત સ્વરૂપે છે. નિષ્કારણ કરુણાથી ભગવાને સર્વ પ્રકારના ભયોનો મુખ્ય ૭ ભયમાં સમાવેશ કર્યો છે : અકસ્માત, વેદના, મૃત્યુ, અરક્ષા, અગુપ્તિ, આલોક અને પરલોક ભય. ભયના મૂળમાં જીવનું સ્વસ્વરૂપનું અજ્ઞાન અને મોહ છે. શુદ્ધ ચૈતન્ય આત્મદ્રવ્ય અજર, અમર, અવિનાશી છે. કોઈ પણ પ્રકારની પરિસ્થિતિ અને પરિણામે ઊપજતો ભય આત્માના એક પણ પ્રદેશની એક કાંકરી પણ ખેરવી શકે તેમ નથી. અનંતકાળમાં અનંત જન્મ-મરણ પછી પણ આત્માના અસંખ્ય પ્રદેશો હજુ એટલા જ (સંખ્યામાં) અને એવા જ (ગુણવત્તામાં) રહ્યા છે (અગુરુલઘુ ગુણના કારણે). એટલે જ પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે કે સાધક-મુમુક્ષુ જીવને અજ્ઞાન સિવાય બીજો કોઈ ભય હોઈ શકે નહીં.

મહાયોગી ભર્તુહરીજી તેમના 'વૈરાગ્યશતક' (શ્લોક-૩૪)માં કહે છે કે જગત અને જીવનમાં ધન, બળ, રૂપ, દેહ, ભોગ આદિ નવ પદાર્થો ભયવાળા છે અને એક માત્ર વૈરાગ્ય જ અભય છે (જુઓ વચનામૃતજી પૃષ્ઠ-૩૩). વિચારીએ કે વૈરાગ્ય છે શું કે ભર્તુહરીજી એક માત્ર તેને જ અભય કહે છે અને સર્વજ્ઞ પરમાત્માને પણ વીતરાગ કહ્યા. રાગના પાયામાં ઇચ્છા, તૃષ્ણા, આસક્તિ, રતિ,

ગમો, મનોજ્ઞ આદિ લોભકષાયરૂપ વિભાવ (મોહ સાથે) રહેલા છે. પોતાના શુદ્ધાત્મા (અને સ્વભાવ) સિવાય ૧૪ રાજલોકના કોઈપણ પદાર્થ - પરિસ્થિતિ -વ્યક્તિ - ભાવ (વિભાવ) તે બધા રાગ (આસ્રવ)ના ખાતામાં જશે. તેથી જ યુગાચાર્ય કુંદકુંદદેવ 'સમયસાર' પરમાગમમાં માત્ર બે જ તત્ત્વ, આત્મા અને આસ્રવ દર્શાવીને કહે છે કે,

**આત્મા અને આસ્રવ તણો જ્યાં ભેદ જીવ જાણે નહીં,**
**ક્રોધાદિમાં સ્થિતિ ત્યાં લગી અજ્ઞાની એવા જીવની. (૬૯)**

શ્રીમદ્જી પણ 'આત્મસિદ્ધિ'માં (ગાથા-૧) એ જ કહે છે કે,

**જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત...**

વૈરાગ્ય એટલે જ્યાંથી અને જેનામાંથી રાગ (આકર્ષણ, સુખબુદ્ધિ, ઇચ્છા, આસક્તિ) મંદ થઈને ક્ષીણતાને પામે, અર્થાત્ અનાસક્તિ અને નિરીહપણું. વૈરાગ્ય એ પ્રક્રિયા-પથ છે અને વીતરાગતા તેનું લક્ષ, ધ્યેય, ચરમબિંદુ, સિદ્ધિ છે. શુદ્ધ આત્મદ્રવ્યના અનંતગુણોમાંથી જે મુખ્ય ૧૦ લક્ષણ ધર્મ કહ્યા તેમાં નવમો ધર્મ 'આકિંચન્ય' સમજાવે છે કે પોતાના ત્રિકાળી ધ્રુવ શુદ્ધાત્મા સિવાય અન્ય કાંઈ આપણું નથી, આપણે નથી. વૈરાગ્યની જનનીરૂપ ૧૨ ભાવનામાં ચોથી અને પાંચમી, એકત્વ અને અન્યત્વ ભાવનાઓ (એક જ સિક્કાની બે બાજુ જેવી)ના હાર્દમાં એ ભાવ (ભાવના) રહેલો છે કે પોતાનો શુદ્ધાત્મા જ એકલો છે અને બાકી સમગ્ર બ્રહ્માંડ અન્ય-પરાયું છે.

એવો સવાલ થવો અસ્થાને નથી કે ભક્તામર સ્તોત્ર અને શ્લોક - ૪૭ (૮ ભયો, ૯ ઉપસર્ગો)ના સંદર્ભમાં આ વિવરણ - ચર્ચા ક્યાં સ્પર્શે છે. ચાલો એ પણ જોઈએ.

અજ્ઞાનના પાયામાં અજાણપણા સાથે અશ્રદ્ધા પણ રહેલ છે. સ્વરૂપનું અજ્ઞાન છે તેની સાથે સર્વજ્ઞ પ્રભુ, આચાર્યો, જ્ઞાની મહાત્માઓ અને સંતો જે કહે છે અને સમજાવે છે તેમાં વિશ્વાસ - શ્રદ્ધા નથી. તેથી જ સમ્યગ્દર્શનના આઠ અંગોમાં નિઃશંકિત્વ પહેલું મૂક્યું અને તેનું એકનું વજન (મહત્ત્વ) બાકીના સાત અંગ કરતા અનેકગણું વધારે છે, તે એન્જિન છે અને બાકીના સાત ડબ્બા છે ! પત્રાંક - ૨૫૪માં પરમ તત્ત્વજ્ઞ રાજચંદ્રજી લખે છે કે નિઃશંકતાથી નિર્ભયતા ઉત્પન્ન હોય છે. જેને પોતાના સ્વરૂપ અને સ્વભાવમાં અતૂટ શ્રદ્ધા છે તેને કોઈપણ પ્રકારનો ભય હોય જ નહીં કારણકે ભક્તામર સ્તોત્રમાં ઉદાહરણ તરીકે કહેલા, આપણા સૌના પરિચિત અને આપણા જીવનમાં પજવતા, એવા એ ૮ ભય (કે ભેદ-પ્રભેદ સાથે અનંત પ્રકાર) આત્માનું કાંઇ બગાડી શકે નહીં, તેને કાંઇ કરી શકે નહીં. તેવી અવિચલ શ્રદ્ધા એ જ નિર્ભયતાની જનની છે, તે ભયની મારણ છે. તેથી જ આચાર્યશ્રીએ ઉપહાસપૂર્વક વ્યંગમાં કહ્યું કે ભય પોતે ભયભીત થઈને નાશી જાય છે.

તો હવે પ્રશ્ન એ પણ થાય કે ભય - નિર્ભયતા તો સમજ્યા, પણ આમાં ભગવાનની ભક્તિ ક્યાં આવી ? તે કેવી રીતે નિયામક છે તે હવે સમજીએ.

ભાવપૂર્વકની ભગવાનની ભક્તિના ત્રણ ઘટકો છે : પ્રેમ, શ્રદ્ધા અને સમર્પણતા (તે ક્રમમાં). પહેલું બીજાનું કારણ છે, બીજું ત્રીજાનું કારણ છે અને ત્રણેય જ્ઞાનીઓએ માન્ય કરેલ છે. (૧) પ્રેમ એટલે રુચિ, સામાન્ય વિશ્વાસ અને દિવ્ય નિઃસ્વાર્થતા. પરમાત્માના પ્રેમબંધનથી જગતના અને કર્મના બંધનો છૂટી જાય છે. (૨) શ્રદ્ધા એટલે દેવ-ગુરુ-ધર્મની વાસ્તવિકતા સાથે તાદાત્મ્યતા અને નિષ્કંપ દઢતા. (૩) સમર્પણતા એટલે સંપૂર્ણ - એકતરફી - બિનશરતી - સમજણપૂર્વકની શરણાગતિ સાથેનું આચરણ અને જીવન. ત્રણેય ઘટકો એક અપેક્ષાએ અનુક્રમે જ્ઞાન-દર્શન-ચારિત્રના

રૂપક છે. ત્રણેયના પ્રતીક અનુક્રમે બુદ્ધિ, હૃદય અને ઈચ્છાની સોંપણી છે. આવી પ્રેમભક્તિથી મોહની પણ મંદતા થતા જીવ નમ્ર - સરળ - હળુકર્મી બને છે. જિનભક્તિ ક્યારેય નિષ્ફળ જતી નથી. જિનભક્તિ પાપનાશક, પુણ્યવર્ધક અને પરંપરાએ મોક્ષ આપનારી છે. કહ્યું છે ને કે **જિનભક્તિ ગ્રહો, તરુકલ્પ અહો, ભજીને ભગવંત ભવંત (અને ભયંત) લહો** (મોક્ષમાળા શિક્ષાપાઠ-૧૫). જિનગુણસ્મરણ (ભક્તિ)થી નિજગુણસ્મરણ થઈને અંતર્મુખતા પરિણમે છે, જે કર્મથી મુક્ત કરે છે.

દિવ્ય પ્રેમમય પ્રભુભક્તિથી શ્રદ્ધા અને શ્રદ્ધાથી નિર્ભયતા આવતા બહારના પરિબળોનો ભય દૂર થઈ જાય છે. વળી, ભાવપૂર્વકની નમ્ર-નિર્દોષ ભક્તિથી જે ઉત્તમ પુણ્ય (ભૂમિકા અનુસાર સાતિશય, પુણ્યાનુબંધી પુણ્ય વગેરે) બંધાય છે તેથી પૂર્વના અશુભ કર્મોના વર્તમાન ઉદયરૂપ પ્રારબ્ધનું સંક્રમણ થઈને ભય-ઉત્પાદક પરિબળો નિર્બળ અને ક્ષીણ થઈ જાય છે. આ જ સમગ્ર ભક્તામર સ્તોત્રમાં રહેલ ભક્તિયોગનું રહસ્ય છે.

અંતમાં સર્વ જીવો પ્રભુ પ્રત્યેની નિષ્કામ ભાવ-ભક્તિથી નિર્ભય બની સત્વર ઊર્ધ્વગામી સાધક બને તેવી મંગલભાવના સાથે, જિનાજ્ઞાથી વિપરીત કાંઇ લખાયું હોય તો ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

॥ શ્રી સદ્ગુરુચરણાર્પણમસ્તુ ॥

---

# પુસ્તક સમાલોચના

**- મિતેશભાઈ એ. શાહ**

(નોંધ : આ વિભાગ માટે ગ્રંથ કે પુસ્તકની બે નકલ મોકલવા વિનંતી.)

**[૧] પુસ્તકનું નામ : કથાતાત્પર્ય**

**લેખિકા :** ભાનુબેન શાહ ● **પૃષ્ઠસંખ્યા :** ૧૨૦ ● **આવૃત્તિ :** પ્રથમ ● **મૂલ્ય :** નિઃશુલ્ક

**પ્રાપ્તિસ્થાન : ભાનુબેન ડી. શાહ** - ૨૬, મીલપરા, તપોવન એપાર્ટમેન્ટ નં. ૨,
કાંતા સ્ત્રી વિકાસગૃહ રોડ, રાજકોટ - ૩૬૦૦૦૨. ફોન : ૦૨૮૧-૨૨૩૯૦૬૨

આ પુસ્તકમાં ૩૦ કથાઓ દ્વારા બોધ આપવામાં આવ્યો છે; જેમાં જૈન ધર્મના આધારે સમજૂતી આપવામાં આવી છે. આ કથાનકો દ્વારા મુખ્ય આત્માની વાતો કરવામાં આવી છે. લેખિકાની રજૂઆતશૈલી આકર્ષક છે. પુસ્તક સૌને વાંચવું ગમે તેવું છે.

**[૨] પુસ્તકનું નામ : આતમરામ**

**લેખિકા :** ભાનુબેન શાહ ● **પૃષ્ઠસંખ્યા :** ૯૭ ● **આવૃત્તિ :** પ્રથમ ● **મૂલ્ય :** નિઃશુલ્ક

**પ્રાપ્તિસ્થાન :** ઉપર મુજબ

દરેક મનુષ્યનું આખરી ધ્યેય આત્માને વિશુદ્ધ કરીને અંતે મોક્ષપ્રાપ્તિનું છે. આત્મા અનુભવગોચર, સ્વસંવેદ્ય છે. તેની અનુભૂતિ કરીને માનવજીવનને ધન્ય બનાવવાનું છે. આ પુસ્તકના ૨૦ પ્રકરણમાં આત્મા અજર, અમર, અવિનાશી, સમતામય, જ્ઞાનસ્વભાવી, દેહાતીત, અજન્મ, અઉત્પન્ન છે, ત્રણ પ્રકારના આત્મા, આત્માના લક્ષણો, આત્માનો મૂળભૂત સ્વભાવ વગેરે અંગે ટૂંકમાં સુંદર સમજૂતી આપવામાં આવી છે.

# આત્માની ભાવશક્તિ (૩૩) અભાવશક્તિ (૩૪)

વલભજી હીરજી 'કેવલ'

આત્મામાં એવી ભાવશક્તિ છે કે જ્યારે જુઓ ત્યારે તેમાં કોઈ અવસ્થા વિદ્યમાન હોય જ. અવસ્થા વગરનો તે હોય જ નહીં, અને તેનામાં એવી અભાવશક્તિ છે કે વર્તમાન સિવાયની બીજી અવસ્થાઓ તેનામાં અવિદ્યમાન હોય છે. આ રીતે આત્મામાં ભાવશક્તિ અને અભાવશક્તિ છે. અભાવશક્તિ પણ છે તો ભાવરૂપ, કાંઇ અભાવરૂપ નથી.

આત્માનો સ્વભાવ જ્ઞાન અને આનંદરૂપ છે. જ્ઞાન અવસ્થાપણે તેનો ભાવ છે. જ્ઞાનઅવસ્થા તેમાં વિદ્યમાન છે, ને રાગાદિનો તેમાં અભાવ છે. દેહ તથા રાગાદિ જ્ઞાનમાં જણાય છે પણ તેઓ જ્ઞાનમાં અભાવરૂપ છે. જડનો તો આત્મામાં તદ્દન અભાવ છે. વર્તમાન વર્તતી અવસ્થા ભાવરૂપ છે. તેમાં પણ વર્તમાન રાગ વર્તમાન જ્ઞાનમાં તો અભાવરૂપ જ છે. આત્માના દરેક ગુણમાં તેની અવસ્થારૂપ ભાવ વર્તે જ છે. અહીં નિર્મળ અવસ્થાના ભાવની વાત છે. એટલે જ્ઞાનમાં જ્ઞાનની અવસ્થારૂપ ભાવ છે. આનંદમાં આનંદની અવસ્થારૂપ ભાવ છે, એમ દરેક ગુણમાં પોતપોતાની નિર્મળ અવસ્થારૂપ ભાવ વિદ્યમાન છે.

'અનંતગુણધામ આત્મા છું' - એવું આત્મલક્ષ કરતા જે નિર્મળદશા વર્તે છે તે આત્માની વિદ્યમાન ભાવરૂપ અવસ્થા છે. એ સિવાયની બીજી અવસ્થાઓ અવિદ્યમાન છે - અભાવરૂપ છે. વર્તમાનમાં ભૂત-ભવિષ્યની અવસ્થાઓ અવિદ્યમાન છે તેમજ પરભાવો પણ વર્તમાન નિર્મળ અવસ્થામાં અભાવરૂપ છે. જેને કર્મનું જોર લાગે છે ને શુદ્ધાત્માનું જોર નથી ભાસતું તેણે ખરેખર પોતામાં કર્મનો અભાવ દેખ્યો નથી ને નિર્મળ અવસ્થાનું વિદ્યમાનપણું પણ તેને નથી. ભાવશક્તિ તથા અભાવશક્તિવાળા આત્માને તેણે ઓળખ્યો નથી. આવી શક્તિવાળા આત્માને જે ઓળખે તેને પર્યાયમાં નિર્મળતાની વિદ્યમાનતા થાય ને તેને તેમાં વિકારનો તથા કર્મનો અભાવ ભાસે. આત્મા પોતે પોતાની ભવનશક્તિ વડે તે વર્તમાનભાવરૂપે વર્તે છે. દર્શન-જ્ઞાન-ચારિત્ર પર્યાયનું વિદ્યમાનપણું આત્માની ભાવશક્તિથી છે. આત્માની ભાવશક્તિ વગર તે અવસ્થા વિદ્યમાન રહે નહીં અને જો આત્મામાં અભાવશક્તિ ન હોય તો ભૂત-ભવિષ્યની પર્યાયો અભાવરૂપ ન રહે.

આત્માની અનુભૂતિની વિદ્યમાનપર્યાયમાં દેહ-મન-વાણીનો, રાગનો કે ભૂત-ભવિષ્યની પર્યાયનો અભાવ છે. આવું ભાવ-અભાવરૂપ વસ્તુસ્વરૂપ છે. 'જ્ઞાનમાત્ર ભાવ' કહેતા તેમાં નિર્મળ પર્યાયનું ભવન અને પરભાવનું અભવન એવું ભાવ-અભાવપણું ભેગું જ છે. નિર્મળતામાં મલિનતાનો અભાવ એટલે કે પરમાર્થસ્વભાવમાં વ્યવહારનો અભાવ છે.

આવો આત્મા સ્વાનુભવમાં આવ્યો તે વિદ્યમાન એવી નિર્મળ પર્યાય સહિત વર્તે છે ને પરભાવોથી રહિત વર્તે છે. તથા ભૂત-ભવિષ્યની પર્યાય પણ અત્યારે અવિદ્યમાનરૂપ છે. આ રીતે આત્મામાં ભાવપણું ને અભાવપણું બંને ધર્મો વર્તે છે.

• • •

(ક્રમશઃ)

**રાગ, મદ અને મોહ જેના નાશ પામ્યા છે અને જેઓએ સંથારો (સંલેખના) લીધેલ છે એવા મુનિવર જે મુક્તિસુખને ભોગવે છે, તે સુખનો અનુભવ ચક્રવર્તીને ક્યાંથી હોય ?**

ભારતીય ગુરુ પરંપરાના સંદર્ભે :

# સદ્ગુરુ : સંસ્કૃતિનો આધારસ્થંભ

ગુણવંત બરવાળિયા

શૈશવકાળમાં બાળકની માતા જ તેની ગુરુ હોય છે. મા ઘરના પરિસરમાં રહીને પોતાના બાળકને શિક્ષણ અને સંસ્કારનું સિંચન કરે છે, પરંતુ વિશ્વના વિશાળ ફલક પર તેની વિકાસયાત્રા માટે તે માતા પોતાના સ્તરની વ્યક્તિને શોધે છે અને તે છે માસ્તર. આમ, જીવનમાં માના સ્તર પર જો કોઈપણ હોય તો તે છે માસ્તર... એટલે વિદ્યાગુરુ.

પોતાના બાળકના જ્ઞાનની ક્ષિતિજના વિસ્તાર માટે મા પોતાનું બાળક શિક્ષકને સોંપી દે છે. પ્રથમ શિક્ષક માતા, અને પછી જીવનમાં વિદ્યાગુરુનો પ્રવેશ થાય છે.

ગુ = અંધકાર, રુ = દૂર કરનાર

અવિદ્યાનો અંધકાર દૂર કરનાર, જીવનમાં જ્ઞાનનો પ્રકાશ પાથરી, મુક્તિનું મંગલ પ્રવેશદ્વાર જે ચીંધે તે સદ્ગુરુ છે. જેમને સત્‌નો સાક્ષાત્કાર થયો છે એવા સદ્ગુરુને ભારતવર્ષના શાસ્ત્રોએ બ્રહ્મા, વિષ્ણુ, મહેશની ઉપમા આપી નવાજ્યા છે. કેમ કે જીવનમાં સદ્ગુણોના સર્જક ગુરુને બ્રહ્મા ગણ્યા છે. સદ્ગુણના પોષક વિષ્ણુને તુલ્ય ગણ્યા છે અને દોષોના વિનાશક મહાદેવ જેવા માન્યા છે. આ ત્રણ દેવોની ઉપમા યથાર્થ છે.

વિદ્યાગુરુ વિદ્યાદાન દ્વારા આપણા વ્યવહારિક જ્ઞાનમાં વૃદ્ધિ કરે છે; જે જ્ઞાન નોકરી, ધંધા કે વ્યવસાય દ્વારા જીવનનિર્વાહ ચલાવવા ઉપયોગી થાય છે. વળી, ભૌતિક સુખ, સંપત્તિ, પ્રતિષ્ઠાનું ઉપાર્જન પણ તેના દ્વારા થઈ શકે છે. ઉપરાંત, વિદ્યાગુરુએ આરોપેલ ધર્મ નીતિના સંસ્કારો આપણામાં રહેલી સુષુપ્ત ચેતનાને જાગૃત કરવાનું કાર્ય કરે છે. આમ, વિદ્યાગુરુ માનવીનો આખો ભવ સુધારે છે.

પુરુષાર્થ અને પુણ્યના યોગથી ભૌતિક સમૃદ્ધિ સંપન્ન થઈ હોય તો તે સમૃદ્ધિને કઈ રીતે ભોગવવી, તેનો વિવેક ધર્મગુરુ જ શીખવી શકે અને ભૌતિક સમૃદ્ધિ વિના પણ, ખૂબ જ પ્રસન્નતાથી કઈ રીતે જીવી શકાય તે વિદ્યા તો માત્ર ધર્મગુરુ દ્વારા જ પામી શકાય.

ભારતીય ગુરુ પરંપરામાં હજારો વર્ષથી ભક્તો-શિષ્યોના હૃદયમાં ગુરુમહિમાનું ગાન, રટણ અને જાપનું અસ્ખલિત સાતત્ય છે.

**गुरुर्ब्रह्मा गुरर्विष्णु गुरुर्देवो महेश्वरः ।**
**गुरुर्साक्षात् परब्रह्म तस्मै श्री गुरुवे नमः ॥**

આ સંસ્કૃતિએ ગુરુનો પરમતત્ત્વ રૂપે સ્વીકાર કર્યો છે. આધ્યાત્મિક તત્ત્વનાં રહસ્યો પામવા માટે, માત્ર આ ભવ જ નહિ પરંતુ ભવ પરંપરા સુધારવા માટે જીવનમાં ધર્મગુરુનું મહત્ત્વ અનન્ય છે.

બિના નયન પાવે નહીં, બિના નયન કી બાત,
સેવે સદ્ગુરુ કે ચરન, સો પાવે સાક્ષાત્.
બૂઝી ચહત જો પ્યાસકો, હૈ બૂઝન કી રીત,
પાવે નહિ ગુરુગમ બિના, એહી અનાદિ સ્થિત.

આપણા વિદ્વાન વ્યાખ્યાતા ડૉ. પૂજ્ય મહાસતી તરૂલતાજીએ 'હું આત્મા છું'માં યુગપુરુષ શ્રીમદ્ રાજચંદ્રની આ મહાન રચનાને અદ્ભુત રીતે સમજાવતાં કહ્યું છે કે, "બિના નયનની વાત એટલે જે અનુભવ ઇન્દ્રિયોથી થઈ શકતો નથી. ઇંદ્રિયાતીત છે એવો આત્માનુભવ. આપણા ચર્મચક્ષુઓ જગતના સર્વ રૂપી પદાર્થો જોઈ શકે છે, પણ અરૂપી એવો આત્મા આ નયનોમાં સમાતો નથી. તેને જોવો

જાણવો હોય તો અંતરચક્ષુ ઉઘાડવા પડશે. અંતરનો થયેલો ઉઘાડ, અંતરની અનુભવદશાની પ્રાપ્તિની તીવ્ર લગન જ આત્માનો સાક્ષાત્કાર કરાવી શકે. પણ એ લગન લગાડે કોણ ? બ્રહ્મજ્ઞાનના ભોમિયા જેણે પોતે આત્માનુભવ કરી લીધો છે તેઓ માટે હે માનવ ! આત્માનુભવી સદ્‌ગુરુના ચરણોમાં ચાલ્યો જા. તેમના ચરણનું ગ્રહણ કરવાથી પરમાનંદને પામી શકાશે.''

સંત કબીરજીએ પણ સદ્‌ગુરુને જીવનમાં પ્રથમ સ્થાને મૂક્યા - પ્રસ્થાપ્યા છે,

ગુરુ ગોવિંદ દોઉ ખડે, કિસકો લાગું પાય,<br>બલિહારી ગુરુ આપકી, ગોવિંદ દિયો બતાય.

આમ, સહુ સંતોએ એકી અવાજે સદ્‌ગુરુના શરણને સ્વીકાર્યું છે. સદ્‌ગુરુ વિના સાધનામાર્ગે વિકાસ થઈ શકતો નથી.

ગુણપૂજક જૈનપરંપરામાં વિશુદ્ધિની દૃષ્ટિએ સિદ્ધ ભગવંતનું સ્થાન ઊંચું છે. અરિહંત પ્રભુ સિદ્ધોને નમસ્કાર કરે છે પરંતુ નમસ્કાર મહામંત્રમાં પહેલા નમસ્કાર અરિહંત પ્રભુને અને પછી સિદ્ધ પ્રભુને કરીએ છીએ કારણ કે આપણને સિદ્ધનું સ્વરૂપ સમજાવનાર જો કોઈ હોય તો તે ઉપકારી અરિહંત ભગવાન છે. મહાન સદ્‌ગુરુ રૂપે જો અરિહંત ભગવાને સિદ્ધનું સ્વરૂપ ન બતાવ્યું હોત તો આપણે જાણી શક્યા ન હોત અને એવી સિદ્ધદશાની પ્રાપ્તિનો પુરુષાર્થ કરવા કોઈ જીવ પ્રેરાયો પણ ન હોત. આમ, પ્રત્યેક જીવ પુરુષાર્થ કરીને પરમાત્મા થઈ શકે છે એ બતાવનાર અરિહંત પ્રભુને સિદ્ધ ભગવંત કરતાં પણ પ્રથમ સ્થાન આપ્યું છે.

વર્તમાન ગુરુની અનિવાર્યતા છે કારણ, આ કાળમાં આ ક્ષેત્રે અરિહંતદેવ આપણી વચ્ચે સદેહે નથી ત્યારે આપણા માટે જો કોઈ સચોટ અને સબળ અવલંબન હોય તો તે માત્ર એક જ છે અને તે છે સદ્‌ગુરુ.

જિનેશ્વરે શાસ્ત્ર પ્રરૂપ્યા, ગુરુ ગણધર તથા તેમની શિષ્ય પરંપરાએ એ ઉપદેશ સૂત્ર - સિદ્ધાંતને આગમરૂપે ગૂંથ્યા. આમ, સદ્‌ગુરુને કારણે આપણને આગમરૂપી અમૂલ્ય વારસો મળ્યો. શાસ્ત્રોમાં માર્ગ બતાવ્યો છે, મર્મ બતાવ્યો નથી. મર્મ તો સદ્‌ગુરુના અંતરમાં પડ્યો છે. ગુરુ આપણા દોષ જોઈ આપણને જાગૃત કરે, જ્યાં ભૂલીએ ત્યાં ફરી ગણવાની પ્રેરણા આપે. પરમહિતકારી મિત્ર, કરુણાનિધાન સદ્‌ગુરુ હિતબુદ્ધિએ શામ, દામ, દંડ, ભેદરૂપ નીતિ આચરીને પણ સાધકને સાચા રસ્તે ચડાવે. ગુરુ શિલ્પી છે. શિલામાંથી નકામો ભાગ દૂર કરી શિલ્પી સુંદર મૂર્તિ બનાવે તેમ ગુરુ શિષ્યના દુર્ગુણો દૂર કરીને તેને જીવનસૌંદર્ય બક્ષે છે.

જ્ઞાન તો પ્રત્યેક માનવીના આત્માનો પ્રથમ ગુણ છે, પરંતુ જ્ઞાનાવરણીય કર્મથી આત્મા જ્યાં સુધી લેપાયેલો છે ત્યાં સુધી તેને સમ્યક્‌જ્ઞાનની પ્રાપ્તિ નથી. આ જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય ગુરુના ઉપદેશ વિના શક્ય નથી.

**''અહિલ્યા થઈને સૂતું છે, અમારું જ્ઞાન અંતરમાં,<br>ગુરુ ! મમ રામ થઈ આવો, તમારા સ્પર્શ ઝંખુ છું.''**

આમ, સદ્‌ગુરુના સ્પર્શમાત્રથી જ્ઞાન પ્રગટ થવાની માર્મિક વાત કવિએ કહી છે. કબીરજીએ તો સદ્‌ગુરુને જ્ઞાનરૂપી લોચન ઉઘાડનાર કહ્યા છે,

**સદ્‌ગુરુકી મહિમા અનંત, અનંત કિયા ઉપકાર;<br>લોચન અનંત ઉઘાડિયા, અનંત દિખાવણહાર.**

આવા સદ્‌ગુરુ મેળવવા માટે આપણને અંતરના અતલ ઊંડાણમાંથી જિજ્ઞાસા-ઝંખના જાગવી જોઈએ. ગુરુપ્રાપ્તિની અભિલાષા રોમરોમમાંથી પ્રગટ થઈ જોઈએ. સહરાના રણમાં પ્રવાસ કરતાં પ્રવાસીને તરસ લાગે ત્યારે શીતલ જળ માટે કેવી ઉત્કૃષ્ટ ઇચ્છા થાય છે, એ જ રીતે

સદ્‌ગુરુ !

તમોને ઝંખુ છું પ્રખર સહારાની તરસથી...

સદ્‌ગુરુ જેવા મહાન રત્નને જીરવી શકે તેવી પાત્રતા પણ કેળવવી જોઈએ. આ તો સિંહણના દૂધ જેવી વાત છે. વિનય, હિતશિક્ષાની પાત્રતા, ગુરુ પ્રત્યે આદર, અતૂટ શ્રદ્ધા આદર્શ શિષ્યના ગુણો છે. આવા આદર્શ શિષ્ય માટે સદ્‌ગુરુનું શરણું કલ્પવૃક્ષની શીતળ છાયા સમાન છે.

જ્ઞાનીઓએ કહ્યું છે કે કુગુરુ કાગળની કે પથ્થરની નાવ જેવા હોય છે. કાગળની નાવ જેવા ગુરુ પોતે ડૂબે ને બીજાને ડૂબાડે. પથ્થરની નાવ જેવા ગુરુ પોતે ડૂબે ને બીજાને પણ ડૂબાડે, જ્યારે સદ્‌ગુરુ કાષ્ઠની નાવ જેવા હોય છે કે જેઓ પોતે તરે અને બીજાને પણ તારે છે.

જ્ઞાનીઓએ ગુરુને પનિહારી સમાન અને સોનાની ખાણના ખાણીયારૂપે કહ્યા છે.

કૂવામાં પાણી ઘણું છે. તરસ્યો પ્રવાસી કાંઠે ઊભો છે. પાણીના દર્શનથી તેની તૃષા તૃપ્ત થવાની નથી. પનિહારી દોરડું સિંચી ઘડામાં પાણી ભરી બહાર લાવે અને તેને કપડા વડે ગાળી પ્રવાસીની તૃષા તૃપ્ત કરે છે, તેમ શાસ્ત્રનું જ્ઞાન કૂવાના પાણી જેવું છે. ગુરુ તેનું ચિંતન-મનન પરિશીલન કરી આપણા યોગ્ય બનાવી આપે છે અને આપણી જ્ઞાનપિપાસાને તૃપ્ત કરે છે. જેમ પનિહારી કોઈપણ તરસ્યા વટેમાર્ગુને નાત-જાત-પાતના ભેદ વગર પાણીથી તૃપ્ત કરે છે, તેવા જ છે કરુણાવંત જ્ઞાની ગુરુજન.

વળી, સોનાની ખાણમાં માટીમિશ્રિત સોનાનો પુરુષાર્થ દ્વારા અનેક પ્રક્રિયાથી ચોવીસ કેરેટની શુદ્ધ સોનાની લગડી ખાણીયા બનાવે છે, તેમ જ્ઞાની ગુરુજન શાસ્ત્રનાં અગાધ રહસ્યોને સરળ ભાષામાં આપણી સમક્ષ રજૂ કરી મોક્ષનો માર્ગ સુલભ કરી આપે છે. સદ્‌ગુરુના અંતરમાં અખૂટ અનુકંપાનું ઝરણું વહેતું હોય છે. તેથી સંસ્કાર અને સાચી સમજણ ગુરુ પાસેથી મળે છે. અધ્યાત્મજ્ઞાન અને જીવનનાં ઉચ્ચ મૂલ્યો ગુરુ દ્વારા સાંપડે છે. આપણી આર્યસંસ્કૃતિમાં ગુરુને પ્રભુના પ્રતિનિધિ અને ધર્મ સંસ્કૃતિના સંરક્ષક, આધારસ્તંભ અને પોષક માનવામાં આવ્યા છે. સદ્‌વિદ્યા, બ્રહ્મવિદ્યા અને સદ્‌ગુણો ગુરુ પાસેથી જ પ્રાપ્ત થાય છે. નમ્રતા, સેવાભાવ, વિનય ને વિવેક એ બધું ગુરુકૃપાથી જ પ્રાપ્ત થાય છે.

દેવ, ગુરુ અને ધર્મ આ ત્રણે તત્ત્વો પરમ મંગલકારી છે. આ ત્રણ તત્ત્વો તારક છે, પરંતુ આમાં ગુરુનું મહત્ત્વ અવર્ણનીય છે. ત્રણેમાં ગુરુનું સ્થાન એટલા માટે સર્વોપરી છે કે દેવ અને ધર્મ તત્ત્વની સમજણ કરાવનાર ગુરુ જ છે.

ગુરુ ભવ્ય જીવોને બોધ આપે છે. ગુરુના માર્ગદર્શન અને સદ્‌બોધના સ્પંદનો જ જ્ઞાન પ્રાગટ્ય માટે ઉપકારી છે. ગુરુથી જ સમ્યક્ પંથની પ્રાપ્તિ થાય છે. ગુરુથી જ સમસ્યાનું સમાધાન થાય છે. ગુરુની આરાધના તારે છે ને પાર ઉતારે છે. ગુરુરૂપી નાવમાં બેસીને જ સંસારસાગર તરી શકાય છે.

સંસારના સમુદ્રમાં તોફાન આવે અને જીવનનૌકા જ્યારે તેમાં અટવાઈ જાય ત્યારે ખૂબ પ્રયત્ન કરવા છતાં ખરાબે ચડેલી નાવ કિનારા તરફ જઈ શકતી નથી ત્યારે મૂંઝાયેલા શિષ્યના હૃદયમાંથી પોકાર ઊઠે છે –

**"હું તો હસેલાં મારતો થાકી ગયો છું હે ગુરુ !**
**નાવિક બનીને આવજો આ જીવનનૈયા તારવા."**

સાચા હૃદયના આ પુકારથી ગુરુ અવશ્ય માર્ગ બતાવે છે.

ગુરુ કુંભાર છે. જેમ કુંભાર ઘડાનું ઘડતર કરે તેમ ગુરુ શિષ્યનું ઘડતર કરે છે. બહારથી ભલે ટપલા મારે પણ અંદરથી મૃદુ હાથના સ્પર્શથી ઉષ્માભર્યો ટેકો આપે છે. કુંભાર જેમ વધારાની માટીને દૂર કરી ઘડાને સુંદર ઘાટ આપે છે તેમ ગુરુ શિષ્યની ભૂલોને, ઉણપો, ક્ષતિઓને દૂર કરી

યોગ્યતા બક્ષે છે.

બહારથી ગુરુનું સખત કે કડક અનુશાસન હોય પરંતુ અંદરથી શિષ્ય પ્રતિ દયાવાન ગુરુ મૃદુ ભાવ રાખે છે.

કબીર સાચું જ કહે છે :

**'યહ તન વિષ કી વેલડી, ગુરુ અમૃત કી ખાન;**
**શીશ દીયે જો ગુરુ મીલે, તો ભી સસ્તા જાન.'**

'હું તો વિષય-કષાયોના ઝેરથી ભરેલ છું. ગુરુ તો સદ્‌ગુણોની અમૃતખાણ છે. મસ્તક અર્પણ કરવાથી પણ જો ગુરુ મળે તો હું ન્યાલ થઈ જાઉં.'

ભારતીય સંતો, ભજનિકો અને દાર્શનિક કવિઓએ ગુરુમહિમાનાં ગીતો ગાયાં છે. રવિભાણ સંપ્રદાયના સંતો, મહાપંથી સંતો, પરબ પરંપરાના સંતો, દાસી જીવણ, લક્ષ્મીસાહેબ, સ્વામિનારાયણ સંપ્રદાયના નિષ્કુળાનંદસ્વામી, શંકરાચાર્યની વિવેક ચૂડામણિ, કાશ્મીરની કવયિત્રી લલેશ્વરીની રચનાઓ, ગંગાસતી, હોથી, દેવાયત, ડુંગરપરી, નરસિંહ, મીરાં, ધરમદાસ, સંતકવિ અખો, નાનકવાણી અને પ્રીતમદાસે ભરપૂર ગુરુગુણ ગાયા છે.

જૈન શ્રાવક કવિઓ અને જૈન આચાર્યોની રચનાઓ ગુરુગુણદર્શન કરાવે છે. શ્રાવક કવિ ઋષભદાસ, પૂ. આનંદઘનજી, ઉપાધ્યાય યશોવિજયજી, આ. સમયસુંદર, યોગનિષ્ઠ આચાર્ય બુદ્ધિસાગરજી, જ્ઞાનમિલનસૂરિજીની સજ્જાયો, શ્રી ચિદાનંદજી, પાર્શ્વચંદ્રસૂરિ, કમલસુંદર ગણી, ઉદયગિરિના યોગેશ્વર જગજીવનસ્વામી, મુનિ સંતબાલજી, પરમ દાર્શનિક જયંતમુનિએ પોતાની રચનાઓમાં ગુરુમહિમા ગાયો છે.

સાધનના દરેક તબક્કામાં ગુરુ, શિષ્યો તથા ભક્તોના સહાયક બને છે. ગુરુ અહંકાર દૂર કરાવી પાત્રતા પ્રગટાવે છે. ગુરુ આપણા જીવનમાં વિનય ધર્મનું આરોપણ કરે છે અને સાધના માટે લીધેલા સાધન અંગે માર્ગદર્શન આપે છે. ગુરુઆજ્ઞાથી લીધેલ સાધનથી સાધ્ય સુધી પહોંચવામાં સરળતા રહે છે.

દાર્શનિક સંદર્ભે ગુરુદક્ષિણા વિશે ચિંતન કરવા જેવું છે. શિષ્યે હૃદયમાં એવા ભાવ પ્રગટ કરવા જોઈએ કે જે કાંઈ મને મળ્યું છે તે ગુરુકૃપાએ જ મળ્યું છે, માટે સર્વ ગુરુનું જ છે તો હું તેમને ગુરુદક્ષિણા આપનાર કોણ ? ગુરુને અર્પણ થયા પછી અહંનું વિસર્જન થયું છે, મનનું મૃત્યુ થયું છે. આ જગતમાં આત્માથી શ્રેષ્ઠ કશું જ નથી અને મને આત્માનું દર્શન કરાવનાર તો ગુરુ જ છે, જેથી આત્મા પણ તેનો જ છે, તો હું ગુરુને શું આપી શકું ? આમ, લઘુતાભાવ પ્રગટ થાય તો જ શિષ્યત્વ આદર્શ બની શકે છે. ગુરુભક્તિની પરાકાષ્ઠા રૂપ શ્રીમદ્ રાજચંદ્રજીની ગાથા દ્વારા આપણે આ વિષયનું સમાપન કરીશું :

અહો ! અહો ! શ્રી સદ્‌ગુરુ, કરુણાસિંધુ અપાર;
આ પામર પર પ્રભુ કર્યો અહો ! અહો ! ઉપકાર.
શું પ્રભુચરણ કને ધરું, આત્માથી સૌ હીન;
તે તો પ્રભુએ આપિયો, વર્તું ચરણાધીન.
દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત;
તે જ્ઞાનીના ચરણમાં, હો વંદન અગણિત.

સંત દતાત્રેય પશુ-પંખી અને પ્રાણીઓમાં દૈવી ગુણોની વિશિષ્ટતાનાં દર્શન કર્યા તો તેમણે એ બધાને ગુરુપદે સ્થાપી દીધાં. ધન્ય છે તેમની ગુણાનુરાગી દૃષ્ટિને !

દત્તાત્રેયને માનવી, પ્રાણી અને પ્રકૃતિમાં જે સદ્‌ગુણો દેખાયા તેને તેમણે ગુરુ માન્યા, ધરતી આકાશ, સમુદ્ર, વાયુ, અગ્નિ, ઈયળ, ચંદ્ર, સૂર્ય, અજગર, જળ, પતંગિયું, હાથી, મધપૂડો, હરણ, માછલી, ગણિકા, બાળક, કુંવારી કન્યા, લુહાર, સર્પ, મધમાખી અને કૂતરો - આમ આ ચોવીશ

**(અનુસંધાન પાના નં. ૩૬ પર...)**

# આધ્યાત્મિક પ્રવચનો

**પૂ. કેશવલાલજી મહારાજ**

**''मोक्खमग्गगइं तच्चं, सुणेह जिणभासियं ।**
**चउकारणंसंजुतं, नाणदंसणलक्खणं ॥१॥''**

**ઉત્તરાધ્યયન સૂત્ર - અધ્ય. ૨૮**

''જિનેશ્વરદેવે કહેલી ચાર કારણોથી યુક્ત જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપવાળી સત્યાર્થ, ભૂતાર્થ, યથાર્થ ભાવવાળી એવી મોક્ષગતિનો માર્ગ સાંભળો.''

જગતના જીવો અનેક પ્રકારની અશાંતિ, આકુળતા, દુઃખો અને મોહની મૂંઝવણથી દુઃખી થઈ રહ્યા છે. આ પરંપરા અનાદિકાળથી ચાલી આવે છે. દેહ, વાણી, મન અને યોગને પોતાનું સ્વરૂપ માને છે. બસ, શરીરની સગવડતા જે વ્યક્તિ કે વસ્તુ તરફથી મળતી હોય તેના પર રાગ અને મોહ થયા કરે છે અને મળતી નથી ત્યારે દ્વેષ થયા કરે છે. જીવની આ મહાન ભૂલને મિથ્યાદર્શન શલ્ય કહે છે. સર્વ દુઃખ અને અશાંતિનું આ જ મૂળ છે. અજ્ઞાનીને પોતાના સ્વભાવમાં નિરુત્સાહ અને પરમાં ઉત્સાહ છે, પરમાં જ મોહિત થયા કરે છે. પરમાં એકત્વબુદ્ધિ હોવાના કારણે જગતના જેટલા પર દ્રવ્યો છે તેને પોતાના કરવા માંગે છે. પોતાનું અસ્તિત્વ તે માનતો - જાણતો નથી. જ્ઞાનીઓ કહે છે, ''હે જીવ ! હું પરથી જુદો છું એવી પ્રતીતિ એકવાર તો લાવ. પોતાના સ્વભાવની પ્રતીતિ થતાં ત્રણ કાળ, ત્રણ લોકના પદાર્થો મારા નથી એવી માન્યતા આવી જશે. એક ક્ષણમાં જ બધી ઊંધી માન્યતા, ઊંધો પુરુષાર્થ ફેરવીને સવળો કરી શકાય છે. સમ્યગ્દર્શન એટલે સાચી શ્રદ્ધા.

સંશય, વિપરીત અને અનધ્યવસાય આ ત્રણ દોષ ટાળીને સત્યાર્થ, ભૂતાર્થ, યથાર્થરૂપ સ્વ અને પરનું જાણપણું તેને સમ્યક્જ્ઞાન કહે છે. સમ્યગ્ દર્શન અને જ્ઞાનપૂર્વકની સ્વરૂપની લીનતા તેને સમ્યક્ચારિત્ર કહેવાય. આત્માનું આત્મામાં તપવું તે સમ્યક્તપ છે.

અજ્ઞાની જીવોની દૃષ્ટિ બહારમાં હોવાથી હું પરનો આશ્રય લઉં તો મને આનંદ થાય તેમ માને છે. કેરીનો રસ ચાખું તો, મોટરમાં બેસીને બહાર ફરવા જાઉં, ઠંડી હવા ખાવા જાઉં તો મને આનંદ થાય. જ્ઞાની કહે છે, ''હે આત્મન ! તું ત્રણ લોકનો નાથ છો. તારું અનંત સુખ અને આનંદ તારામાં જ ભર્યું છે. તારા સ્વરૂપનો આશ્રય લે. પરનો લક્ષ છોડીને, પરપદાર્થનું અહંપણું ટાળીને જ્ઞાનનો દરિયો એવા ભગવાન આત્માનું લક્ષ કરતાં સ્વસંવેદનનો પ્રત્યક્ષ અનુભવ થાય છે ત્યારે એક પ્રકારનો અપૂર્વ આનંદ અને શાંતિનો અનુભવ થાય છે.''

સમ્યગ્દર્શન વિના બધા પ્રાણીઓ એકાન્ત દુઃખને જ અનુભવી રહ્યા છે. નરકમાં ગયો કે નવમી ગ્રૈવેયિક ગયો, છતાં સમ્યગ્દર્શન વિના સાચું સુખ પામી શક્યો નહીં. બાહ્ય પદાર્થો જેવા કે સ્ત્રી, પુત્ર, કુટુંબ, ધન-ધાન્યાદિમાં સુખ છે જ નહીં. સુખ નામનો ગુણ તારા આત્મામાં જ છે. હજી સુધી તે તારા સ્વભાવને ઓળખ્યો નથી, જેથી બહાર ગોતતો ફાંફાં મારે છે. આત્મા જ જ્ઞાનાનંદનો પાતાળિયો કૂવો છે.

અહો ! ભવ્ય જીવો ! હું જ્ઞાન-દર્શનમય છું, શાંતિનો પિંડ છું. પર ચીજોનાં કાર્યો મારા હાથમાં છે જ નહીં, આવું ભાન કરી અંદરમાં સ્થિર થશો તો અંદરમાંથી જ અક્ષય સુખ-શાંતિ પ્રગટશે. પર્યાયે, પર્યાયે, ક્ષણે ક્ષણે ખ્યાલ રહે કે હું કોણ છું ? શા

માટે અહીં આવ્યો છું ? શું કરી રહ્યો છું ? દેહની બહુ પરવા કે દરકાર નહીં કરો પણ ઉપયોગ શું કરી રહ્યો છે ? ઉપયોગ સ્વમાં છે કે પરમાં ? તેની રજેરજનો ખ્યાલ રાખો.

સ્તુતિ અને નિંદાથી દૂર થયા વિના કોઈ માણસ આત્મકલ્યાણ સાધી શકતો નથી. જીવનમાં ચડેલી ફિલ્મમાં જે વસ્તુ આવે તેને બસ જ્ઞાતા દૃષ્ટાપણે રહીને જોયા કરો. પ્રાપ્ત સંયોગો શાંતિથી સહી લેવા. વૃત્તિના ઉછાળાને આધીન થઈ નવા કર્મો બાંધીશ નહીં. નવા કર્મ એટલે જન્મ-મૃત્યુનું નવું વસ્ત્ર ધારણ કરવું તે. કેટલું જીવવું અને ક્યારે મરવું તે આપણા હાથની વાત નથી, પણ કેવી રીતે જીવવું અને કેમ મરી જાણવું તે આપણા હાથની વાત છે.

હે જીવ ! તું આટલું નક્કી કર કે દેહ સાથે એકમેક થઈને હું કદી રહ્યો નથી. અનંતા દેહ ચાલ્યા ગયાં છતાં હું તો છબીલો એમનો એમ એકલો જ છું. હું તો મારા જ્ઞાન સાથે એકમેક છું. કદીપણ હું મારા જ્ઞાનસ્વભાવથી છૂટો પડીને દેહરૂપે થયો નથી, થવાનો નથી અને થઈશ પણ નહીં. આધિ, વ્યાધિ, ઉપાધિ કે શરીરમાં ભયંકર રોગો આવે છતાં હું તો શરીરથી જુદો જ છું, અતીન્દ્રિય, યોગાતીત છું એમ જાણીને હે ચેતન ! તું જુદો રહે. મારા જ્ઞાન સ્વભાવમાં રાગાદિ, ક્રોધાદિ, રોગાદિનો પ્રવેશ જ નથી. 'આનંદમય જ્ઞાનતત્ત્વ - તે જ હું છું' એવું જો લક્ષ રહે તો મૃત્યુ વખતે પણ તેને મૂંઝવણ થતી નથી.

આવો ઉત્તમ માનવભવ, જિનશાસન અને અનુકૂળ સંયોગો મળ્યા છે તો આત્મકલ્યાણ થાય તેવો પુરુષાર્થ કરી લો. જગતમાં કોઈ શરણરૂપ નથી. માત્ર જિનેન્દ્રદેવે કહેલ ધર્મ જ શરણ છે. નિશ્ચયથી એકલો આત્મા જ શરણભૂત છે. શ્રીમદ્ રાજચંદ્રજી પણ સ્વસ્વરૂપમાં રમણતા કરતાં કહે છે કે :

"સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી,
આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી;
અનાથ એકાંત સનાથ થાશે,
એના વિના કોઈ ન બાંહ્ય સ્હાશે."

(સ્થાનકવાસી સંપ્રદાયના અધ્યાત્મયોગી પૂ. કેશવલાલજી મહારાજ સાહેબના તત્ત્વજ્ઞાનથી ભરપૂર ઉત્તમ વ્યાખ્યાનો અમારી પાસે છે. જે મુમુક્ષુને વાંચવા કે પુનર્મુદ્રણ કરાવીને સત્શ્રુતની પ્રભાવના કરવાનો ભાવ હોય તેમણે આ નંબર પર ફોન કરી મેળવી લેવા. શ્રી મહેશભાઈ ડગલી (૦૪૨૨-૨૪૩૦૦૧૦) આ મહારાજે પરમકૃપાળુદેવના વચનામૃતનો ઊંડો અભ્યાસ કર્યો હતો.)

• • •

## સદ્ગુરુનું સ્વરૂપ


**(પાના નં. ૯ પરથી ચાલુ...)**

આપણો પણ શુદ્ધાત્મા છે પરંતુ તે અપ્રગટ છે. પ્રગટ દીવાના યોગથી બીજો દીવો પ્રગટે તેમ આપણે આત્મજ્યોતિ પ્રગટાવવા માટે સાચા જિજ્ઞાસુ બની સદ્ગુરુના શુદ્ધાત્માનો આશ્રય કરતા તેમના શુદ્ધાત્મા જેવો જ મારો શુદ્ધાત્મા છે એમ શ્રદ્ધા કરવી. અત્યારે આત્મા ઢંકાયેલો છે, તેનું આવરણ આ આશ્રય દ્વારા ધીરે ધીરે હટતું જશે અને કોઈ ધન્ય ઘડીએ શુદ્ધાત્મા પ્રકાશ પામશે. આ જ સાચું ગુરુપૂર્ણિમા પર્વનું રહસ્ય છે. જ્યારે જ્ઞાનજ્યોતિ પ્રગટ થાય છે ત્યારે અનંતકાળનો અજ્ઞાનરૂપી અંધકાર નષ્ટ થઈ જાય છે અને આ મનુષ્યભવ સફળ થઈ જાય છે. માટે જ આપણી સંસ્કૃતિમાં કોઈ અપેક્ષાએ ભગવાન કરતાં પણ ગુરુને વધારે ઉપકારી માન્યા છે,

"ગુરુ ગોવિંદ દોનોં ખડે, કિસકો લાગુ પાય;
બલિહારી ગુરુદેવ કી, જિન ગોવિંદ દિયો દિખાય."

॥ ૐ શાંતિ શાંતિ શાંતિ ॥

• • •



# બાળ વિભાગ



સંકલન : મિતેશભાઈ એ. શાહ

## જ્ઞાનપિપાસા

રાષ્ટ્રપતિ સ્વ. ડૉ. ઝાકિરહુસેનના કુટુંબની ખ્યાતિ એક ધાર્મિક કુટુંબ તરીકે હતી. ડૉ. ઝાકિરહુસેનને પણ સંતો અને મહાત્માઓનો સત્સંગ કરવાનું ગમતું હતું. એમના કુટુંબમાં એક સૂફીવાદી સંત આવતા હતા. એ સંતને પ્રાચીન ગ્રંથો વસાવવાનો અને વાંચવાનો ભારે શોખ હતો.

ઘણીવાર કોઈ દુર્લભ ગ્રંથ બજારમાં વેચાતો ન મળે તો જેની પાસે એવો ગ્રંથ હોય તેની પાસેથી થોડા દિવસ માટે એ ગ્રંથ ઉછીનો લઈ આવે અને એની નકલ કરી લે. નકલ કર્યા બાદ એ ગ્રંથ એના માલિકને પાછો સોંપે.

એકવાર એક માણસ પાસેથી આવો એક દુર્લભ ગ્રંથ એમણે મેળવ્યો અને એ ગ્રંથ ડૉ. ઝાકિરહુસેનને બતાવી કહ્યું, ‘‘આની નકલ ન કરી આપો ?’’

પોતે અનેક કામોમાં વ્યસ્ત રહેતા હોવા છતાં ડૉ. ઝાકિરહુસેને સંતને કહ્યું, ‘‘આપને હું આ ગ્રંથની નકલ જરૂર કરી આપીશ.’’

પણ જેના પોતે ઉપકુલપતિ હતા એ જામિયા યુનિવર્સિટીમાં લાઈટ હતી નહિ. એટલે એમણે રાતવેળા એક દીવાના પ્રકાશમાં ગ્રંથની નકલ કરવા માંડી. દિવસના તો એમને બીજાં જરૂરી કામો આડે સમય મળે એ શક્ય હતું નહિ. એટલે રાતે જ ગ્રંથની નકલ એમણે કરવી પડી.

એમના કેટલાક મિત્રોને આ વાતની ખબર પડી, તો તેમણે ડૉ. ઝાકિરહુસેનને કહ્યું, ‘‘રાતના ઉજાગરા વેઠીને આ ગ્રંથની નકલ કરવાનું તમે શા માટે સ્વીકાર્યું ?’’

ડૉ. ઝાકિરહુસેને કહ્યું, ‘‘મને આનાથી ત્રણ લાભ થાય છે : એક તો મને સંતની આ રીતે સેવા કરવાનો લાભ મળે છે; બીજું, મારા અક્ષરો સુધારવાનો પણ લાભ મળે છે; અને ત્રીજો લાભ કે જેને હું મોટામાં મોટો લાભ માનું છું તે એ છે કે, આવો દુર્લભ ગ્રંથ વાંચવાની તક મને મળી રહી છે ! જો નકલ કરવાની જવાબદારી મેં ન લીધી હોત તો આ દુર્લભ ગ્રંથ હું ક્યાંથી વાંચી શકત ?’’

એમની આવી ઉત્કટ જ્ઞાનપિપાસા હતી !

## નિયમ ન તોડ્યો

ગુજરાતના એક સમાજસુધારક !

નામ તેમનું કરસનદાસ મૂળજી !

એક વખત તેઓ મુંબઈમાં સરકારી કેળવણી ખાતા હેઠળ એક શિક્ષક તરીકેની નોકરી કરતા હતા. એવામાં એમની બદલી ડીસા ખાતે થતાં એ ડીસા આવ્યા.

આ પ્રદેશની સૂકી હવા એમને માફક આવી નહિ. પરિણામે એમની તબિયત બગડતી ગઈ. એ સમયે એક મોટા અંગ્રેજ ડૉક્ટર હતા. આ અંગ્રેજ ડૉક્ટર પાસે તેમણે પોતાની તબિયતની તપાસ કરાવી.

ડૉક્ટરે એમનું શરીર તપાસી એમને સલાહ આપતાં કહ્યું, ‘‘તમારે લીવરનો સૂપ લેવો પડશે. આવો સૂપ લેવાથી તમારી તબિયત સુધરી જશે.’’

કરસનદાસ આ સલાહ સાંભળી વિચારમાં પડી ગયા, મનમાં જરા મૂંઝાઈ ઊઠ્યા.

થોડીવાર બાદ સ્વસ્થ બનીને કહ્યું, ‘‘રોગ મટવો હોય તો મટે અને ન મટવો હોય તો ન મટે, પણ લીવરનો સૂપ હું તો કોઈ હિસાબે પણ લેવાનો

નથી. મારો દયાધર્મ હું છોડવા માગતો નથી.''

આ સાંભળી ડૉક્ટર જરા ગુસ્સે થઈને બોલવા લાગ્યા, ''જો મારી સલાહ અનુસાર તમે નહીં વર્તો, તો તમારી સારવાર મારાથી થઈ શકશે નહીં.''

''જેવી તમારી ઈચ્છા ! પણ હા, મને બીમારીનું પ્રમાણપત્ર તો આપશો ને ?'' કરસનદાસે ડૉક્ટરને પૂછ્યું.

ડૉક્ટરે કહ્યું, ''સારવાર વિના મારાથી તમને પ્રમાણપત્ર આપી શકાય નહિ. કાયદાથી એ વિરુદ્ધ છે.'' કરસનદાસને માંદગીનું પ્રમાણપત્ર ડૉક્ટર તરફથી મળ્યું નહિ આથી, એમને નોકરી છોડવાનો વારો આવ્યો.

અફસોસ કરવાને બદલે એમણે પરમ સંતોષનો શ્વાસ ખેંચ્યો કે નોકરી ભલે ગઈ પણ મારો નિયમ તો સચવાયો, એનો તો ભંગ થયો નહિ. આશ્ચર્યની વાત તો એ બની કે, થોડા દિવસમાં વગર સૂપ પીધે એમનો રોગ મટી ગયો !

## દયાભાવ

લખનૌ પાસેના એક શહેરના પાદરે આઠ દિવસથી નંખાયેલો અકબર બાદશાહનો શાહી પડાવ સમેટાઈ રહ્યો હતો.

અકબરશાહ પોતાના તંબૂમાંથી બહાર આવી ઊભા હતા. એવામાં તેમની નજર એ શાહી તંબૂ પરના શાહી ધ્વજ પર પડી અને ધ્વજ બરાબર ફરકતો નથી એવું તેમને લાગ્યું.

તરત જ તેમણે પોતાના એક અનુચરને બોલાવ્યો અને કહ્યું, ''જા, જઈને તપાસ કર કે ધ્વજ બરાબર કેમ ફરકતો નથી.''

અનુચર તપાસ કરવા ગયો અને થોડીવારમાં પાછો અકબરશાહ પાસે આવીને કહેવા લાગ્યો, ''જે કાઠી પર ધ્વજ બાંધવામાં આવ્યો છે તે કાઠી પર એક ચકલીએ માળો બાંધ્યો છે ! માળાની અડચણને કારણે શાહી ધ્વજ બરાબર ફરકતો નથી.''

બાદશાહ આ સાંભળીને વિચારમાં પડી ગયા.

પણ થોડીવારે મનમાં કશોક સંકલ્પ કરી, તંબૂ બાંધનાર માણસને પોતાની પાસે બોલાવ્યો અને કહ્યું, ''હમણાં મારો આ તંબૂ સમેટવાની જરૂર નથી.''

અનુચરે પૂછ્યું, ''હમણાં સુધી તો આપ તંબૂ સમેટી લેવાનું કહેતા હતા અને અત્યારે શા માટે આની મના કરી રહ્યા છો ?''

અકબરશાહે પેલાને કારણ દર્શાવતાં કહેવા માંડ્યું, ''આપણે તો આજે અહીંથી દિલ્હી રવાના થઈશું જ, પણ મારા આ તંબૂ પર ફરકતા ધ્વજની કાઠી પર જે ચકલીએ માળો બાંધ્યો છે તે ચકલી ઈંડાં મૂકે અને ઈંડાંમાંથી થયેલાં બચ્ચાં ઊડતાં શીખે ત્યાં સુધી આ તંબૂ સંકેલી લેવો નહિ.''

બાદશાહના આવા ફરમાન અનુસાર તે તંબૂ સંકેલાયો નહિ, એમનો એમ રહેવા દેવાયો.

## સદ્‌ગુરુ : સંસ્કૃતિનો આધારસ્થંભ

**(પાના નં. ૩૨ પરથી ચાલુ...)**

ગુરુઓ બતાવ્યા છે.

અખો, કબીર, મહાત્મા ગાંધી અને સ્વામી વિવેકાનંદના ગુરુ સંબંધી ચિંતનમાં એક સૂર પ્રગટે છે, ''તું તારો ગુરુ થા !''

સદ્‌ગુરુની શોધ કરવા, ગુરુની પ્રાપ્તિ માટે તું જ સ્વયં તારો ગુરુ થઈને પુરુષાર્થ કર તો જ તને સત્પુરુષની પ્રાપ્તિ થશે.

વ્યાસમુનિ - નારદ, ભીષ્મ - પરશુરામ, આરુણિ - ઉપમન્યુ, ભગવાન મહાવીર - ગણધર ગૌતમ, વશિષ્ઠ - રામ, કૃષ્ણ - સાંદિપનિ, દ્રોણાચાર્ય - એકલવ્ય, રામકૃષ્ણ - વિવેકાનંદ જેવા મહાન ગુરુશિષ્યનું પાવન સ્મરણ કરી સંસ્કૃતિના આધારસ્થંભ સમા સદ્‌ગુરુને વંદન ! ■ ■ ■

# જીવનસૌંદર્ય : દિવાળી પુસ્તિકા

**વિ. સં. ૨૦૭૫**

(૧) કવર સાથે **'જીવનસૌંદર્ય'** ગુજરાતી પુસ્તિકાની પડતર કિંમત એક નંગના રૂા. ૭/- (સાત રૂપિયા પૂરા) રાખેલ છે.
(૨) નામ-સરનામું છાપવા માટે ઓછામાં ઓછો ૫૦૦ પુસ્તિકાઓનો ઓર્ડર હોવો જરૂરી છે. તેનો પ્રિન્ટીંગ ખર્ચ એક નંગના રૂા. ૧/- (અંકે એક પૂરા) ચૂકવવાના રહેશે.
(૩) ઓર્ડરફોર્મ મુજબ પુસ્તિકાની કિંમત તથા પ્રિન્ટિંગ ચાર્જ તેમજ પોસ્ટેજ ખર્ચની રકમ રૂબરૂ અથવા ડ્રાફ્ટ કે મનીઓર્ડર દ્વારા **શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા**ના સરનામે ઓર્ડરફોર્મ સાથે જ મોકલવાની રહેશે. **ઓર્ડરફોર્મ સાથે જેમનું પેમેન્ટ આવશે, તેમના ઓર્ડર જ સ્વીકારવામાં આવશે તેની ખાસ નોંધ લેવી.**
(૪) તા. ૨૦-૧૦-૨૦૧૮ સુધીમાં ઑર્ડરફોર્મ મોકલી આપવા વિનંતી છે. નામ અને સરનામું અંગ્રેજી કે ગુજરાતીમાં જે રીતે છાપવાનું હોય તે પ્રમાણે જ ફોર્મ ભરવું. **સંપર્ક : શ્રી વિજયભાઈ પટેલ : મો. ૯૩૨૭૦૯૦૩૯૩,** ૭૬૯૮૭૫૭૩૧૯

## દિવાળી પુસ્તિકા માટેનું ઓર્ડરફોર્મ

**કેટલા નંગનો ઑર્ડર છે ? ____________ નામ છાપવાનું છે ? ________હા/________ના**

**નામ/એડ્રેસ જે પ્રમાણે છાપવાનું હોય તેની વિગત આ બોક્સમાં બની શકે તો ટાઈપ કરીને આપો.**

**તમારું ઇ-મેલ એડ્રેસ :________________________ ફોન: ____________**

**નીચેના સેવાભાવી મહાનુભાવો પાસેથી દિવાળી પુસ્તિકાઓ પ્રાપ્ત થઈ શકશે.**

## સંપર્કસૂત્રો :

### AHMEDABAD

(૧) **શ્રી મુકેશભાઈ આર. શેઠ**
શેઠ સન્સ : ફોન : (ઓ) ૨૫૩૫૬૬૪૬
(ઘર) ૨૬૪૦૧૨૫૧
મો. ૯૮૨૫૫ ૧૮૮૦૦

(૨) **ડૉ. રાજેશભાઈ સોનેજી,** સોનેજી હૉસ્પિટલ
ફોન : ૨૫૩૨૩૪૫૪, ૯૮૨૪૦ ૪૭૬૨૧

(૩) **શ્રી જયેશભાઈ શાહ,** શાલિભદ્ર સ્ટેશનર્સ
ફોન : ૨૫૬૨૧૪૯૭, ૨૫૬૨૧૭૪૮
મો. ૯૯૦૯૦ ૦૬૦૪૮

(૪) **શ્રી સદ્‌ગુરુપ્રાસાદ** - પુષ્પવીલા, મીઠાખળી.
ફોન : ૨૬૫૬૮૪૨૩
ભૂપતભાઈ : મો. ૯૯૨૪૬૩૫૨૬૧

### MUMBAI

(૧) **શ્રી કાંતિભાઈ કારાણી (રૂપમ ડ્રાયફ્રુટ્સ)**
મોબાઈલ : ૯૦૦૪૦ ૪૪૪૦૫
ફોન : (૦૨૨)૨૮૮૨૯૨૪૯ / ૨૮૮૯૭૩૮૦

(૨) **શ્રી દીનાબેન નગીનભાઈ પંચમિયા**
વિનોદ ટી સેન્ટર, મો.૦-૯૨૨૨૦૭૭૬૩૯
ફોન : (૦૨૨) ૨૫૦૧૧૮૯૭
મો. ૦-૯૨૨૪૪૧૨૪૧૨

(૩) **શ્રી પુનિતભાઈ એસ. મહેતા**
C/o. મહેતા બ્રધર્સ એન્ડ કંપની
ફોન : (૦૨૨) ૨૨૬૭૪૯૪૦
મો. ૦-૯૮૨૦૪ ૦૦૨૬૭

(૪) **શ્રી નીતિનભાઈ પારેખ**
ફોન : (૦૨૨) ૨૪૦૭૬૨૦૦
મો. ૦-૯૮૨૦૩ ૨૯૨૭૭

**BANGLORE**

**શ્રી જયેશભાઈ જૈન** (સુજય એન્ટરપ્રાઈઝ)
ફોન : (૦૮૦) ૨૨૮૭૨૯૮૯,
મો. ૦-૯૩૪૧૦૪૧૮૪૭
૦-૯૯૪૫૮ ૨૨૮૫૬, ૦-૯૯૮૦૭ ૨૪૬૧૯

**CHENNAI**

**શ્રી નવનીતભાઈ પી. શાહ**
ફોન : (૦૪૪) ૨૮૩૪૦૭૩૦
મો. ૦-૯૮૪૦૯ ૮૫૦૯૮

**HIMATNAGAR**

**શ્રી જયંતીભાઈ કે. શાહ**
ફોન : (૦૨૭૭૨) ૨૩૪૬૪૮, મો. ૯૩૭૭૪ ૬૭૯૫૬

**KOLKATA**

**શ્રી અશ્વિનભાઈ ભાનુભાઈ દેસાઈ**
૩૫-૧, જવાહરલાલ નહેરુ રોડ,
કૈલાસ બિલ્ડીંગ, ફ્લેટ નં. ૧૧એ, કોલકાતા.
મો. ૦-૯૩૩૧૦ ૮૫૮૪૯/૪૭

**LAXMIPURA**

**શ્રી લાલજીભાઈ પટેલ** - ફોન : (૦૨૭૭૫) ૨૪૧૩૭૪
મો. ૯૯૨૪૭૪૨૨૭૫, ૭૬૯૮૨૮૪૭૪૫

**LIMBDI**

**શ્રી ડૉ. હેમંતભાઈ ડગલી**
ફોન : (૦૨૭૫૩) ૨૬૦૨૯૮૦
મો. ૯૩૭૬૬૫૫૭૦૧, ૯૩૭૬૬૫૫૫૦૨

**PUNE**

**શ્રી શૈલેષભાઈ પ્રતાપભાઈ મહેતા**
ફોન : (૦૨૦) ૨૪૪૫૪૪૬૪, ૦-૯૭૬૩૭૨૮૨૮૯

**RAJKOT**

**શ્રી નરેન્દ્રભાઈ વૃજલાલ શાહ**
ફ્લેટ નં. ૨, કૃતિ ગોલ્ડ એપાર્ટમેન્ટ,
૪, બાલમુકુંદ પ્લોટ, નિરમલા કોન્વેન્ટ રોડ,
રાજકોટ. ફોન : (૦૨૮૧) ૨૫૮૫૧૯૦
મો. ૯૪૨૭૨ ૫૪૫૫૯

**RAKHIYAL**

**શ્રી રામજીભાઈ પટેલ** (લોકનાદ શિક્ષણ સંકુલ)
ફોન : (૦૨૭૧૬) ૨૬૭૬૩૩, ૯૮૨૫૪૮૪૭૯૫

**SURENDRANAGAR**

**શ્રી અપૂર્વભાઈ સુરેશભાઈ શેઠ**
વર્ધમાન મૂળજી એન્ડ સન્સ
ફોન : (૦૨૭૫૨) ૨૩૨૩૦૬, ૨૮૫૧૭૮
મો. ૯૮૨૫૩ ૫૫૯૨૧, ૯૪૨૬૭ ૫૫૧૬૬

**VADODARA**

**શ્રીમતી શિલ્પાબેન પુલકિતભાઈ મહેતા**
C/o. ભારત ઉદ્યોગ હાટ
ફોન : (૦૨૬૫) ૨૪૨૬૭૯૭,
(ઘર) ૨૪૮૧૭૩૮, મો. ૯૩૭૬૨ ૧૬૨૬૬

## OVERSEAS

**U. K. (0044)**

1. Mrs. Shrutiben Malde - Ph. 208-668-3057
2. Mr. Vinaybhai K. Shah
   Ph. 208-951-5424, 740-711-9456
3. Mr. Harshadbhai Sanghrajka
   Ph. 208-954-9632, 192-324-9898
   M. 0044-796-972-2109

**U.S.A. (001)**

4. Mr. Prafulbhai Lakhani
   Ph. 631-423-9647, (O) 516-679-1200
   M. 516-901-9368
5. Mr. Mahedrabhai Khandhar
   Ph. 714-894-2930, 714-376-5112
6. Mr. Birenbhai Pravinbhai Mehta
   Ph. 714-389-3672

**KENYA**

7. Mr. Manubhai S. Shah, Ph. 254-2375-1679

**CANADA (Toronto)**

8. Mr. Jyotindrabhai Soneji, Ph. 905-669-5318

# સમાજ-સંસ્થા દર્શન

## સંસ્થાના આગામી કાર્યક્રમોની રૂપરેખા

| તારીખ | તિથિ | વાર | વિગત |
|---|---|---|---|
| ૨૭-૭-૨૦૧૮થી ૨૯-૭-૨૦૧૮ | અષાઢ સુદ પૂનમ | શુક્રવારથી રવિવાર | ગુરુપૂર્ણિમા શિબિર |
| ૬-૯-૨૦૧૮થી ૧૩-૯-૨૦૧૮ | શ્રાવણ વદ - ૧૧થી ભાદરવા સુદ - ૮ | ગુરુવાર થી ગુરુવાર | શ્રી પર્યુષણ મહાપર્વ |
| ૧૪-૯-૨૦૧૮થી ૨૩-૯-૨૦૧૮ | ભાદરવા સુદ-પાંચમથી ભાદરવા સુદ ચૌદશ | શુક્રવારથી રવિવાર | શ્રી દશલક્ષણ પર્વ |

## સંસ્થામાં ગુરુપૂર્ણિમાની ત્રિદિવસીય શિબિર (જુલાઈ ૨૭, ૨૮, ૨૯) દરમિયાન વિશિષ્ટ કાર્યક્રમોનું આયોજન

સંસ્થામાં તા. ૨૭-૭-૨૦૧૮ થી તા. ૨૯-૭-૨૦૧૮ (શુક્રવાર થી રવિવાર) દરમિયાન ગુરુપૂર્ણિમા નિમિત્તે ત્રિદિવસીય શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે; જેમાં બા. બ્ર. પૂજ્યશ્રી ગોકુળભાઈની સ્વાધ્યાયશ્રેણી, પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈના સ્વાધ્યાય ઉપરાંત સત્સંગ, જિનપૂજા, ભક્તિસંગીત વગેરે વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો યોજાશે. આ ઉપરાંત નીચે જણાવ્યા પ્રમાણે કેટલાક **વિશિષ્ટ કાર્યક્રમોનું આયોજન જુલાઈ ૨૬ થી જુલાઈ ૩૧ દરમિયાન થશે;** જેની નોંધ લેવા વિનંતી છે.

૧. નૂતન સાધકકુટિરનું ઉદ્‌ઘાટન
૨. નવનિર્મિત ગુરુકુળનું ઉદ્‌ઘાટન
૩. આદ. બા. બ્ર. શ્રી સુરેશજી દ્વારા લિખિત ‘પંથ પરમપદ’ પુસ્તકનું વિમોચન
૪. આદ. શ્રી પ્રકાશભાઈ હેમેન્દ્રભાઈ શાહની નૂતન સાધનાકુટિરમાં ભગવાનની અને પરમકૃપાળુદેવની પ્રતિષ્ઠા
૫. થાઈરોઈડ કેમ્પ (તા. ૨૯-૭-૨૦૧૮)

નૂતન સાધકકુટિર અને ગુરુકુળ માટે જે દાતાઓનું વિશિષ્ટ યોગદાન રહ્યું છે તે સર્વેને સંસ્થા સાભાર ધન્યવાદ પાઠવે છે અને ઉપરોક્ત કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેવા નિમંત્રણ પાઠવે છે. શિબિરમાં પધારવા સૌને ભાવભર્યું નિમંત્રણ છે. આપના આગમનની અગાઉથી સંસ્થામાં જાણ કરવા વિનંતી છે.

## સંસ્થામાં શ્રી પર્યુષણ મહાપર્વની આરાધના પ્રસંગે પધારવા હાર્દિક નિમંત્રણ

સંસ્થામાં પૂજ્યશ્રી આત્માનંદજીની પાવન નિશ્રામાં તા. ૬-૯-૨૦૧૮ થી તા. ૧૩-૯-૨૦૧૮ દરમિયાન શ્રી પર્યુષણ પર્વની આરાધના થશે. આ પ્રસંગે આદ. પં.શ્રી સુમતપ્રકાશજીની સ્વાધ્યાયશ્રેણીનું

આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત આદ.બા.બ્ર. સુરેશજીના સ્વાધ્યાય, જિનપૂજા, ભક્તિસંગીત આદિ વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો યોજાશે. કાર્યક્રમમાં સહભાગી થવા સૌને નિમંત્રણ છે. આપના આગમનની અગાઉથી સંસ્થામાં જાણ કરવા વિનંતી છે.

## સંસ્થા સંચાલિત ગુરુકુળમાં 'આર્ટ ઓફ લીવીંગ' અંતર્ગત શિબિર સાનંદ સંપન્ન

સંસ્થા સંચાલિત 'વિદ્યા-ભક્તિ-આનંદધામ' ગુરુકુળના વિદ્યાર્થીઓ માટે 'આર્ટ ઑફ લીવીંગ' અંતર્ગત શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

તા. ૧૬-૧૭, જૂન બે દિવસ શ્રી ટ્રિંવકલભાઈ શાહે શિબિરનું સફળ સંચાલન કર્યું હતું. શ્રી ટ્રિંવકલભાઈ છેલ્લા ૧૦ વર્ષોથી 'આર્ટ ઑફ લીવીંગ'ના શિક્ષક તરીકે સેવાઓ આપી રહ્યા છે. અમદાવાદ શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં તેઓ શિબિરો યોજે છે. શિબિર દરમિયાન તેઓશ્રીએ વિદ્યાર્થીઓને સૂર્યનમસ્કાર, પ્રાણાયામ, ધ્યાન અને સુદર્શનક્રિયા કરાવી. આ ઉપરાંત તેઓશ્રીએ વિદ્યાર્થીઓને તકલીફો અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું. તેઓશ્રીએ વિદ્યાર્થીઓને સમજાવ્યું કે મનને મક્કમ રાખવું, વડીલો ઠપકો આપે તો દુઃખી ન થવું, મન લગાવીને કામ કરવું. સુદર્શનક્રિયા સ્થિરતા અને એકાગ્રતા વધારે છે. શ્રી ટ્રિંવકલભાઈએ જીવનમાં આવતા પ્રશ્નો પ્રત્યે કેવો દૃષ્ટિકોણ રાખવો તે અંગે માર્ગદર્શન આપ્યું.

૨૩ જૂન થી ૨૫ જૂન દરમિયાન શ્રી રોશનીબેને ઉપરોક્ત શિબિરનું સફળ સંચાલન કર્યું હતું. શ્રી રોશનીબેન સને ૨૦૦૧ થી 'આર્ટ ઑફ લીવીંગ'ના શિક્ષિકા તરીકે કાર્યરત છે. તેઓશ્રી આપણી સંસ્થાના ટ્રસ્ટી આદ. શ્રી પ્રકાશભાઈ શાહના પુત્રવધૂ છે અને છેલ્લાં કેટલાંક વર્ષોથી નિયમિતપણે સંસ્થાના ગુરુકુળમાં શિબિરનું સંચાલન કરે છે. તેઓશ્રીએ બાળકોને વિવિધ રમતો રમાડીને 'ગમ્મત સાથે જ્ઞાન'ની શૈલી અંતર્ગત પ્રશ્નોત્તરીરૂપ સંવાદ બાળકો સાથે કર્યો હતો. તેઓશ્રીએ બાળકોને પ્રાણાયામ અને ધ્યાન કરાવ્યા તેમજ તેનાથી થતા ફાયદા સમજાવ્યા. આ ઉપરાંત તેઓશ્રીએ સારી આદતો કેળવવી, સારી મિત્રતા વધારવી, શાકાહાર તરફ વળવું, ખાવાપીવાની બાબતોમાં ધ્યાન રાખવું, કોલ્ડ્રીંક્સથી તંદુરસ્તીને નુકસાન વગેરે બાબતો અંગે ચર્ચા કરી હતી.

## વાંસડોલ (તા. ઈડર) મુકામે સત્સંગ સમારોહ સંપન્ન

વાંસડોલ (તા. ઈડર, જિ. સાબરકાંઠા) મુકામે તા. ૧-૭-૨૦૧૮ના રોજ શ્રીમદ્ લાલજીબાપાના વચનામૃતના સ્મરણાર્થે સત્સંગ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર સત્સંગ સમારોહના આયોજનકર્તા શ્રી પ્રભુદાસભાઈ મોતીભાઈ વણકર પરિવાર હતા. આપણી સંસ્થામાંથી આદ.બા.બ્ર. શ્રી સુરેશજી સ્વાધ્યાય અર્થે વાંસડોલ પધાર્યા હતા. તેઓશ્રીએ 'પ્રભુનું નામ રસાયણ સેવે...' પદના આધારે



સરળ છતાં સચોટ ભાષામાં, દૃષ્ટાંતસભર મનનીય સ્વાધ્યાય આપ્યો હતો. આદ.શ્રી કપિલભાઈએ ભક્તિપદ પ્રસ્તુત કર્યા હતા. લગભગ બે હજાર લોકો આ સત્સંગ સમારોહમાં જોડાયા હતા.

બા.બ્ર.આદ. શ્રી સુરેશજી વગેરેનો સાંજનો અલ્પાહાર આદ.શ્રી કિરણભાઈ (ઇડર)ના નિવાસસ્થાને રાખવામાં આવેલ.

## પૂ. ભાઈશ્રી નલીનભાઈ કોઠારીના અમૃતોત્સવ નિમિત્તે અમદાવાદમાં વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમોનું આયોજન

પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજીના પરમ ભક્ત, વચનામૃતજીના ઊંડા અભ્યાસી અને પ્રભાવક પૂ. ભાઈશ્રી નલીનભાઈ કોઠારીના મંગલમય ૭૫ વર્ષ - અમૃત મહોત્સવ નિમિત્તે શ્રી રાજસોભાગ સત્સંગ મંડળ, સાયલા દ્વારા તા. ૨૮-૭-૨૦૧૮ના શનિવારની સાંજે ૭-૪૫ કલાકે પં. દીનદયાળ ઉપાધ્યાય ઓડિટોરિયમ, રાજપથ ક્લબની પાછળ, અમદાવાદ મુકામે વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈનું પ્રાસંગિક ઉદ્‌બોધન, નૃત્ય (સદ્‌ગુરુપૂજન), પૂ. ભાઈશ્રીના જીવનદર્શનને અભિવ્યક્ત કરતી 'નિરંજન પ્રગટ સત્‌ના પ્રેમમાં' ફિલ્મ, આધ્યાત્મિક નાટક 'તેજોવલય' વગેરે કાર્યક્રમો યોજાશે. સૌને પધારવા ભાવભર્યું નિમંત્રણ છે. (સંપર્કસૂત્ર : શ્રી ભરતભાઈ મહેતા - મો. ૯૩૨૭૦ ૦૬૧૦૭)

## અમદાવાદમાં ડૉ. અજયભાઈના નિવાસસ્થાને ભક્તિ-સત્સંગનો કાર્યક્રમ સાનંદ-સંપન્ન

આદરણીય સ્વ. મુમુક્ષુ શ્રી ભોગીભાઈ શિવલાલ શાહ (સાયકલવાળા)ના સુપુત્ર ડૉ. અજયભાઈના નવા નિવાસસ્થાને પૂજ્યશ્રીના વિશ્રામ સાથે ભક્તિનો પ્રસંગ સાનંદ સંપન્ન થયો.

ડૉ. અજયભાઈ પરિવારના ભાવભર્યા આમંત્રણથી પૂજ્યશ્રી એક દિવસ વિશ્રામ માટે 'શિવાલિક વીલા' તા. ૧૭-૬-૨૦૧૮ના રોજ પધાર્યા હતા. સાથે પૂજ્ય બહેનશ્રી તથા મુમુક્ષુ ભાઈ-બહેનો જોડાયા હતા. શ્રી ભોગીભાઈ બૃહદ્ પરિવારના ચાલીસેક જેટલા નાના-મોટા સભ્યો સેવા-સુશ્રૂષા તથા ભક્તિનો લાભ લેવા આવી ગયા હતા. સૌએ ભક્તિભર્યા માહોલમાં ભાવભીનું સ્વાગત કર્યું અને સુંદર ભાવવાહી ભક્તિ કરી.

યોગાનુયોગ તે જ દિવસે બપોરે ભગવાનની મૂર્તિઓ જયપુરથી આવી ગઈ. તેથી સૌને સુંદર પ્રતિમાજીના દર્શનનો લાભ મળ્યો. તે દિવસે Father's Day હતો. એટલે આદ. ભોગીભાઈ - સુશીલાબેનના ચિત્રપટને ચાંદલો કરી સૌએ વંદન કર્યા. સાંજે અલ્પાહાર પછી દેવવંદન તથા આરતી કરીને ભાવભીની વિદાય લઈ કોબા પરત આવી ગયા હતા.

આ પ્રસંગે ડૉ. અજયભાઈ પરિવારે દિવ્યધ્વનિ સહયોગ માટે રૂા. ૨૧૦૦૦/-નું દાન આપ્યું હતું. તેનો સંસ્થા સહર્ષ સ્વીકાર કરી ધન્યવાદ આપે છે. આવા સુંદર આયોજન માટે શ્રી અજયભાઈ, બહેન રીટાબેન તથા સમગ્ર પરિવારને ખૂબ ખૂબ ધન્યવાદ. પૂજ્યશ્રીએ શુભાશીર્વાદ સહ સૌને સત્સંગ - ભક્તિ - સેવામાં વિશેષ રુચિ લેવા પ્રેરણા આપી છે.

વિશેષમાં શ્રી ભોગીભાઈ 'સાયકલવાળા' બૃહદ્ પરિવાર એક આદર્શ પરિવાર કહી શકાય. ભોગીભાઈના વચલા ભાઈ સ્વ. શ્રી સુબોધભાઈ પણ છેલ્લા થોડા વર્ષો કોબામાં સમર્પિત થઈ સેવા-સાધના

કરતા હતા. ભાઈશ્રી ચંદ્રકાન્તભાઈએ તો સંસ્થામાં રહીને જીવન જ સાધનામય બનાવી દીધું છે. ડૉ. અજયભાઈના મોટા બહેન શ્રી સુવર્ણાબેન જયેશભાઈ જૈને કોબા આશ્રમમાં સાધનાકુટિર બનાવી છે અને બેંગ્લોરથી પ્રસંગોપાત પધારીને સેવા-સાધના કરે છે. પરિવારના વડીલ બહેનો તથા નાના-મોટા બાળકો યથાશક્તિ સંસ્થામાં ભક્તિ-ભાવથી સેવા-સાધના કરી રહ્યા છે. આવા સદ્‌ગુણસંપન્ન બૃહદ્ પરિવારનું સંસ્થા અભિવાદન કરે છે.

## મુમુક્ષુ બહેનશ્રી ઇન્દુબેન કામદારના નિવાસસ્થાને સત્સંગ-ભક્તિનો કાર્યક્રમ સંપન્ન

આપણી સંસ્થા સાથે વર્ષોથી જોડાયેલા સાધક બહેનશ્રી ઈન્દુબેન કામદાર સમગ્ર પરિવારના આમંત્રણથી તા. ૨૩-૬-૨૦૧૮ના રોજ પૂજ્યશ્રી આત્માનંદજી સાથે થોડા મુમુક્ષુ ભાઈ-બહેનો તેમના નિવાસસ્થાને પધાર્યા હતા. સ્વાગત-ભક્તિ કર્યા બાદ સૌએ અલ્પાહાર લીધો હતો. ત્યારબાદ ભાવવાહી ભક્તિ કરવામાં આવી. સમગ્ર પરિવારના ભાવ ખૂબ ઉલ્લસિત હતા.

## સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા દાનવીર મહાનુભાવો

સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા નીચેના દાનવીર મહાનુભાવોને સંસ્થા સાભાર ધન્યવાદ પાઠવે છે :

| | | | |
|---|---|---|---|
| **છાશકેન્દ્ર :** | ૧. | શ્રી જ્યોત્સનાબેન મોદી, રાજકોટ (સાધારણ ખાતુ તથા છાશકેન્દ્ર) | રૂા. ૧૧,૫૦૦/- |
| | ૨. | શ્રી રમેશભાઈ બાટવિયા, બેંગ્લોર | રૂા. ૧૦,૦૦૦/- |
| | ૩. | શ્રી ઈન્દુબેન મહેન્દ્રભાઈ મહેતા, અમદાવાદ | રૂા. ૧૦,૦૦૦/- |
| **'ભાવપૂજા' કેસેટ :** | ૧. | શ્રી મીનાબેન તુરખિયા, ચેન્નાઇ | રૂા. ૧૦,૦૦૦/- |
| **ભોજનશાળા :** | ૧. | ડૉ. રાગિણીબેન શાહ, બાંસવાડા, રાજસ્થાન | રૂા. ૧૧,૦૦૦/- |
| **શાંતિ વિધાન પૂજા :** | ૧. | શ્રી પંકજભાઈ શાહ, મુંબઈ | રૂા. ૧૧,૦૦૦/- |
| **પુસ્તક પ્રકાશન :** | ૧. | શ્રી મીનાબેન તુરખિયા, ચેન્નાઇ | રૂા. ૧૧,૦૦૦/- |

## ૯૧ વર્ષના બુઝુર્ગ યુવાનનો ભારતભરમાં સાયકલ પ્રવાસ

આદ.શ્રી મનસુખભાઈ પંચાલ ભારતભરમાં સાયકલ પર પ્રવાસ દ્વારા ધ્યાન અને મૌનનો પ્રચાર કરતાં આપણી સંસ્થામાં પધાર્યા હતા. ૯૧ વર્ષની જૈફ વયે તેઓશ્રીએ ૧ કિમીમાં ૪૬૦ પેંડલ મારીને ભારતભરમાં પાંચ વખત પ્રવાસ કર્યો છે. પ્રવાસ દરમિયાન તેઓશ્રીએ ૫૫,૦૦૦ સ્કૂલોમાં પ્રવચન આપ્યા છે અને ૬૦,૦૦૦ જેટલાં મંદિરો, આશ્રમો, નિવૃત્તિકેન્દ્રો, આધ્યાત્મિક સાધના કેન્દ્રો, ધાર્મિક ટ્રસ્ટો વગેરેની મુલાકાત લીધેલ છે. પૂજ્યશ્રી આત્માનંદજીના આશીર્વાદ પ્રાપ્ત કરીને તેઓએ પોતાનો પ્રવાસ ચાલુ કર્યો હતો. તેઓને જે દાનની રકમ મળે છે તેમાંથી ૫૦% પોતાના ખર્ચ માટે અને બાકીનાનું દાન કરે છે.

લાયન ક્લબ ઑફ સૌરાષ્ટ્ર, રાજકોટ બ્રાન્ચ તરફથી તેઓને જે સાયકલની ભેટ મળી તેના પર સવાર થઈ તેઓ કોબા આશ્રમમાં પધાર્યા હતા. વાતચીત દરમિયાન તેઓશ્રીએ પોતાના જીવનનું ધ્યેય મોક્ષની પ્રાપ્તિ છે તેમ જણાવ્યું હતું. સમગ્ર કોબા પરિવાર શ્રી મનસુખભાઈની ઉદાત્ત ભાવનાની અનુમોદના કરે છે.

# અહો રાજચંદ્ર !

- પૂર્ણિમાબેન શાહ

ચંદ્રની ચાંદનીમાં, સૂર્યનો પ્રકાશ થયો,
અજ્ઞાન અંધકારમાં, જ્ઞાનનો ઉજાસ થયો;
બાલ્યવયમાં જ્ઞાનવૃદ્ધનો આભાસ થયો,
અહો રાજચંદ્ર ! દુ:ષમકાળે તમારો નિવાસ થયો !

વૈશ્યવેષમાં ઉદાસીનતાનો વાસ થયો,
હીરા-મોતીમાં અધ્યાત્મનો પ્રતિભાસ થયો;
વિપુલ ધનરાશિમાં, આત્મા અતિ ઉદાસ થયો,
અહો રાજચંદ્ર ! સુખમાં પણ સુખાભાસ થયો !

સંસારના યોગમાં વૈરાગ્યનો જોગ થયો,
સર્વસંગ પરિત્યાગની ઈચ્છાનો નિરોધ થયો;
તરણતારણને અલ્પ આયુષ્યનો ભોગ થયો,
અહો રાજચંદ્ર ! કેવો જોગસંજોગ થયો !

બાહ્ય ઉપાધિમાં સમાધિનો સંયોગ થયો,
પ્રવૃત્તિમાં સંસાર નિવૃત્તિનો બોધ થયો;
વીતરાગીને સત્સંગનો અતિશય લોભ થયો,
અહો રાજચંદ્ર ! લોભને પણ ઘણો ક્ષોભ થયો !

વિકરાળ કળિકાળમાં, સત્યુગનો વાસ થયો,
જૂઠ અને પાખંડ વચ્ચે, સત્‌નો નિવાસ થયો;
અન્યાય અને આતંક વચ્ચે સત્‌નો સહવાસ થયો,
અહો રાજચંદ્ર ! અંધકારમાં વીજળીનો પ્રકાશ થયો !

મોહમયીમાં અમોહસ્વરૂપનો નિવાસ થયો,
પરમપુરુષ મુમુક્ષુઓનો દાસાનુદાસ થયો;
પુરુષસિંહમાં પરમ કારુણ્યનો વાસ થયો,
અહો રાજચંદ્ર ! કેવો વિરોધાભાસ થયો !

દુર્બળ દેહમાં પરમ બુદ્ધિનો આવિષ્કાર થયો,
અલ્પઆયુષ્યમાં ઉત્કૃષ્ટયોગનો સંચાર થયો;
સંસારીને આત્મસ્વરૂપનો અજબ નિર્ધાર થયો,
અહો રાજચંદ્ર ! અદ્‌ભુત જ્ઞાનાવતાર થયો !

અહિંસકના હાથે કષાયો ઉપર વાર થયો,
અનાદિકાળના કર્મોનો અજબ સંહાર થયો;
અતિકૃશ દેહનો પણ વસુંધરાને ભાર થયો,
અહો રાજચંદ્ર ! સફળ તમારો અવતાર થયો !
અહો રાજચંદ્ર ! સફળ તમારો અવતાર થયો !

**Registered under RNI No. : GUJGUJ/2008/25883**
Permitted to post at Ahmedabad PSO on 15th of every month under Postal Regd. No. : GAMC - 309/2018-2020
issued by SSP Ahmedabad valid upto 31-12-2020 - Publication Date 15th of every month



સંસ્થા સંચાલિત
ગુરુકુળમાં
'આર્ટ ઓફ લીવીંગ'
અંતર્ગત શિબિરનું
સંચાલન કરતાં
શ્રી ટ્વિંકલભાઈ તથા
શ્રી રોશનીબેન



**આ અંકના વિશિષ્ટ સહયોગી દાતા**

❶ 'દિવ્યધ્વનિ' જુલાઈ - ૨૦૧૮ના અંક માટે રૂા. ૨૧,૦૦૦/-નો આર્થિક સહયોગ
**શ્રીમતી હંસાબેન મચ્છર પરિવાર (બોપલ, અમદાવાદ)**
તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

❷ 'દિવ્યધ્વનિ' જુલાઈ - ૨૦૧૮ના અંક માટે રૂા. ૨૧,૦૦૦/-નો આર્થિક સહયોગ
**શ્રી જયેશ-આષિત હસમુખરાય થેલાણી પરિવાર**
(નિમિત્ત : બહેનશ્રી સ્વ. વિભા સમીર શાહના સ્મરણાર્થે - અરિહંત શરણ તા. ૬-૪-૨૦૧૮)
તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

To,

**Printed & Published by** Smt. Dr. Sharmisthaben M. Soneji on Behalf of
**Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra** - Koba - 382 007. Dist. Gandhinagar (Gujarat).
Printed at Bhagwati Offset, 16/C, Bansidhar Estate, Bardolpura, Ahmedabad - 380 004. Editor : Shri Mitesh A. Shah